


અપ્સરા • ભુવનેશ્વરના રાજરાણી મંદિરનું બારમી સદીનું એક શોભનશિલ્પ

કુમાર

તંત્રી
ધીરુ પરીખ
સંપાદક
બિહારીલાલ ટાંક

પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક · વર્ષ સડસઠમું · એપ્રિલ '૯૪ · સળંગ અંક ૭૯૫

સંસ્થાપક • સ્વ. રવિશંકર મ. રાવળ



ધામ • કલાકાર વિનોદ શાહનું એક રંગમધુર ચિત્રસંયોજન

વિજ્ઞપ્તિ

• ગ્રાહકોએ પોતાનું લવાજમ 'કુમાર કાર્યાલય લિમિટેડ'ના નામે મનીઓર્ડર અથવા ડ્રાફટથી મોકલવું. બહારગામની બૅંક પરના ચેકથી મોકલાતા લવાજમમાં બૅંક કમિશનના રૂ. ૧૩-૦૦ ઉમેરવા, અન્યથા બૅંક કમિશનની રકમ કાપીને એટલા અંકો ઓછા મોકલાશે. • ગ્રાહકે પોતાનું નામ-સરનામું પૂરું તથા સ્પષ્ટ છૂટા અક્ષરે લખવું. રબર સ્ટેમ્પ વાંચી શકાય તો જ વાપરવો. • 'કુમાર'નું વાર્ષિક લવાજમ રૂ. ૧૦૦-૦૦, પરદેશમાં હવાઈ માર્ગે રૂ. ૪૦૦ તથા આજીવન રૂ. ૯૦૦-૦૦ છે. • 'કુમાર' દર માસની ૧૫મી તારીખે પ્રકટ થાય છે. ત્યાર પછી ૧૫ દિવસ સુધીમાં તે ન મળે તો પ્રથમ પોતાના વિભાગની પોસ્ટ ઑફિસમાં તપાસ કર્યા બાદ જ કાર્યાલયને જાણ કરવી. અંક સિલકમાં હોય ત્યાં સુધી તો બીજી નકલ મોકલવાય છે, પણ ગુમ થએલા અંકો ભરપાઈ કરી આપવાનું અમારે માટે બંધનકર્તા નથી. ટપાલમાં ગુમ થયેલો આવો અંક ફરી મગાવનાર ગ્રાહકે ટપાલ ખર્ચના રૂ. ૨.૦૦ની ટિકિટ બીડવી જરૂરી છે. • લેખકોએ પોતાની કૃતિ કાગળની એક જ બાજુએ હાંસિયો રાખીને છૂટા અને સ્પષ્ટ સુવાચ્ય અક્ષરે લખી મોકલવી. અન્ય ભાષાના શબ્દોનો ઉપયોગ કર્યો હોય તો તે મૂળ ભાષામાં હાંસિયામાં કે કૌંસમાં દર્શાવવા. • કૃતિની સાથે જવાબી ટપાલખર્ચ બીડવું નહિ. સ્વીકૃત રચનાનો નિર્ણય એકાદ માસમાં જણાવવામાં આવશે, અન્યથા કૃતિ અસ્વીકૃત ગણવી. • ગ્રાહકે પત્રવ્યવહારમાં પોતાનો ગ્રાહક નંબર જણાવવાનો આગ્રહ રાખવો. 'કુમાર'ની કોથળી પર તે દર્શાવવામાં આવ્યો હોય છે. • સરનામામાં ફેરફાર કે એવી અન્ય કંઈ સૂચના જે માસની આખર સુધીમાં મળશે તેનો અમલ તે પછીના માસના અંકથી શક્ય બનશે. આવી સૂચના મળ્યા પહેલાં રવાના થઈ ચૂકેલો અંક ફરી મોકલવો શક્ય નથી. • ગુમ થયેલા અંકો અંગે જો અમને એકાદ માસમાં ફરિયાદ મળશે તો જ તેનો નિકાલ થઈ શકશે. પરંતુ એથી જૂના અંકો ભરપાઈ કરી આપવાનું અમારે માટે અશક્ય છે.

તમામ પત્રવ્યવહારનું સરનામું
'કુમાર કાર્યાલય લિમિ.', ૧૪૫૪, રાયપુર, અમદાવાદ-૧

કુમાર સળંગ અંક ૭૯૫

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી પ્રકાશક : ધીરુ પરીખ.
ડિરેક્ટરો : હીરાલાલ ભગવતી (ચેરમેન), બિહારીલાલ પો. શાહ, ભાલચંદ્ર ર. શાહ.
પ્રકાશનસ્થાન : કુમાર કાર્યાલય લિમિટેડ, ૧૪૫૪, રાયપુર, અમદાવાદ ૩૮૦૦ ૦૦૧ (ફોન નં. ૩૪૩૭૪૫).
પ્રિન્ટર્સ–કમ્પ્યૂટર ટાઈપ સેટિંગ : હરેશ પટેલ, પ્રિન્ટોગ્રાફ, ૩૩૪, સર્વોદય કોમર્શિયલ સેન્ટર, સલાપસ રોડ, અમદાવાદ-૧
વાર્ષિક લવાજમ રૂ. ૧૦૦, પરદેશમાં હવાઈ માર્ગે રૂ. ૪૦૦; આજીવન રૂ. ૯૦૦; છૂટક નકલ રૂ. ૧૦-૦૦ + ટ.ખ. રૂ. ૨.૦૦

હોળી મહિનાની વિજોગણ

આગળ મોર્યા મોગરા ને પછવાડે લલગોટ,
સવળા વાતા વાયરા, એની અવળી વાગે ચોટ !
ભુલકણા એ શું નહિ તુજ ભૂલ ?
ભુલકણા એ શું નહિ તુજ ભૂલ ?

ખીલ્યાં કેસૂ ખાખરે, એની વગડે વગડે આગ,
ફૂલડે ફૂલડે ફરી વળે મારું મન જાણે મધમાખ !
ભુલકણા એ શું નહિ તુજ ભૂલ ?
ભુલકણા એ શું નહિ તુજ ભૂલ ?

હોળીમહિનો હુલામણો, ઘેર નારી બાળે વેશ,
હું પૂછું નિર્દે નાવલા ! તને કેમ ગમે પરદેશ ?
ભુલકણા એ શું નહિ તુજ ભૂલ ?
ભુલકણા એ શું નહિ તુજ ભૂલ ?

રાતે વસમી ચાંદની ને દા'ડે વસમી લૂ !
વસમી વિરહની શારડી, મન વિચાર કરજે તું.
ભુલકણા એ શું નહિ તુજ ભૂલ ?
ભુલકણા એ શું નહિ તુજ ભૂલ ?

બાલમુકુન્દ દવે

કલમ / જગદીશ ત્રિવેદી

(પરંપરિત હરિગીત)

વ્હેલી પરોઢે
આજ વરસે વ્યોમ અનરાધાર
કેવાં શબ્દમોતી - બિંદુઓ.

અંધાર હજી તો ઓસર્યો નો'તો પૂરો,
ત્યાં શબ્દમોતી વ્યોમથી ઝરતાં બધાં તે ઝીલવા-
ઝાંખે દીવે ફંફોસું મારી ઓરડી -
- રે કયાં કલમ ખોવાઈ ગઈ ?
એમ તો ઘરમાં હજી બીજી ઘણીયે લેખિની -
જે હાથને એક્કેય પણ ના ફાવતી !
નો'તી બજારુ એ કલમ કંઈ !-
ને કથા તો કંઈક આવી - સત્ય છે :
કોઈ પ્હોંચી ના શકે એવા વિકટ વનમધ્ય
ચંદનવૃક્ષથી વીંટળાયેલો
મઘમઘ થતો કોઈ ઋષિનો આશ્રમ -
ડાળી સુખડના વૃક્ષની કાપી અને
ઋષિબાલકે -
કેવી ઘડી દીધી હતી કોમલ કલમ !

- વ્હેલી પરોઢે
આજ ફંફોસું બધો ઘરવાખરો આછે ઉજાસે -
હાથ ના ચડતી કલમ -
ને -
વ્યોમ વરસે આજ અનરાધાર
કેવાં શબ્દમોતી-બિંદુઓ !

ના માઉં / જગદીશ વ્યાસ

(ગાન)

સાંકડો થઈ માંઉં તો છું પણ આમ હું કદી આટલામાં ના માઉં
અસલી મારું રૂપ એવું કે ધરતીના આ માટલામાં ના માઉં.

હાથ અને પગ સાવ નોધારા લટક્યા કરે સાવ નોધારું શીશ
ધાવણું બાળક માય, મને તો સાંકડા પડે ઊપણાં અને ઈસ
ચાર દિશાના ચાર પાયા હો એવડા નાના ખાટલામાં ના માઉં.

નીતર્યાં નર્યાં નીરમાં મને ઝીલતું તારી આંખનું સરોવર
જોઉં તો લાગે વચમાં રાતું, ખીલતું કમળ હોઉં હું બરોબર
આમ તો હું છું એવડો કે બ્રહ્માંડ આખાના ચાટલામાં ના માઉં.

ખેલમેં / જયન્ત પાઠક

(ગાન)

ખેલમેં દેખા ખેલનહારા !
અલકમલક સે આયા બાદલ
બરસત અનરાધારા.

વીજચમકકી પ્રકટ આરતી
ગરજન ઘોર નગારા;
ચલત પવનકી બજત નાગિણી*
જલાધારી જલધારા,
શિવમંદિર સંસારા !

ભમરા ગુંજે કમલ ફૂલમેં :
ગણ મહિમનસ્તુતિ ગાવે;
નદિયાં નાગ-ફણાસી ફૈલી
ડમરુ બિપિન બજાવે;
સો નટરાજ નિહારા !

*નાગ આકારનું એ નામનું વાદ્ય

સરવાણી / વ્રજલાલ દવે

(વંશસ્થ-ઈન્દ્રવંશા-સૉનેટ)

આભે છલ્યા કૌરવ સૈન્ય સિંધુને
નિહાળીને કંપી ઊઠ્યો કિરીટી યે ?
ગાત્રો સીઝ્યાં, ગાંડિવ હાથથી સર્યું,
આ કલૈબ્ય કેવું દયનીય રે નર્યું !
જ્યાં સારથિ કૃષ્ણ સમાન દિગ્ગજ,
ત્યાં કંપ કે દુર્બળતા ઢૂંકે રજ ?
પ્રારબ્ધનો વા ભૂમિકંપ ભારી
વીરત્વને રાંક ઘડી શું ચારી ?
કિરીટીને કલૈબ્ય નડે કદી ન્હૈં,
જેની જીતી વ્યંડળતા વિરાટે,
કૈં દ્રૌણ જેવા ભડવીર યોધ તે
રે વીરશ્રો રથમાંહી નિંદરે !
કિરીટીની ક્ષાત્રશિલા હઠી ઘડી
માનવ્યની ના સરવાણી યે વડી ?

"હું મારી પરિસ્થિતિ સમજાવવાનો આમ પ્રયત્ન કરીશ. એક યુવાન માણસની કલ્પના કરો, જે ઇંગ્લન્ડના સહુથી વધુ અમીર અને રૂઢિચુસ્ત વિશ્વવિદ્યાલયમાં આવેલી જગતની સુપ્રસિદ્ધ પ્રયોગશાળામાં આવે છે, જ્યાં રાજવંશી સંતાનો ભણે છે. એનાથી આ યુવાન માણસ સંપૂર્ણ અજાણ્યો, સોવિયેત પાસપોર્ટ અને હાયર અંગ્રેજી સાથે આ વિશ્વવિદ્યાલયમાં સ્વીકારાય છે. શા માટે ? આજ દિન સુધી હું એ જાણતો નથી. એક દિવસ રુધરફોર્ડને મેં આ વિષે પૂછ્યું. એ હૃદયપૂર્વક હસ્યા અને કહ્યું - 'હું તને સ્વીકારવા કબૂલ થયો એનું મને ખુદને આશ્ચર્ય થાય છે, પરન્તુ હું ખુશ છું કે ગમે તેમ તોય મેં એ (કામ) કર્યું.''

જુલાઈ, ૧૯૨૨માં પોતાની માતા ઓલ્ગા ઈરોનિમોવ્નાને લખેલા એક પત્રમાં કપિત્ઝાએ આ લખ્યું છે. ઇ.સ. ૧૯૭૮નું ભૌતિકશાસ્ત્રનું નોબેલ પારિતોષિક કપિત્ઝાને મળ્યું હતું. પત્રમાં જે પ્રયોગશાળાનો ઉલ્લેખ થયો છે તે કેમ્બ્રિજની સુપ્રસિદ્ધ કેવેન્ડિશ લેબોરેટરી. ઇ.સ. ૧૯૧૯માં રુધરફોર્ડ આ પ્રયોગશાળાના નિયામક બનેલા. કપિત્ઝા રુધરફોર્ડના પ્રિય વિદ્યાર્થી.

પોતાના ગુરુ પ્રત્યે અપાર આદરભાવ રાખતા આ ભૌતિકશાસ્ત્રીએ નિમ્ન તાપમાનના ભૌતિકશાસ્ત્રના ક્ષેત્રમાં શોધ-સંશોધન કરીને ઈ.સ. ૧૯૭૮નું નોબેલ પારિતોષિક મેળવ્યું હતું.

કપિત્ઝાનો જન્મ ઈ.સ. જુલાઈ ૧૮૯૪માં ક્રોન્સ્ટડટના કોટલિન આઈલૅન્ડમાં થયો હતો. એમના પિતાનું નામ લિઓનિડ પેટ્રોવિચ કપિત્ઝા. એ લશ્કરમાં કર્નલ હતા. રશિયાની લશ્કરી તાકાતના વિકાસમાં એમનો ફાળો નોંધપાત્ર રહ્યો હતો. માતા એક શિક્ષિત સન્નારી હતાં. સાહિત્યમાં પણ એમણે પ્રદાન કર્યું હતું અને સામાજિક પ્રવૃત્તિઓમાં પણ એમનું યોગદાન હતું.

ક્રાન્તિપૂર્વેના દિવસોમાં ક્રોન્સ્ટડટથી સ્થળાંતર કરીને પેટ્રોગ્રાડમાં ઓલ્ગા ગયાં ત્યારે ત્યાંના એમના નિવાસસ્થાને વિદ્વાનોનો મેળો જામતો. ઓલ્ગાના પિતા ગણિતજ્ઞ અને જ્યોતિષી હતા.

ઈ.સ. ૧૯૦૫માં અગિયાર વર્ષની વયે પ્યોત્ર કપિત્ઝા ક્રોન્સ્ટડટની જિમ્નેસીઅમ હાઈ સ્કૂલમાં દાખલ થયા, પરન્તુ ત્યાં એમનો બરાબર વિકાસ ન થયો. આથી એક વર્ષ બાદ ૧૯૦૬માં ટેકનિકલ સ્કૂલમાં દાખલ થયા અને ત્યાં ઈ.સ. ૧૯૧૨ સુધી શિક્ષણ લીધું. પછી પેટ્રોગ્રાડ પોલિટેકનિકલ ઇન્સ્ટિટ્યૂટમાંથી ઇલેક્ટ્રિકલ એન્જિનીઅરિંગની તાલીમ લીધી. ઈ.સ. ૧૯૧૪માં પહેલું વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યું ત્યારે કપિત્ઝાએ યુદ્ધના મેડિકલ યુનિટમાં ડ્રાઈવર તરીકે કામ કર્યું અને ઘવાયેલા સૈનિકોની સેવા કરી.

પોલિટેકનિક ઇન્સ્ટિટ્યૂટમાંથી ઈ.સ. ૧૯૧૮માં કપિત્ઝા સ્નાતક થયા. ક્રમશઃ વિજ્ઞાન તરફનો એમનો રસ વધતો ચાલ્યો. તરત જ કપિત્ઝા એ જ સંસ્થામાં ફિઝિક્સ અને મિકેનિક વિભાગમાં વ્યાખ્યાતા તરીકે જોડાયા.

રશિયામાં સામાજિક ક્રાંતિનું વાતાવરણ ઊભું થતું જતું હતું. કપિત્ઝા પર એની અસર પડી. જાણે આખું રશિયા વિશ્વથી અલગ પડી ગયું હતું ! એ વખતે દેશની ઘણી પ્રતિભાશાળી વિલક્ષણ વ્યક્તિઓએ સ્થળાંતર કર્યું હતું, દેશ છોડીને અન્યત્ર કાયમી વસવાટ કર્યો હતો. પરન્તુ અન્ય દેશમાં જવાનું કપિત્ઝાને યોગ્ય ન લાગ્યું. એમનો અંતરાત્મા દેશ છોડવા રાજી નહોતો. આ જ વખતે કપિત્ઝા પ્રોફેસર ઓફેના પરિચયમાં આવ્યા. ઓફે પણ રશિયામાંથી સ્થળાંતર કરવાના મતના નહોતા. પરિસ્થિતિ વિકટ હતી પરન્તુ છતાં ઓફેએ કપિત્ઝા, એન.એમ.સેમેનોવ, ફ્રેન્કેલ અને પી.આઈ. લુકિસ્કાય જેવા યુવાન રાષ્ટ્રવાદી વિજ્ઞાનીઓના સહકારથી પોતાનું કામ ગતિશીલ રાખ્યું. કપિત્ઝાના મતે ઓફે સોવિયેટ ભૌતિકશાસ્ત્રના સ્રષ્ટા હતા. ઉભય વચ્ચે વયનું અંતર ખાસ્સું હોવા છતાં મૈત્રીસંબંધો હતા. કપિત્ઝાને ભૌતિકશાસ્ત્ર પ્રતિ વાળવામાં ઓફે જ કારણભૂત હતા. આથી જ ઈ.સ. ૧૯૬૦માં એંશી વર્ષની વયે ઓફે મૃત્યુ પામ્યા ત્યાં સુધી બન્ને વચ્ચે સંબંધોની સાંકળ એવી જ સ્નેહાળ રહી હતી. ઓફે અને કપિત્ઝાએ સંયુક્ત રીતે ઘણું સંશોધનકાર્ય કર્યું હતું. પરન્તુ એમને સાધનોની સતત તાણ રહેતી હતી. અતિ અલ્પ સાધનો દ્વારા એમણે શોધની દિશામાં ગતિ જારી રાખી. ૧૮ જુલાઈ, ૧૯૨૦ના એક પત્રમાં ઓફેએ પોતાના સંશોધન અને એમાં પડતી ખાસ્સી મુશ્કેલીને વર્ણવી છે.

કપિત્ઝાએ સેમેનોવ સાથે અને પ્રો. વાય. જી. ડોર્ફમન સાથે પણ કામ કર્યું હતું. પ્રો. ડોર્ફમન એ કાળની સ્મૃતિ વાગોળતાં લખે છે : 'થોડાક સમય માટે એ જ પ્રયોગશાળામાં મેં કપિત્ઝા સાથે કામ કર્યું. એમણે મને એમના કામ બાબતે કશું જ ન કહ્યું. હું બરાબર જાણતો ન્હોતો કે એ કયા કામમાં જોડાયેલા હતા, પરન્તુ એમનો ઉદ્યમ દંગ કરે તેવો હતો. પ્રયોગશાળામાં એ ખિન્ન-ઉદાસ અને ઓછાબોલા લાગતા હતા.'


આ ચિત્રણમાં એ કાળની મુશ્કેલ પરિસ્થિતિનો પડઘો સંભળાય છે. બહારની સહાય વિના એમણે પ્રયોગોનું કામ ચાલુ રાખ્યું હતું. એ કાળ એવો હતો કે જ્યારે ભૌતિકશાસ્ત્રના ક્ષેત્રમાં શોધનું પૂર ઊમટ્યું હતું. લગભગ વિશ્વના બધા જ દેશોમાં ભૌતિકશાસ્ત્ર પ્રતિ વિજ્ઞાનીઓએ સંશોધન કર્યું અને ભૌતિકશાસ્ત્ર એક વિશિષ્ટ મોભા સાથે આગળ આવ્યું.

સમય બદલાયો. રશિયન એકેડેમી ઑફ સાયન્સીઝના સભ્ય તરીકે ઓફે ઈ.સ. ૧૯૨૦માં સર્વાનુમતે ચૂંટાયા. હવે એમને ભૌતિકશાસ્ત્રના ક્ષેત્રે સંશોધન કરવા માટે મોટી તક સાંપડી. ઓફે કપિત્ઝાને કેવેન્ડિશ લેબોરેટરીમાં સ્થાન અપાવવા ઇચ્છતા હતા.

સોવિયેટ દેશના ભૌતિકશાસ્ત્રીઓ માટે અદ્યતન સાધનો મેળવવા ઓફેએ એકેડેમીને સમજાવી. અને એ મુજબ અદ્યતન સાધનોની ખરીદી કરવાનું નક્કી થયું. ઓફેએ એ માટે કપિત્ઝાને સાથે લઈ જવાનું વિચાર્યું. એમના મનમાં રુધરફોર્ડનો સંપર્ક કરીને પોતાના પ્રિય શિષ્ય કપિત્ઝાને એમના વિદ્યાર્થી તરીકે સ્થિર કરવાનો હતો. ઓફે કપિત્ઝાને ખરીદીમાં જોતરીને પોતાની સાથે લઈ ગયા. અલબત્ત, ઓફે પહેલાં નીકળ્યા હતા. એમણે ૧૨ ફેબ્રુઆરી, ૧૯૨૧ના રોજ પ્રસ્થાન કર્યું. એ જર્મની થઈને ઇંગ્લન્ડ જવાના હતા અને કપિત્ઝા સીધા ઇંગ્લન્ડ જઈ એમને મળવાના હતા. ઈ.સ. ૧૯૨૧ના એપ્રિલમાં કપિત્ઝાને પાસપોર્ટ મળ્યો અને એમણે રેવેલ છોડ્યું. આ યાત્રાના પ્રારંભે કપિત્ઝા બહુ આનંદિત ન્હોતા, કારણ કે થોડા દિવસ પહેલાં જ એમનાં પત્નતી અને બે બાળકો - પુત્રી અને પુત્ર - મૃત્યુ પામ્યાં હતાં. મે, ૧૯૨૧માં કપિત્ઝા ઇંગ્લન્ડ પહોંચ્યા. જૂન માસમાં ઓફેને મળ્યા. લંડનમાં ઓફે ખૂબ પ્રવૃત્ત હતા, પરન્તુ એમની એ પ્રવૃત્તિ વચ્ચે પોતાના પ્રિય શિષ્ય કપિત્ઝાને રુધરફોર્ડની પ્રયોગશાળામાં ગોઠવવાના કામમાં પણ એમણે અપાર રસ લીધો હતો. ઓફેના આવા સંનિષ્ઠ પ્રયત્નથી જ કપિત્ઝા કેવેન્ડિશ પ્રયોગશાળામાં સ્થાન પામી શક્યા. ઈ.સ. ૧૯૨૧થી ૧૯૩૪ સુધીનાં બાર વર્ષનો ગાળો કપિત્ઝાએ કેમ્બ્રિજમાં પસાર કર્યો. કપિત્ઝાએ ત્યાં કામ શરૂ કર્યું ત્યારે ભૌતિકશાસ્ત્રના ક્ષેત્રે જગતની આ સહુથી વધુ મહત્ત્વની પ્રયોગશાળા હતી. આ પ્રયોગશાળા ઈ.સ. ૧૮૭૧માં ઊભી કરાઈ હતી. યુદ્ધ પૂર્વેનાં વર્ષોમાં અનેક દેશોમાં વિજ્ઞાનીઓ નૂકલીઅર ભૌતિકશાસ્ત્રમાં નવા ક્ષેત્રમાં સંશોધન કરવા અહીં આવતા. એમાં ભારતના હોમી ભાભાનો પણ સમાવેશ થતો હતો. રુધરફોર્ડ આ પ્રયોગશાળાના નિયામક થતાં સંશોધનનું કાર્ય વધુ વેગીલું બન્યું હતું.

કેવેન્ડિશ લેબોરેટરી સાથે જેમનું નામ જોડાયેલું છે તે હેન્રી કેવેન્ડિશ (૧૭૩૧ થી ૧૮૧૦) અઢારમી સદીના ઉત્તરાર્ધના એક ગણનાપાત્ર વિજ્ઞાની હતા. ભૌતિકશાસ્ત્ર અને રસાયણશાસ્ત્રમાં એમણે ખાસ્સું સંશોધન કર્યું હતું. મેક્સવેલે એ અપ્રસિદ્ધ સંશોધન ખોળી કાઢ્યું. પરન્તુ મેક્સવેલ પાસે ઝાઝો સમય ન્હોતો એટલે એનું પ્રકાશન શક્ય ન બન્યું. કપિત્ઝાએ આ બાબતે રસ લીધો અને કેવેન્ડિશના સિદ્ધાન્તો પ્રકાશમાં આણ્યા. કેવેન્ડિશને કપિત્ઝાએ 'સમકાલીન રસાયણના ન્યૂટન' કહ્યા છે. વિદ્યુત (ઇલેક્ટ્રિસિટી) પરનું એમનું શોધકાર્ય પાયાનું હતું. છતાંય એમનું એ કાર્ય તદન અપ્રસિદ્ધ રહ્યું હતું. એમાં એમનો સ્વભાવ કારણભૂત હતો. તેઓ એકલવાયું જીવન જીવ્યા હતા. ન હતા એમને કોઈ મિત્ર કે ન હતો એમને બહારનો પરિચય.

કેવેન્ડિશ લેબોરેટરીના નિયામક અને નોબેલ પારિતોષિક વિજેતા રુધરફોર્ડનું ન્યૂક્લીઅર ફિઝિક્સમાં ઉલ્લેખનીય પ્રદાન



ભૌતિકશાસ્ત્રનો નોબેલ પુરસ્કાર પ્રાપ્ત કરનાર માનવતાવાદી અને નીડર રશિયન વિજ્ઞાની જેમની આ વર્ષે જન્મશતાબ્દી છે તે કપિત્ઝા

પ્રફુલ્લ રાવલ

હતું. એમની પાસે વિદ્યાર્થીઓનું એક જૂથ હતું, જેમણે પાછળથી ભૌતિકશાસ્ત્રના ક્ષેત્રે વધુ નવું પરિણામ ઊભું કર્યું. કપિત્ઝા એ જૂથમાં અગ્રેસર હતા. એ બહુધા સફળ થયા એમાં એમનું વ્યક્તિત્વ કારણભૂત હતું. વિજ્ઞાનનો વિદ્યાર્થી કામ વધુ કરે અને વિચારે ઓછું એ રુધરફોર્ડને માન્ય ન્હોતું. આથી એમણે પ્રયોગશાળામાં માત્ર છ કલાક કામ કરવા માટેનો આગ્રહ રાખ્યો હતો. મૌલિક વિચારવું એ શોધની આધારશિલા છે. કપિત્ઝાને રુધરફોર્ડે આલ્ફા પાર્ટિકલ્સમાં વિશેષ શોધ કરવાનું કામ સોંપ્યું હતું. ત્યાં મોટા વિજ્ઞાનીઓ સાથે કપિત્ઝાની મુલાકાત થઈ.

કેવેન્ડિશ લેબોરેટરીમાં પ્રત્યેક નવા વિદ્યાર્થીને તાલીમ લેવાનું ફરજિયાત હતું. આ તાલીમનો ગાળો બે વર્ષનો રહેતો. પરન્તુ કપિત્ઝાએ આ તાલીમ માત્ર બે અઠવાડિયાંમાં જ પૂરી

કરી. આથી સ્વાભાવિક રીતે જ કપિત્ઝા રુધરફોર્ડના માનના અધિકારી બન્યા. સાથે સાથે સહપાઠીઓમાં પણ એમનું સ્થાન ગૌરવશાળી બન્યું .

આલ્ફા ફિઝિક્સમાં સંશોધન કરવાનું જ કામ કપિત્ઝાને સોંપવામાં આવ્યું હતું, તેમાં Strong magnetic fieldની જરૂર હતી. આ ઉત્પન્ન કરવા માટે જે શોધ કપિત્ઝાએ કરી, તે સંશોધનની એક નવી દિશા હતી. અને કપિત્ઝાએ 'Passage of alpha-particles through matter and methods of producing magnetic fields 'એ નામક મહાનિબંધ લખીને ડૉક્ટરેટની પદવી પ્રાપ્ત કરી. એ સાથે મેક્સવેલ સ્કૉલરશિપ પણ એમને મળી. એ પ્રયોગશાળામાં સંશોધનનું જે સારું કામ કરે તેને આ સ્કૉલરશિપ ત્રણ વર્ષ માટે આપવામાં આવતી. આ શિષ્યવૃત્તિની પ્રાપ્તિ એ એક મોટું માન ગણાતું. કપિત્ઝાને એનું ગૌરવ હતું. પરન્તુ એની સમાંતરે કપિત્ઝાની આર્થિક પરિસ્થિતિ અતિ વિકટ બની હતી. એમને પોતાની માતાને લખેલા એક પત્રમાં એવો ઉલ્લેખ કર્યો હતો કે ગઈ કાલે મને ફિલોસોફીનો ડૉક્ટર બનાવાયો. આ સ્થાનની પ્રાપ્તિ માટે મારે એટલું મોટું મૂલ્ય ચૂકવવું પડ્યું છે કે હું લગભગ અકિંચન થઈ ગયો છું. ૧૫, જૂન ૧૯૨૩ના આ પત્ર પછી લગભગ એક માસ બાદના પત્રમાં પોતાને 'ક્લાર્ક મેક્સવેલ પ્રાઈઝ' મળ્યું તેની વાત લખી હતી.

'Strong magentic fields'નું સંશોધન કપિત્ઝાએ પૂર્ણ કર્યું, પછી Properties of solidsમા સંશોધન આદર્યું. આ સંશોધનમાં એ Properties of metals દ્વારા આગળ વધ્યા. આ પ્રયોગોમાં એમણે વર્ષો પસાર કર્યાં. પ્રયોગોની આ ઘટના ભૌતિકશાસ્ત્રમાં 'કપિત્ઝા લિનીઅર લો' તરીકે સુવિખ્યાત છે. ઈ.સ. ૧૯૨૪થી ઈ.સ. ૧૯૩૩ના એક દાયકા દરમિયાન કપિત્ઝાએ 'Strong magnentic fields'ના સંશોધનને લગતા લગભગ વીસેક જેટલા શોધનિબંધો લખ્યા, જે તે કાળના વિખ્યાત જર્નલોમાં પ્રસિદ્ધ થયા. એ દ્વારા કપિત્ઝાનું સંશોધન પ્રકાશમાં આવ્યું. રુધરફોર્ડ અને બ્રિટનના અન્ય ભૌતિકશાસ્ત્રીઓએ કપિત્ઝાના સંશોધનની પ્રશંસા કરી. આથી ઈ.સ. ૧૯૨૪માં કેવેન્ડિશ લેબોરેટરીના Magnetic Researchના તેઓ મદદનીશ નિયામક નિમાયા.

કપિત્ઝાએ તદ્દન નવી જ દિશામાં શોધ આદરી હતી, છતાંય એમનું જીવન ગ્રંથકીટ જેવું ન્હોતું. એ કામમાં મગ્ન રહેતા. સાથેસાથે એમનું રંગદર્શી વ્યક્તિત્વ પણ એટલું જ પ્રભાવક હતું. ક્યારેક વિનોદવૃત્તિ પણ ઝળકતી. એમાં રુધરફોર્ડ પણ એક પરોપકારી પિતા રૂપે સામેલ થતા. કોઈની પણ તીક્ષ્ણ મજાકથી એ ખડખડાટ હસી પડતા. વિજ્ઞાનના સંશોધન સિવાય આમ બીજી અનેક વાતો ભોજન સમયે થતી.

એક બાજુ સંશોધનનું કામ ચાલતું ત્યારે અવારનવાર વિવિધ પરિસંવાદોમાં ભાગ લેવા કપિત્ઝા જર્મની, ફ્રાન્સ ઇત્યાદિ દેશોમાં જતા. ઈ.સ. ૧૯૩૦માં અને ૧૯૩૩માં બ્રૂસેલ્સની Solvay Congressમાં પણ એમણે ભાગ લીધેલો. ઈ.સ. ૧૯૩૦ની એ કૉંગ્રેસમાં તો માદામ ક્યૂરી પણ હાજર હતાં અને એ પરિસંવાદનો વિષય હતો - Magnetic properties of matter. કપિત્ઝાને પોતાની વાત, પોતાનું સંશોધન વિશેષ છતું કરવાની તક મળી. અનેક વિજ્ઞાનીઓ સાથે મુલાકાત થઈ. ઈ.સ. ૧૯૩૩માં તો રુધરફોર્ડ પણ આવ્યા હતા. એ એમની અંતિમ કૉંગ્રેસ હતી.

આ બે કૉંગ્રેસ પહેલાં ઈ.સ. ૧૯૨૬માં કપિત્ઝાની મુલાકાત ઓફેના વિદ્યાર્થી અને એમના સહાધ્યાયી Yakov Ilyich Frenkel સાથે થઈ. એ કપિત્ઝાના અતિથિ બન્યા. કપિત્ઝા ત્યારે હન્ટિંગડન રોડ પરના ઘર નંબર ૧૭૩માં રહેતા હતા. એ ઘર પાછલથી કપિત્ઝાએ USSRની એકેડેમી ઑફ સાયન્સીઝને ભેટ આપ્યું હતું. ફ્રેન્કેલ કપિત્ઝાના મહેમાન થયા તે પહેલાં કપિત્ઝાએ બીજું લગ્ન કરી લીધું હતું. એમનાં પત્ની અન્ના આલેક્સી ક્રિલોવનાં પુત્રી હતાં. અન્ના સાથે કપિત્ઝાની મુલાકાત પૅરિસમાં થઈ હતી. ત્યારે માદામ ક્યૂરી સાથે પણ પરિચય થયો હતો. પોતાની શિક્ષણયાત્રા દરમિયાન કપિત્ઝા અનેક વ્યક્તિઓને મળ્યા હતા. કેવેન્ડિશ લેબોરેટરીના અનેક સહાધ્યાયીઓ પૈકી ચેડવિક કપિત્ઝાના નિકટના મિત્ર હતા.

કેવેન્ડિશ લેબોરેટરીના નિયામક રુધરફોર્ડે 'ફાઈવ ઑ'ક્લોક ટી'ની પારંપરિક રીતિ અપનાવી હતી. ચા પીતાંપીતાં સંશોધનની વાતો થતી. ક્યારેક વિજ્ઞાન સિવાય અન્ય વિષયોની ચર્ચા પણ થતી. પાછળથી 'ઇન્સ્ટિટ્યૂટ ઑફ ફિઝિકલ પ્રોબ્લેમ્સ'માં પણ આ જ પરંપરા કપિત્ઝાએ જાળવી. ત્યાં તો વિજ્ઞાન ઉપરાંત સાહિત્ય અને કળાની ચર્ચાઓ પણ થતી.

કેમ્બ્રિજમાં કપિત્ઝાના સંશોધનનો વિષય હતો - 'Strong magnetic fields'. આ પ્રયોગ માટે નિમ્ન તાપમાનનાં .માપ લેવાની જરૂરિયાત ઊભી થઈ. એમાંથી પ્રવાહી હાઈડ્રોજન અને પ્રવાહી હીલિયમ ઉત્પન્ન કરવાનું બન્યું. કપિત્ઝાની એ વૈજ્ઞાનિક દીર્ઘદૃષ્ટિ હતી. અત્યારે વિજ્ઞાન અને ટેક્નોલોજીના ક્ષેત્રમાં આનું ખૂબ મહત્ત્વ છે. વળી, ટેક્નોલોજીના વિવિધ ક્ષેત્રોમાં સુપર કન્ડક્ટિવિટી એક આશાસ્પદ શોધ છે. રુધરફોર્ડનું ક્ષેત્ર હતું ન્યૂક્લીઅર ફિઝિક્સ. એકવાર તો કપિત્ઝાના કામનો કોઈ મેળ રુધરફોર્ડના કામ સાથે મળતો ન હોવાનું લાગતું હતું. પણ પાછળથી રુધરફોર્ડને કપિત્ઝાના પ્રયોગોનું મહત્ત્વ સમજાયું.

ઈ.સ. ૧૯૨૯માં રૉયલ સોસાયટીના ફેલો તરીકે કપિત્ઝા ચૂંટાયા. કેમ્બ્રિજ યુનિવર્સિટીમાં કપિત્ઝાના બે સંશોધનનાં ક્ષેત્ર - સ્ટ્રૉંગ મેગ્નેટિક ફીલ્ડ્ઝ અને નિમ્ન તાપમાન હતાં. આ ક્ષેત્રોમાં વિશેષ સંશોધન કરી શકાય તે માટે ખાસ પ્રયોગશાળા ઊભી કરાઈ. અલબત્ત, રુધરફોર્ડના પ્રયત્નોથી જ એ પ્રયોગશાળા ઊભી કરવામાં આવી હતી. આ પ્રયોગશાળા તે 'લડવિગ મૉન્ડ લૅબોરેટરી'. ઈ.સ. ૧૯૩૩ના ફેબ્રુઆરીમાં આ પ્રયોગશાળા ખુલ્લી મુકાઈ હતી. ત્યારે રુધરફોર્ડ અને બ્રિટનના વડાપ્રધાન સ્ટેન્લી બોલ્ડવિન હાજર રહ્યા હતા. મૉન્ડ લૅબોરેટરીના પ્રવેશ દ્વારે એરિક ગીલ દ્વારા તૈયાર કરાયેલ રુધરફોર્ડનું એક અદ્‌ભુત શિલ્પ મુકાયું હતું.

મૉન્ડ લૅબોરેટરી શરૂ થઈ તે પહેલાં કપિત્ઝા કેમ્બ્રિજની ટ્રિનિટી કૉલેજના ફેલો બન્યા હતા અને યુએસએસઆરની એકેડેમી ઑફ સાયન્સીઝના પ્રતિનિધિ સભ્ય તરીકે ચૂંટાયા હતા. કેમ્બ્રિજમાં રહેવા છતાં તેઓ પોતાની માતૃભૂમિની વર્ષમાં એકાદવાર તો મુલાકાત લેતા જ હતા.

ઈ. ૧૯૩૪માં કપિત્ઝાએ કેવેન્ડિશ લૅબોરેટરી છોડી અને સ્વદેશ પાછા ફર્યા. રુધરફોર્ડે ત્યારે એમની આ વિદાયનું ભારે દુઃખ અનુભવ્યું હતું.કપિત્ઝા ઈ. ૧૯૩૪માં મોસ્કો આવ્યા ત્યારે મેટ્રોપોલ હોટેલમાં રહ્યા હતા - જાણે અજાણ્યા સ્વદેશી નાગરિક ! નોર્વેના માર્ગે થઈને મોટરકાર દ્વારા ઇંગ્લન્ડથી મોસ્કો આવ્યા. એમની નાની પાસે ઇંગ્લન્ડમાં રહ્યા હતા. ૨૯ ડિસેમ્બર ૧૯૩૪માં રશિયાની સરકારે 'ઇન્સ્ટિટ્યૂટ ઑફ ફિઝિકલ પ્રોબ્લેમ્સ'ની સ્થાપના કરી. ઈ. ૧૯૩૫માં આ સંસ્થાના મકાનનું બાંધકામ શરૂ થયું. બહુ મંદગતિએ ચાલતું આ કામ ત્રણ વર્ષે પૂરું થયું.

પ્રયોગશાળા તૈયાર થઈ ત્યારે પણ કપિત્ઝાની અલગ પ્રયોગશાળા તો એમાં ન્હોતી જ. ક્યારેક કપિત્ઝા વિચારસાગરમાં ડૂબી જતા, ત્યારે રુધરફોર્ડના પત્રો આશ્વાસનનું કામ કરતા. સંસ્થા માટે સાધનો ખરીદવાનું નક્કી કર્યું, ત્યારે કેમ્બ્રિજની મૉન્ડ લૅબોરેટરીમાં જવાનું થયું. કપિત્ઝાના જવાથી ખિન્ન થયેલા રુધરફોર્ડે કહેલું - 'આ યંત્રો કપિત્ઝા વગર કામ નહીં કરી શકે અને કપિત્ઝા એમના વગર.' રુધરફોર્ડના જવાબથી સમસ્યા દૂર થઈ અને સાધનો મોસ્કો પહોંચી ગયા.

બરાબર ત્રણ વર્ષ બાદ કપિત્ઝાનું કામ શરૂ થયું, પરન્તુ તે દરમિયાન ૧૯, ઑક્ટોબર ૧૯૩૭ના દિવસે રુધરફોર્ડનું અવસાન થયું હતું.

કપિત્ઝા 'ઇન્સ્ટિટ્યૂટ ઑફ ફિઝિકલ પ્રોબ્લેમ્સ'માં રહેતા હતા. એમનાં પત્ની સાથે હવે બે બાળકો - સરગેઈ અને આન્દ્રેઈ - પણ હતાં. એમની શિક્ષિકા સિલ્વિઆ પણ કપિત્ઝાના કુટુંબ સાથે રહેતી હતી, જે પાછળથી એક રશિયન વિજ્ઞાનીને પરણી. ઈ. ૧૯૪૩માં રશિયાની એકેડેમી ઑફ સાયન્સીઝના એક અહેવાલમાં કપિત્ઝાએ એક તારણ આપ્યું છે કે, ભૌતિકશાસ્ત્રના ક્ષેત્રમાં લો ટેમ્પરેચર, એટમિક ન્યૂક્લીઅસ અને સોલિડ સ્ટેટ એ ત્રણ સંશોધનની મુખ્ય દિશા છે.

રશિયાની 'એકેડેમી ઑફ સાયન્સીઝ'માં કપિત્ઝા ૨૪ જાન્યુઆરી, ૧૯૩૯માં પૂર્ણ સભ્ય તરીકે સર્વાનુમતે ચૂંટાયા. એમના સંશોધનની આ કદર હતી. એકેડેમીએ એમને શંકા વગર રશિયાના સહુથી વધુ હોશિયાર ભૌતિકશાસ્ત્રી ગણ્યા હતા. એકેડેમી સાથે કપિત્ઝા ઉપરાંત કુટુંબના અન્ય સભ્યો પણ એક યા બીજી રીતે જોડાયેલા હતા. કપિત્ઝા શુષ્ક નહોતા, આથી એમની સંસ્થામાં જીવંતતાનું દર્શન થતું. વિનોદવૃત્તિ બધે જ પથરાયેલી હતી. સંશોધનનો થાક ન અનુભવતા. ઓફેના કાળથી આયોજાતા પરિસંવાદો કપિત્ઝાએ પણ લગભગ એ જ રૂપે ચાલુ રાખ્યા. કેમ્બ્રિજમાં કપિત્ઝાએ આ પરિસંવાદો ગોઠવેલા, જેના ફળસ્વરૂપે 'કપિત્ઝા ક્લબ' અસ્તિત્વમાં આવી હતી. આ પરિસંવાદોમાં બહારની સંસ્થાના સભ્યોને પણ નિમંત્રણ અપાતું. કપિત્ઝાના સંશોધનમાં સહુને રસ પડતો. એમના કામની જે ચર્ચા થતી, તે વધુ રસપ્રદ બનતી. ક્યારેક તો, 'સોરી, ધ હૉલ ઇઝ ફૂલ'નું પાટિયું લાગી જતું.

કપિત્ઝાએ પ્રવાહી હવા ઉત્પન્ન કરનાર યંત્રનું આલેખન કર્યું. આવી પ્રવાહી હવા ઔદ્યોગિક હેતુ માટે વાપરી શકાય એવું તારણ એમનું હતું. પોતાના આ સંશોધનમાં એમને કોઈક નવું તત્ત્વ દેખાયું. આથી કપિત્ઝાએ થોડાંક વર્ષો લિક્વિફિકેશન ટેક્નિક પાછળ ખર્ચ્યાં અને પ્રવાહી હવાનું કાર્ય પૂર્ણ થતાં ઑક્સિજનને પ્રવાહી બનાવવા તરફ વળ્યા, અને એક વર્ષમાં એનું ઉત્પાદન પણ કર્યું. પ્રવાહી હીલિયમ અંગે પણ સંશોધન કર્યું, પરન્તુ અન્ય વિજ્ઞાનીના આવા જ સંશોધનનું પ્રકાશન વહેલું થતાં એનું શ્રેય કપિત્ઝાના ફાળે ન આવ્યું. એમણે વધુ સંશોધન કર્યું. એમાંથી લિક્વિડ વિધાઉટ વિસ્કોસિટીનું તારણ કાઢ્યું અને એનું નામ હીલિયમ-૨ સુપર ફ્લ્યુડિટી આપ્યું. ત્યારે લેન્ડઉ પણ આવાં જ સંશોધન કરતા હતા અને એમને ઈ.સ. ૧૯૬૨નું નોબેલ પ્રાઈઝ એનાયત થયું હતું.

ઈ.સ. ૧૯૪૧માં નાઝીઓએ આક્રમણ કર્યું ત્યારે કપિત્ઝાએ એક મોટી રેલીને સંબોધતાં કહ્યું હતું કે - 'જૂનના અંતમાં જ્યારે આપણા દેશ પર અચાનક હીટલરની ટોળી દ્વારા હુમલો કરાયો, આપણા બધા વિજ્ઞાનીઓએ તાત્કાલિક નિર્ણય

કર્યો કે, તેઓ પોતાનું જ્ઞાન અને શક્તિ એમના દેશની નાઝીવાદ વિરુદ્ધની પરાક્રમી લડતમાં સહાય કરવામાં અર્પણ કરે.' અહીં કપિત્ઝાની દેશપ્રીતિનાં દર્શન થાય છે. આ દિવસોમાં કપિત્ઝા કઝનમાં રહેતા હતા. ઓગણીસમી સદીના ગણિતયજ્ઞ એન. આઈ. લોબાચેવ્સ્કી જ્યાં રહેતા હતા ત્યાં કપિત્ઝા પોતાની પત્ની, બાળકો અને ૭૮ વર્ષના શ્વસુર સાથે રહેવા લાગ્યા. ત્યાં પણ સંશોધન કર્યું. પરિણામે ઈ.સ. ૧૯૪૪નો 'ફ્રેંકલિન મેડલ' એમને એનાયત થયો. આ મેડલ એમને લો-ટેમ્પરેચરના સંશોધન માટે મળ્યો હતો. ઈ. ૧૯૪૫માં કપિત્ઝાને 'હીરો ઑફ સોશ્યાલિસ્ટ લેબર'નું બિરુદ અપાયું હતું. 'ઑર્ડર ઑફ લેનિન'નો ઍવોર્ડ 'હેમર ઍન્ડ સીકલ'નો ગોલ્ડ સ્ટાર પણ કપિત્ઝાને અપાયો હતો. 'ઑર્ડર ઑફ લેનિન' ઍવોર્ડ તો એમને ત્રણ વાર અપાયો હતો - ૧૯૪૩, ૧૯૬૪ અને ૧૯૭૧માં.

આ દરમિયાન એક ઘટના બની તે 'ઇન્સ્ટિટ્યૂટ ઑફ ફિઝિકલ પ્રોબ્લેમ્સ' છોડવાની. ઈ.સ. ૧૯૫૦માં 'ઇન્સ્ટિટ્યૂટ ઑફ ક્રિસ્ટલોગ્રાફી'માં જોડાવાનું કપિત્ઝાને નિમંત્રણ મળ્યું. જૂન ૧૯૫૦થી ૧૫ નવેમ્બર ૧૯૫૩ સુધી કપિત્ઝાએ ત્યાં કામ કર્યું. વળી, ઈ. ૧૯૫૫માં કપિત્ઝા 'ઇન્સ્ટિટ્યૂટ ઑફ ફિઝિકલ પ્રોબ્લેમ્સ'ના નિયામક બન્યા. આ દરમિયાન એમણે કેટલાંક મહત્ત્વનાં સંશોધન કર્યાં હતાં. આમ તો કપિત્ઝાએ છેક ઈ.સ. ૧૯૪૦થી આગવું સંશોધન કરવા પોતાના નિવાસમાં નાનકડી પ્રયોગશાળા ઊભી કરી હતી. એ સ્વયં ટર્નર હતા, એ જ ઑપરેટર હતા અને એ જ ઇલેક્ટ્રિશ્યન હતા. એમણે પોતાની રીતે આખી પ્રયોગશાળા તૈયાર કરી હતી. એ પ્રયોગશાળામાં કપિત્ઝા પોતાના સંશોધનના પ્રાયોગિક અને સૈદ્ધાંતિક કાર્ય પર કામ કરતા રહ્યા. આ પ્રોબ્લેમને એ હાઈ પાવર ઇલેક્ટ્રોનિક્સ કહેતા. આવી ઘરેલું પ્રયોગશાળામાં લો ટેમ્પરેચર સંશોધન ભાગ્યે જ શક્ય બની શકે, છતાંય કપિત્ઝાએ આ શોધનું થોડુંક કાર્ય ત્યાં કર્યું હતું. બાકીનું શોધકાર્ય નિકોલિના હિલ પરની પ્રયોગશાળામાં થયું. આ પ્રયોગશાળા ball lightningની શોધ માટે સમર્પિત કરાઈ હતી. 'On the nalure of ball lightning' નામના લેખથી કપિત્ઝાનું શોધકાર્ય પ્રકટ થયું હતું. આમ તો કપિત્ઝાએ કિશોરાવસ્થામાં અને યુવાનીમાં Ball lightningની વાર્તાઓ સાંભળી હતી. પ્રાચીન-મધ્યકાલીન દંતકથામાં Ball lightning - વાવાઝોડાં દરમિયાન ક્વચિત્ દેખાતો ધીમે ફરતો તેજસ્વી ગોળો - પાપીઓને સજા કરવા દેખાતો. બૉલ લાઈટનિંગ વિષે ફ્રેન્કેલે જે શોધકાર્ય કર્યું હતું તેમાં કપિત્ઝાએ વધુ સંશોધન કર્યું.

ઈ. ૧૯૬૭માં નિષ્ણાતોનું જે કમિશન બેઠું હતું તેમાં કપિત્ઝાના પ્લાઝ્માંના પ્રયોગોનો વિચાર કરાયો હતો. કેનેડા અને યુ.એસ.એ.ના પ્રવાસ દરમિયાન પોતાના આ કાર્યનો અહેવાલ કપિત્ઝાએ રજૂ કર્યો હતો. કુર્ચાટોવના આ જ કાર્યથી કપિત્ઝા પરિચિત હતા. કુર્ચાટોવ ૭, ફેબ્રુઆરી ૧૯૬૦માં મૃત્યુ પામ્યા હતા. ઈ.સ. ૧૯૭૦માં કપિત્ઝાની શોધને માન્યતા આપવામાં આવી. તેનો ઉલ્લેખ Vestnik Akademii Nauk - જર્નલમાં કરાયો હતો. એ જ વર્ષમાં કપિત્ઝાનો જે લેખ પ્રસિદ્ધ થયો તેમાં એમનું સંશોધનનું રૂપ છતું થયું હતું. ઈ.સ. ૧૯૭૧માં એમને એવી આશા સેવી હતી કે થર્મોન્યૂક્લીઅર એનર્જીની શોધ નવી સદીમાં પૂર્ણ થશે. ઈ.સ. ૧૯૬૫માં ડેનિશ એન્જિનિઅરિંગ સોસાયટીએ નીલ્સ બોહ્ર મેડલ કપિત્ઝાને આપીને એમના સંશોધનના કાર્યને બિરદાવ્યું. મેડલ લેવા કપિત્ઝા કૉપનહેગન ગયા હતા. કપિત્ઝા કેમ્બ્રિજથી મોસ્કો આવ્યા ત્યારથી દીર્ઘકાળ લગી ક્યાંય ગયા ન્હોતા. આથી એમના શોધકાર્યનો પ્રચાર નહીંવત્ થયો હતો. એટલે સ્વાભાવિક રીતે વિજ્ઞાનના વિશ્વમાં એમના શોધકાર્યની કોઈ સીધી અસર પડી ન્હોતી. કૉપનહેગનમાં કપિત્ઝા નીલ્સ બોહ્રના પુત્રને મળ્યા હતા અને ત્યાંની ભૌતિકશાસ્ત્રની સંસ્થાની મુલાકાત લઈને વિજ્ઞાનને લગતું વ્યાખ્યાન પણ આપ્યું હતું. એ પછી કપિત્ઝાનું શોધકાર્ય વધુ ને વધુ પુરસ્કૃત થવા માંડ્યું. ઈ.સ. ૧૯૬૬માં રુધરફોડ ઍવૉર્ડ મળ્યો. એ પણ એમના શોધકાર્યની કદરનું જ સુફળ હતું. યુગોસ્લેવિયા દ્વારા 'ઍવૉર્ડ ઑફ ધ યુગોસ્લાવ બેનર વિથ રીબન'નું બહુમાન મળ્યું ત્યારે કપિત્ઝાએ એ દેશની મુલાકાત લીધી. ત્યાંથી પાછા ફરતા કપિત્ઝા બુડાપેસ્ટ પણ ગયા હતા. ત્યાં એમણે લખેલું પુસ્તક 'લાઈફ ડિવોટેડ ટુ સાયન્સ' હંગેરિયન ભાષામાં અનૂદિત થયેલું તે એમને ભેટ અપાયેલું. પાછળથી આ જ પુસ્તક જાપાનની ભાષામાં પણ અનૂદિત થયું હતું. માદામ ક્યૂરીની જન્મ-શતાબ્દી નિમિત્તે વોરસોમાં યોજાયેલા આંતરરાષ્ટ્રિય સેમિનારમાં ભાગ લેવા કપિત્ઝા ગયા. ઈ.સ. ૧૯૬૮માં નેધરલેન્ડ સોસાયટી ઑફ રેફ્રીજરેશન દ્વારા 'Golden Kamerlingh onnes Medal' અપાયો. ઈ.સ. ૧૯૭૦માં કપિત્ઝા એમની પત્ની સાથે કેનેડા અને અમેરિકા ગયા. ત્યાંથી મોન્ટ્રીઅલ ગયા. ત્યાંની અનેક વિજ્ઞાન સંસ્થાઓની મુલાકાત લીધી. મોન્ટ્રીઅલ રુધરફોર્ડનું શહેર હતું. કપિત્ઝાએ મૅક્ગીલ યુનિવર્સિટીના રુધરફોર્ડ મ્યૂઝીઅમનાં દર્શન કર્યાં અને પોતાની જાતને ધન્ય માની. મોન્ટ્રીઅલ ફિઝિક્સ સોસાયટીમાં 'રુધરફૉર્ડનાં સંસ્મરણો નામક લેખ વાંચ્યો અને રુધરફોર્ડને અંજલિ આપી. અનેક જગ્યાઓનો કપિત્ઝા દંપતીએ પ્રવાસ કર્યો. કોલંબિયા યુનિવર્સિટીએ ડૉક્ટરેટની માનદ્ પદવી આપીને એમનું બહુમાન કર્યું. એ જ રીતે રોકલોવ ટેક્નિકલ યુનિવર્સિટીએ માનદ્ ડૉક્ટરેટની પદવી એનાયત કરી. આ વર્ષોમાં કપિત્ઝાને અનેક

દેશોમાંથી એક યા બીજા પ્રકારે નિમંત્રણ મળતાં રહ્યાં અને કપિત્ઝાએ ઘણા દેશોમાં અતિથિ બનીને મુલાકાત લીધી. પ્રત્યેક દેશમાં વિજ્ઞાનના - ખાસ કરીને ભૌતિકશાસ્ત્રના - વિષયમાં પોતે કરેલા કાર્યની વાત કરી. ઈ.સ. ૧૯૪૭માં ભારતે પણ તેમને નિમંત્ર્યા હતા.

ઈ.સ. ૧૯૭૪માં કપિત્ઝાની ૮૦મી જન્મજયંતીની ભવ્ય ઉજવણી કરાઈ. એમના જન્મસ્થળ ક્રોન્સ્ટડટમાં એમની પ્રતિમા મુકાઈ. બીજીવાર 'હીરો ઑફ સોશ્યાલિસ્ટ લેબર'નો ગોલ્ડ સ્ટાર ઍવૉર્ડ અપાયો. ૧૯૭૮નું નોબેલ પ્રાઈઝ કપિત્ઝાને નિમ્ન તાપમાનના સંશોધન માટે આપવામાં આવ્યું. દીર્ઘકાળના શોધકાર્યનું આ મૂલ્યાંકન હતું. કપિત્ઝા પ્રચારના માણસ ન્હોતા, શોધ-સંશોધન અને એ ય માનવકલ્યાણ અર્થે કરવાના એ હિમાયતી હતા. નોબેલ પ્રાઈઝ પછી પણ એમનું શોધકાર્ય ગતિશીલ રહ્યું હતું. ભૌતિકશાસ્ત્રમાં નિમ્ન તાપમાનમાં સંશોધન કરનાર રશિયન વિજ્ઞાની પ્યોત્ર લિઓનિડોવિચ કપિત્ઝાના ૮ એપ્રિલ ૧૯૮૪ના રોજ મોસ્કોમાં થયેલા નિધન સાથે આ સદીના એક મહાન વિજ્ઞાની આપણી વચ્ચેથી વિદાય થયા.

કપિત્ઝાનું વ્યક્તિત્વ વિજ્ઞાની તરીકે સુખ્યાત હતું, પણ એ એમના વ્યક્તિત્વનું એક પાસું હતું. અલબત્ત, એ જ વિશેષ ઊજળી બાજુ હતી, છતાંય બીજી બાજુ પણ એટલી જ પ્રભાવક હતી. વિજ્ઞાન ઉપરાંત સાહિત્ય અને કલામાં કપિત્ઝાને રસ હતો. એ ક્ષેત્રનું એમનું જ્ઞાન આશ્ચર્ય પમાડે એવું હતું. એ રાજકારણમાં રસ ધરાવતા હતા, તો સામાજિક અર્થકારણમાં પણ એટલો જ રસ એમને હતો. કામ કરવાની એમની ક્ષમતા એટલી બધી હતી કે, વિજ્ઞાન ઉપરાંત ઉક્ત ક્ષેત્રોમાં પણ રસ લઈ શકતા હતા. એમને જીવનમાં જ પાકો રસ હતો. એમનની વિનોદવૃત્તિ સતેજ હતી. સર્જક, પત્રકાર, કલાકાર, અભિનેતા સાથે એમને ઘરોબો રહેતો. આથી જ એમના વિજ્ઞાનને લગતા નિબંધો સિવાયના અન્ય લેખોમાં એમનું સર્જનાત્મક પાસું છતું થાય છે. એમના ચારિત્રનિબંધોમાં કપિત્ઝામાં બેઠેલા સર્જકની પ્રતિભા પણ કોળી છે. મૃત્યુ પહેલાં ૧૯૮૩માં કપિત્ઝાએ 'શેક્સ્પીઅર ઍન્ડ બેકન' નામક લેખ લખેલો, જે એમની સાહિત્યપ્રીતિનો દ્યોતક છે. રુધરફોર્ડની સ્મૃતિ વાગોળતા લેખો પણ કપિત્ઝાની બહુમુખી પ્રતિભાને છતી કરે છે. એમાં એમની હૃદયની ભાષા છે. કપિત્ઝાનો માનવીય સંદર્ભ પણ બળૂકો જ હતો. એમણે પોતાના કામનો દેખાડો કરવાનો ઇરાદો સેવ્યો ન્હોતો. એમણે શોધકાર્યમાં ક્યારેય વિરામ ન્હોતો લીધો. ભૌતિકશાસ્ત્ર ઉપરાંતના વિવિધ વિષયોનું એમનું જ્ઞાન એમને સાચા અર્થમાં વિજ્ઞાની - વિશેષ જ્ઞાની - ઠેરવે છે. ❑

લઘુકથા

ચાવી

— રમેશ ત્રિવેદી —

ડોસીના ત્રણ ત્રણ દીકરા શહેરમાં જઈને મોટરોમાં મહાલતા થઈ ગયા હતા છતાં ય એ તો એના ચુસ્ત મરજાદીપણા સહિત એકલી અટૂલી ગામડાંગામમાં પડી રહી હતી. મને મહામુસીબતે ડોસીની પડોશમાં ઘર મળ્યું હતું. અમને રહેવા આવે માંડ બે મહિના થયા હશે ત્યાં શહેરમાં રહેતા મકાનમાલિકનો કાગળ આવ્યો કે આખર તારીખ સુધીમાં મારે તાબડતોબ મકાન ખાલી કરી નાંખવું. મકાન ખાલી કરાવવાનું કોઈ કારણ એણે જણાવ્યું નહોતું છતાં હું તે બરાબર સમજી ગયો હતો. હા, ડોસીની ચઢવણી વગર આમ બને જ નહીં ને! જે માણસને પેટના જણ્યાઓ સાથે બને નહીં તે વળી પારકાંને તો દીઠ્યાં જ... ખરેખર અમને પતિ-પત્ની બંનેને હવે તો આ 'ડોકરી' દીઠી ય ગમતી નહોતી. સાચું કહું તો હવે તો અમને આ ઘર પણ એક નાની સરખી જેલ જેવું લાગી રહ્યું હતું. ગામના છેવાડે આવેલી ખડકી. પાંચ-સાત બંધ મકાનો. બારણે ઝૂલતાં તાળાં, તાળાંમાં ભેંકારતું મૌન, ભૂતના ઓછાયા જેવી ફર્યા કરતી ડોસી.

ડોસી અમારી સાથે કામ પૂરતું જ બોલતી હતી. એ અમારા પડછાયા સુધ્ધાંથી ડરતી હોય તેમ દૂર રહેતી. હા, કોઈવાર અમારો ત્રણ વરસનો ટીનિયો એને ઘેર પહોંચી જતો, તો એને એ પરસાદ તો આપતી, પરંતુ ભૂલથીય તેને સ્પર્શી ન જવાય એની ભારે તકેદારી રાખતી.

ઘર ખાલી કરવાના વિચારમાત્રથી મને ભારે ધ્રાસકો પડ્યો હતો. ગામમાં બીજું એકેય મકાન ભાડે મળે તેમ નહોતું, ને આ સંજોગોમાં હવે મારે પત્નીને ઘેર-વતન-માં મૂકી, શાળાના જૂના-પુરાણા મકાનના ઓરડામાં પડ્યા પડ્યા દહાડા ગણવા રહ્યા.

મકાન ખાલી કરવા આડે બે દહાડા બાકી રહ્યા હતા ત્યાં ટીનિયાને આંચકી ઊપડી; મારી પત્નીનું રુદન સાંભળીને ડોસી દોડી આવી. ટીનિયાની હાલત જોઈને તરત એ એના ઘેર ગઈ. દેશી દવાઓની નાની-મોટી પોટકીઓ લઈને ઝડપથી પાછી ફરી. ઘસારા ઘસીને ટીનિયાને પાયા અને એને પોતાના ખોળામાં લઈને લગભગ આખી રાત જાગતી બેસી રહી.

ટીનિયો સાજો થઈ ગયો. બીજે દિવસે આખર તારીખ હતી. શાળાએથી છૂટીને સમી સાંજરે થાક્યોપાક્યો હું ઘેર આવ્યો. પાણીના પ્યાલા સાથે મારી પત્નીએ એક ચાવી મારા હાથમાં મૂકી, ને ધીમેથી બોલી :

'લ્યો, ડોસીમાએ એમના ઘરને અડીને આવેલી ઓરડીની આ ચાવી....' - અને હું કાટખાધેલી ચાવી સામે, પત્નીની આંખો સામે વારાફરતી જોઈ રહ્યો. 'સાચું કહું તો તાળું તો ક્યારનુંય બે દા'ડા પહેલાં જ ખૂલી ગયું હતું. ❑

પસ્તીનાં પાનાં

ડૉ. પ્ર. ચુ. વૈદ્ય

રામદેવપીર

તા. ૧૮-૧-૭૦.

રાજકીય વ્યક્તિઓ આજકાલ ઇન્દિરા કૉંગ્રેસ અને જૂની કૉંગ્રેસ (ઇન્ડિકેટ અને સિન્ડિકેટ)ના ઝઘડામાં વ્યસ્ત છે ત્યારે ગુજરાતની આમજનતા પોતાને રસ્તે પોતાને ફાવે તે રીતે જઈ રહી છે. હમણાં હમણાં, પંચમહાલ, ખેડા અને અમદાવાદ જિલ્લાઓને ગામડેગામડે એક નવો સંપ્રદાય ઘોડાપૂરની જેમ ફરી વળ્યો છે. શહેરના ભદ્ર જનો ઉપર આની અસર નથી થઈ, પણ ગામડાંઓમાં રામદેવપીરની મંડળીઓ ગામેગામ ખડી થઈ રહી છે. ઠાકરડાઓમાં આ રામદેવપીરની ભક્તિ વધુ ફેલાઈ છે, પણ કુંભાર, હરિજન તથા વાળંદ કોમોમાં ય આ સંપ્રદાયનો પ્રચાર થઈ રહ્યો છે.

"લીલા ઘોડા પર સવાર નકળંગી શ્યામનેજાધારી રામદેવ પીરજી મહારાજ"નાં આખ્યાનો અને રામલીલા કે ભવાઈ જેવાં નાટકો ગામેગામ રાત્રે ભજવાય છે. મંડળીમાં ભળવા માટે ત્રણ મુખ્ય વ્રતો રામદેવજીના ઘોડા પર હાથ મૂકીને લેવાં પડે છે, 'દારૂ-નશો છોડીશ, જૂઠું નહિ બોલું, ચોરી નહિ કરું.'

આ રામદેવજી પીર કોણ હતા ? રેડીઓ ઉપરથી કેટલીકવાર 'રામદેવપીરનો હેલો' આવે છે. હરજી ભાથી નામના કોઈ મારવાડી ભક્તે લોકઢાળમાં રચેલાં પદો ઉપરથી રામદેવ પીરના જીવન અને ચરિત્રની ઝાંખી મળે છે. ૧૫મા સૈકામાં જોધપુર પાસેના ઠાકોર અજમલજીએ ભૈરવા નામના રાક્ષસના ત્રાસથી પ્રજાને ઉગારવા ખૂબ ભક્તિ કરી ત્યારે પ્રભુનું વરદાન પામ્યા કે ખુદ ભગવાન તેમને ઘેર બીજા પુત્ર રૂપે અવતરશે. તે પ્રમાણે, 'સંવત ચૌદહ ઇકસઠ સાલા, વસંત પંચમી પ્રગટે નંદબાલા', એમ જન્મેલા રામદેવજીના ચરિત્રનું, બરાબર શ્રીકૃષ્ણના ચરિત્ર જેવું વર્ણન દંત-કથાઓમાં મળે છે. વળી, રામદેવજી તો મુસલમાન રાજકર્તાઓના જમાનામાં થયા હતા એટલે દંત-કથામાં એમ પણ આવે છે કે મક્કાના પીર રામદેવજીના ચમત્કારો સાંભળીને આ હિન્દવા પીરને મળવા ખાસ આવ્યા હતા !

આમ તો આ સંપ્રદાયનાં વ્રતોને લીધે સમાજ-સેવકોને આ સંપ્રદાયનો પ્રસાર થાય તે ગમે છે. પણ તેને લીધે જે અંધશ્રદ્ધા જન્મે છે તે આ વિજ્ઞાનના યુગમાં કેમ પોષાય? લોકોના આકર્ષણનું મુખ્ય કારણ તો દંતકથામાં આવતા રામદેવપીરના ચમત્કારો છે. આને લીધે અંધશ્રદ્ધા જન્મે છે અને પોષાય છે. 'ગુજરાતનાં ગામડાંમાં આવતું આ પ્રતિક્રિયાવાદી પરિવર્તન ઉત્તેજવા જેવું જરીકે નથી પણ ઇન્ડિકેટ-સિન્ડિકેટની માયામાં ફસાયેલા આપણા નેતાઓને આ બાબત તરફ નજર કરવાની ક્યાં ફુરસદ છે?

વિજ્ઞાનનો 'ધંધો'

તા. ૮-૧-૭૩.

વિસનગર પાસે ખેરાળુ ગામમાં ૨૫ વર્ષનો એક મુસ્લિમ નઝર મહમ્મદ મંત્રેલું પાણી આપે છે, અને તે પાણી પીવાથી અસાધ્ય રોગો પણ મટી જાય છે એવી વાત ચાલી. એટલે ગામેગામથી લોકોનાં ટોળાં મંત્રેલું પાણી લેવા ખેરાળુ ચાલ્યા અને આ ૨૫ વર્ષનો જુવાન 'ખેરાળુનો બાપુ' બની ગયો. પછી તો ખેરાળુ ગામે લોકોનો એટલો બધો ધસારો થવા લાગ્યો કે, દરેક વ્યક્તિની પાણીની બોટલને ફૂંક મારવાનું બાપુને પોષાય નહિ એટલે પછી 'સમૂહ ફૂંક'ની વ્યવસ્થા ઊભી થઈ. અવકાશ યુગમાં એમ બાટલે બાટલે જુદી ફૂંક મારે તે કાંઈ યોગ્ય કહેવાય? એટલે પછી માઈક ગોઠવીને બાપુ માઈકમાં મંત્ર ભણીને ફૂંક મારે અને હજારો માણસો તેમના પાણીના બાટલા લાઉડસ્પીકર તરફ ધરી રાખે ! ચારે બાજુથી ટ્રક અને ખટારા ભરીને માણસો ખેરાળુ આવવા લાગ્યા અને ભીંસાભીંસમાં એક-બે માણસ ચગદાઈ પણ ગયાં. આથી મહેસાણાના જિલ્લા મેજિસ્ટ્રેટે 'બાપુ'ને ફૂંક મારવા સામે મનાઈ હુકમ ફરમાવ્યો, તથા ખેરાળુ ગામમાં પાંચ માણસોને ભેગા થવાની મનાઈ ફરમાવી. 'બાપુ'એ મેજિસ્ટ્રેટના આ મનાઈહુકમ સામે રીટ કરી ! હાઈકોર્ટમાં તા. પહેલી-બીજીથી સુનાવણી થઈ અને તે દરમિયાન 'અવકાશ યુગ'નાં ગુજરાતી છાપાંઓએ પાનું ભરીને ખેરાળુના આ બાપુનું ફોટા સાથે જીવન-ચરિત્ર છાપ્યું. હાઈકોર્ટમાં સરકાર અને બાપુ વચ્ચે સમાધાન થયું. સમાધાન મુજબ બાપુ ૮મી જાન્યુઆરીથી ફૂંક મારીને પાણી આપવાનું ફરી શરૂ કરી શકશે. પણ રોજના ૨૦ હજારથી વધુ માણસોને ફૂંક મારી શકશે નહીં. તે પણ બબ્બે કલાકના અન્તરે ચાર ચાર હજારથી વધુ માણસોને એકસાથે ન લેવા. સમાધાન થયા પછી સમાધાનની શરત મુજબ મહેસાણા જિલ્લા મેજિસ્ટ્રેટે બાપુને ખબર આપી કે જે જમીનમાં તમે લોકોને મંત્રેલું પાણી આપો છો તે જમીન ગ્રામપંચાયતની છે માટે પંચાયત પાસેથી પરવાનગી મેળવવી. ચારચાર હજાર માણસને અગાઉથી પાસ આપવા અને તે બધા માણસો લાઈન-બંધ ફૂંકેલું પાણી લેવા આવી શકે માટે પાઈપ કે વાંસ બાંધી લાઈન કરવાની વ્યવસ્થા કરવી અને લાઈન તૂટે નહીં તે માટે સ્વયંસેવકો રાખવા. આ બધી વ્યવસ્થા થઈ ગઈ છે તેની ખાતરી મેજિસ્ટ્રેટને કરાવ્યા બાદ તા. ૮મીનો ફૂંક મારવાનો કાર્યક્રમ શરૂ કરવો.

ખેરાળુના બાપુથી આ શરતો તો પળાય તેવી હતી નહીં. તેથી તેમણે મંત્ર બોલી ફૂંક મારવાનો કાર્યક્રમ આજથી શરૂ થવાનો હતો તે બંધ રાખ્યો અને કાયદેસર શું પગલાં લઈ શકાય તેની બાપુના ટેકેદારો વિચારણા કરી રહ્યા છે!

આ ઉપર જે વાત લખી છે તે ૧૯૭૩ના જાન્યુઆરીની વાત છે, ૧૮૭૩ના જાન્યુઆરીની નહીં ! જ્યારે ચંદીગઢમાં સાયન્સ કૉંગ્રેસ તેની ૬૦મી બેઠક ભરી રહી છે અને તેમાં ભારતભરમાંથી ૪૦૦૦ જેટલા 'વિજ્ઞાનીઓ' ભાગ લઈ રહ્યા છે ત્યારની વાત છે! જ્યારે ઇન્ડીઅન મેડિકલ સોસાયટીની ૪૮મી બેઠક અમદાવાદમાં મળી રહી છે અને અમદાવાદ મેડિકલ સોસાયટી પણ તેની એકાદ જ્યુબિલી ઉજવી રહી છે ત્યારે જ અમદાવાદથી ૭૦ કિ.મી. દૂર ખેરાળુ 'બાપુ' માઈકમાંથી ફૂંક મારી પાણી મંત્રી આપે છે અને તે પાણી ગમે તેવા રોગો દૂર કરી આપે છે તેવી શ્રદ્ધા સાથે લોકોનાં ટોળાં ઊભરાય છે !!

આપણા સમાજમાં વિજ્ઞાન ઉપરથી લાદવામાં આવ્યું હોય તેવું દેખાય છે. વિજ્ઞાન શીખવું, શીખવવું, તેમાં સંશોધન કરવું, કરાવવું એ એકવાત છે, જીવન તરફ વૈજ્ઞાનિક દૃષ્ટિબિન્દુ અપનાવવું એ બીજી વાત છે. આપણા દેશમાં વિજ્ઞાનનો ધંધો વિકસ્યો છે ! પણ વૈજ્ઞાનિક દૃષ્ટિબિન્દુ તો વિજ્ઞાનીઓમાં પણ પ્રસર્યું નથી તો આમજનતામાં તો ક્યાંથી પ્રસરે. મેં અગાઉના એક પત્રમાં લખ્યું છે તેમ એક મોટી વિજ્ઞાન-સંસ્થાએ મારાં વ્યાખ્યાનોનું બિલ ૧૨-૩૦ થી ૨-૦૦ના ગાળામાં ન બનાવ્યું; કારણ કે, ત્યારે કાળ ચોઘડિયું ચાલતું હતું ! જો આવી વિજ્ઞાન-સંસ્થાને કાળ ચોઘડિયું નડતું હોય તો ખેરાળુના બાપુનો શું વાંક?

પરીક્ષાની સીઝન

તા. ૨૭-૩-૭૩.

હવે તો પરીક્ષાની 'ઋતુ' શરૂ થઈ છે. આપણે ત્યાં ઠંડી, ગરમી અને વરસાદની ઋતુઓ હોય છે એટલું જ નહીં, પણ લગ્નની, મુસાફરીની અને પરીક્ષાઓની પણ ઋતુઓ હોય છે. ત્યાં અમેરિકામાં સીઝનલ પરીક્ષા નહીં. ત્યાં તો બાર મહિનામાં ગમે ત્યારે થોડોથોડો વરસાદ પડ્યા કરે તેમ બારેમાસ થોડીથોડી પરીક્ષા લેવાતી રહે. એટલે ત્યાં અમારા જેવા પ્રશ્નો ઊભા ન થાય. અહીં અમારે ત્યાં તો ચોમાસામાં જ વરસાદ આવે. એટલે અનેક પ્રશ્નો ઊભા થાય. ક્યાંક ખૂબ વરસાદ પડે, નદી-નાળાં ઊભરાઈ જાય, પૂર અને રેલ-સંકટ ઊભું થાય, તો ક્યાંક વરસાદ બહુ ઓછો પડે અને સૂકું વાતાવરણ રહે. એવી જ રીતે અમારી પરીક્ષાઓ પણ સીઝનલ; એટલે તેમાંથી પણ અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ જેવાં અનેક સંકટો ઊભાં થાય!

ઉત્તર ભારત તો આવાં પરીક્ષા-સંકટો માટે જાણીતું છે. પરીક્ષા-હૉલની બહાર લાઉડ સ્પીકરો મારફત પ્રશ્નપત્રોનાં જવાબો બ્રોડકસ્ટ થાય, ચોરી કરવા ન દેવા માટે નિરીક્ષકો ઉપર હુમલો થાય એ બધું ત્યાં રોજિન્દુ થઈ ગયું છે. આ વર્ષે બિહારમાં અને મધ્યપ્રદેશમાં સુપરવાઈઝરો માટે ખાસ વીમો ઉતરાવવાની વ્યવસ્થા થઈ છે!

અને હવે ઉત્તરની આ અસર વિંધ્યાચલ પર્વત ઓળંગીને આગળ વધવા લાગી છે. આ વર્ષે ગુજરાતમાં એસ.એસ.સી. પરીક્ષા હમણાં જ પૂરી થઈ. તેમાં નડીઆદ કેન્દ્રમાં મોટા પ્રમાણમાં ચોરીઓ થઈ છે, એવી માહિતી મળતાં એસ.એસ.સી. બોર્ડના પ્રમુખ બીજે દિવસે એકાએક નડીઆદના પરીક્ષાકેન્દ્રમાં ગયા અને પરીક્ષા આપતા વિદ્યાર્થીઓને દાટી આપતાં કહ્યું કે, તમારા ખિસ્સામાં જે કાંઈ લખેલા કાગળ કે ચિઠ્ઠી હોય તે રજૂ કરી દો. થોડીવારમાં તો આવા કાગળો કે ચિઠ્ઠીઓનો ઢગલો થયો. ત્રણ કોથળા ભરીને આવા કાગળો મળ્યા!

ભાવનગર કેન્દ્રમાં એસ.વાય. બી.એસસી.ની પરીક્ષા ચાલતી હતી તેમાં બે વિદ્યાર્થીઓને ચોરી કરતાં સુપરવાઈઝરે રોક્યા. વિદ્યાર્થીઓએ ચોરી કરવા દેવા વિનંતી કરી. સુપરવાઈઝર કબૂલ ન થયો. એટલે મારામારી થઈ. એ બે વિદ્યાર્થી સાથે બીજા દસ વિદ્યાર્થી ભળ્યા. પેલા સુપરવાઈઝરે યુનિવર્સિટીને લખીને સુપરવાઈઝરું કરવાની ના પાડી. છેવટે યુનિવર્સિટી વચ્ચે પડી અને પેલા ૧૨ વિદ્યાર્થીઓની પોલીસે ધરપકડ કરી છે અને કેઈસ માંડ્યો છે.

આમ, ઉત્તર ભારતની અસર વિંધ્યાચળ ઓળંગીને ગુજરાતમાં ઊતરી તો આવી છે પણ હજુ સુધી તો ગુજરાતમાં તેનો ગુજરાતી રીતે સામનો થાય છે. આગળ ઉપર તે તેનું ઉત્તર ભારતીય રૂપ પકડે છે કે નહીં તે જોવું રહ્યું.

પણ આ પરીક્ષાની પરિસ્થિતિ આમ વિકૃત માર્ગે આગળ વધી રહી છે તેનું મૂળ કારણ સામાજિક છે. આપણા સમાજમાં આ પરીક્ષાના પરિણામને ઘણું બધું કારણ વગરનું મહત્ત્વ અપાય છે. હમણાં જ સમાચાર હતા કે કૉલેજના પહેલા વર્ષના વિજ્ઞાનનો એક વિદ્યાર્થી પરીક્ષા આપી સાંજે ઘેર ન આવ્યો. પરીક્ષાનો પેપર ખરાબ ગયો એટલે 'ઘેર બધાં વઢશે' એમ કરીને તે બીજે ગામ ભાગી ગયો. પછી, 'મને ફકીર ઉપાડી ગયો હતો' એવી વાત બનાવી, ઘેર કાગળ લખી પૈસા મંગાવી ઘેર પાછો આવ્યો. જેથી 'ફકીર ઉપાડી ગયો તેથી પરીક્ષામાં ક્યાંથી બેસાય' એમ ગણીને નાપાસ થાય તો ઘેર કોઈ વઢે નહીં!

અહીં છાપામાં 'હું શાણી અને શકરાભાઈ'નું એક કૉલમ દર રવિવારે આવે છે તેમાં આ વાતનો બહુ સચોટ કટાક્ષ આવ્યો હતો. અમથાભાઈ શકરાભાઈ પાસે પરીક્ષાનો નંબર લઈને આવે છે. એટલે શકરાભાઈ કહે છે કે, કોઈને પાસ કરાવવાની વાત હોય તો બોલતા જ નહીં. ત્યારે અમથાભાઈ કહે છે કે, પાસ કરાવવાની વાત નથી આ તો નાપાસ કરાવવાની વાત છે. વાત એમ હતી કે, અમથાભાઈના દીકરાનું વેવિશાળ એક લખપતિની દીકરી સાથે થયું હતું. વરરાજા ૧૦મા ધોરણમાં નાપાસ થયા હતા અને પેલી લખપતિ દીકરી એસ.એસ.સી.માં બેઠી હતી એટલે અમથાભાઈ બસો-પાંચસો રૂપિયા ખર્ચીને પણ તે છોકરી નાપાસ થાય તેની પેરવી કરતા હતા!

પરીક્ષાના પરિણામ ઉપર ચારિત્ર્ય, નોકરી, મોભો, લગ્ન એમ કેટલું બધું આપણે ગોઠવી દીધું છે અને ખરી રીતે તો પરીક્ષામાં 'વાંચેલું કેટલું યાદ રહ્યું' એ સિવાય બીજું ખાસ ચકાસતા પણ નથી! ❑


ઈન્સેટ-૨

પ્રહ્‌લાદ છ. પટેલ

ઈન્સેટ-૧ શ્રેણીમાં સફળતાની સાથે અર્ધોઅર્ધ નિષ્ફળતા પણ હતી. આ અંશતઃ નિષ્ફળતાએ અવકાશ વિજ્ઞાન અને ટેક્નોલૉજિના ક્ષેત્રે વધુ સફળતાઓ પામવા પ્રતિબદ્ધતા અને કટિબદ્ધતાનાં બીજ રોપ્યાં. પરિણામે ઈન્સેટ-૨ ઉપગ્રહોની શ્રેણી અંતરિક્ષ ખંડમાં આત્મવિશ્વાસ અને સ્વનિર્ભરતા વધારનાર પ્રમુખ કદમ છે. બીજી પેઢીના ઉપગ્રહો સંપૂર્ણપણે સ્વદેશી રહ્યા છે, અને આ ઘટનાએ ભારતની અવકાશ સંશોધન-નીતિને જોરદાર ટેકો આપ્યો છે.

'ઈન્સેટ-૨એ'ને તા. ૧૯-૭-'૯૨ અને 'ઈન્સેટ-૨બી'ને તા. ૨૩-૭-'૯૩ના રોજ છોડવામાં આવ્યા. કોઈપણ પ્રકારની યાંત્રિક કે અન્ય ખામી વિના બંને ઉપગ્રહો હજી કાર્યરત રહ્યા છે. ઇસરોના મુખ્ય ચાર મથકો ઉપર સંપૂર્ણ-સંવાદિતા સાથે ઈન્સેટ ઉપગ્રહોનું સર્જન કરવામાં આવ્યું છે. ઉપગ્રહનું મુખ્ય તંત્ર (ચોકઠું-frame) બૅંગ્લોર ખાતે આવેલા ઇસરો ઉપગ્રહ કેન્દ્રમાં તૈયાર કરવામાં આવ્યું છે. આ ચોકઠામાં અંકુશ-પ્રણાલિ, અંતરમિતિ (telemetry) દૂર-આદેશ (tele-command) અને પાવર-પ્રણાલિ વગેરે ગોઠવાયેલો છે. ઉપગ્રહને કક્ષામાં સંતુલિત રાખવા માટે જરૂરી વિઘૂર્ણી (gyro) એકમો, પ્રતિક્રિયા ચક્રો અને વેગમાન ચક્રોનું ઉત્પાદન તિરૂવનંતપુરમના વિક્રમ સારાભાઈ અવકાશ કેન્દ્ર ખાતે કરવામાં આવે છે. ઇન્સેટના મોસમી પેલોડના અતિઉચ્ચ વિભેદન રેડિયોમીટર માટે જરૂરી ઍન્ટેના પરાવર્તકો અને ક્રમવીક્ષણ (Scanning) યંત્રાવલી પણ ત્યાં જ તૈયાર કરાય છે. આવા રેડિયોમીટર અને સંચાર ટ્રાન્સપોન્ડર અમદાવાદના અંતરિક્ષ ઉપયોગ કેન્દ્ર ખાતે તૈયાર કરાય છે. ઉપગ્રહને અંતરિક્ષ (trasfer) કક્ષામાંથી ભૂ-સ્થિર (geostationary) કક્ષામાં લઈ જતી ભૂમિ-ઉચ્ચ (apogee) અભિવર્ધક (booster) અને ઉપગ્રહને કક્ષામાં નિશ્ચિત કરેલા ખાચાં (slot)માં ટકાવી રાખવા જરૂરી પ્રણોદકો (thrusters)નું ઉત્પાદન 'લિક્વિડ પ્રોપલ્ઝન સિસ્ટમ કેન્દ્ર (તિરૂવનંતપુરમ)' ખાતે થાય છે.

'ઈન્સેટ-૨એ' અને 'ર્બી'ને યુરોપિયન સ્પેસ એજન્સીના એરિયન રૉકેટ દ્વારા છોડવામાં આવ્યા હતા. પણ તેને ભ્રમણકક્ષા સુધી લઈ જવાની અને તેને નિશ્ચિત ખાંચામાં ગોઠવવાની શ્રેણીબદ્ધ કામગીરી તો ભારતીય અંતરિક્ષ અનુસંધાન સંગઠન (ઇસરો)ના વિજ્ઞાનીઓએ જ કરી હતી. આવી જટિલ અને સૂક્ષ્મ કામગીરી દરમ્યાન હર ઘડીએ ચાંપતી નજર રાખવી અનિવાર્ય



છે. તે માટે કર્ણાટકમાં આવેલા હસન ખાતે 'માસ્ટર કંટ્રોલ ફેસિલિટી' કેન્દ્ર ઊભું કરવામાં આવ્યું છે અને ત્યાંથી જ ઈન્સેટને આદેશોનું આદાન-પ્રદાન કરવામાં આવે છે. ઈન્સેટ શ્રેણીના સ્વદેશીપણાની આ પ્રતીતિ છે.

ઉપગ્રહોના હેતુઓ, રચના અને યંત્રવિધિ (mechanism)ના સંદર્ભમાં 'ઈન્સેટ-૨એ' અને 'ર્બી' જોડકા સંતાનો જેવા છે. પણ આ શ્રેણીના ત્રીજા ઉપગ્રહ 'ઈન્સેટ-૨સી'ને થોડોક જુદી રીતે આયોજિત કરવામાં આવશે. તેની અંદર મોસમના નિરીક્ષણ માટેનો પેલોડ નહીં હોય, પણ તેની જગાએ KU-ટ્રાન્સપોન્ડર હશે. આ ટ્રાન્સપોન્ડર ઘણી ઉચ્ચ આવૃત્તિ એટલે કે ૧૦.૫ ગીગાહર્ટ્‌સથી ૧૪.૫ ગીગાહર્ટ્‌સ વચ્ચે કાર્ય કરે છે. ૧ ગીગાહર્ટ્‌સ = ૧૦^{૯} હર્ટ્‌સ થાય છે. આવા ટ્રાન્સપોન્ડરથી દૂરદર્શનના કાર્યક્રમો મેળવી શકાશે. ગતિમાં હોય તેવાં મોટર કે વિમાન જેવાં વાહનો સાથે સંદેશાવ્યવહાર થઈ શકે તેવી સંચાર-સેવા માટે પ્રાયોગિક સામગ્રી તેમાં હશે. સંભવતઃ ૧૯૯૮માં છોડવામાં આવનાર 'ઈન્સેટ-૨ઈ'માં અતિ ઉચ્ચ વિભેદન રેડિયોમીટરની સુધારેલી આવૃત્તિ જોડવામાં આવશે.

'ઈન્સેટ-૨એ' અને 'ર્બી'ની સફળતા બાદ ભારતે ઉપગ્રહ ટેક્નોલૉજિના ક્ષેત્રે જોરદાર સિદ્ધિ પ્રાપ્ત કરી છે. પણ પ્રમોચન વાહનોની બાબતે હજુ ઘણું બધું કરવાનું બાકી છે. અત્યાર સુધી SLV (Satellite Launching Vehicle) અને ASLV (Augmented SLV) બાબતે નોંધપાત્ર સિદ્ધિ મેળવી છે. PSLV (Poler SLV)નો પ્રથમ તબક્કો અમેરિકન ટિટાન અને અવકાશ શટલ પછી ત્રીજા નંબરે આવતું ઘન અભિવર્ધક છે. PSLVના આયોજનમાં ભારતીય ઉદ્યોગોનો સિંહફાળો રહેલો છે. PSLVનો પ્રથમ તબક્કો 'મિશ્ર ધાતુ નિગમ' હૈદરાબાદ ખાતે તૈયાર કરવામાં આવ્યો છે. તેની મોટર વાલચંદ ઔદ્યોગિક એકમ તથા લાર્સન-ટોબ્રો કંપનીએ, પ્રવાહી 'વિકાસ' એન્જિન ગોદરેજ અને બોયસા કંપનીએ, પ્રવાહી નોદકો (Propellants)

આંધ્ર-સુગર અને હિંદુસ્તાન ઑર્ગેનિક એકમોએ, ઘન નોદકો નોસિલ કંપનીએ અને ખસેડી શકાય તેવું બારમાપનું ઊંચું PSLV ટાવર ત્રિવેણી સ્ટ્રક્ચરલ્સ કંપનીએ તૈયાર કરેલ છે. આ રીતે PSLVની રચના ભારતમાં જ શક્ય બનતી હોઈ તેની આડે કોઈ અડચણ નથી.

પણ GSLV (geostationary SLV) માટે વાત કંઈક જુદી છે, કારણ કે તેને માટે ક્રાયોજેનિક રૉકેટ એન્જિનની જરૂર પડે છે. ક્રાયોજેનિક રૉકેટ એટલે નિમ્નતાપી રૉકેટ. PSLVના વિકાસ એન્જિનમાં જરૂરી નોદકો ઓરડાના તાપમાનવાળા પ્રવાહી છે. જ્યારે ક્રાયોજેનિક એન્જિનમાં પ્રવાહી ઑક્સિજન અને પ્રવાહી હાઈડ્રોજન નોદક તરીકે વપરાય છે. આવા પ્રવાહી નોદકોનો અત્યંત નીચા તાપમાને સંગ્રહ કરી રાખવો પડે છે. GSLVના ત્રીજા તબક્કામાં ક્રાયોજેનિક એન્જિન અનિવાર્ય છે.

યુ.એસ.એસ.આર. આવાં ક્રાયોજેનિક એન્જિન અને ટેક્નોલૉજિ પૂરાં પાડવા માટે વચનબદ્ધ હતું. ઠંડા યુદ્ધની સમાપ્તિ બાદ વિશ્વનો રાજકીય નકશો બદલાઈ ગયો છે. આર્થિક ઊથલપાથલોથી કેટલાક દેશોમાં ખટપટો શરૂ થઈ છે. અમેરિકાનો કોઈ રાજકીય હરીફ નથી રહ્યો. આથી તે મહાસત્તામાંથી વિશ્વસત્તા બનવા માટે આંધળી દોટ મૂકી રહ્યું છે. અમેરિકાની ચાલમાં ફસાતાં અને બદલાયેલી પરિસ્થિતિમાં રશિયામાં ભારે અફડાતફડી શરૂ થઈ ગઈ છે. આર્થિક ભીંસને કારણે રશિયાને અમેરિકાની કઠપૂતળી તરીકે નાચવું પડે છે. આ બધાનું સીધું પરિણામ આવ્યું છે કે Missile Technology Control Regime (MTCR)એ ભારતને ક્રાયોજેનિક એન્જિન કે ટેક્નોલૉજિ પૂરી પાડવા સામે રશિયા ઉપર પ્રતિબંધ મૂક્યો છે. ક્રાયોજેનિક ટેક્નોલૉજિના યુદ્ધ-લક્ષી ઉપયોગ સામે લાલબત્તી ધરવાનો MTRCનો ઉદ્દેશ છે. પણ ભારત આ ટેક્નોલૉજિનો ઉપયોગ યુદ્ધલક્ષી મિસાઈલ બનાવવામાં કરશે તેવી દુર્ગંધ અમેરિકાએ ચોમેર ફેલાવી છે. અમેરિકાનું આ અડપલું રશિયા અને ભ્રારતનાં કાંડાં આમળવાં સમાન છે. અમેરિકાની આ અવળચંડાઈ ભારત માટે છૂપા આશીર્વાદ છે, કારણ કે, ભારતને આ પડકાર ઝીલી લઈને ક્રાયોજેનિક ટેક્નોલૉજિ ઘરઆંગણે વિકસાવવાની તક એ પૂરી પાડે છે. ભારત તે માટે સક્ષમ છે. તેનાથી આ ક્ષેત્રે ભારતનો આત્મવિશ્વાસ વધુ મજબૂત બનશે અને અવકાશ વિજ્ઞાનને ટેક્નોલૉજિના ક્ષેત્રે આત્મનિર્ભર બનવાનો એક અનોખો અવસર મળી રહેશે. અમેરિકાની અંચઈ સામે ઇસરો બે-ત્રણ વર્ષમાં જ ક્રાયોજેનિક એન્જિન બનાવવા કટિબદ્ધ છે. ક્રાયોજેનિક એન્જિનનું સ્વપ્ન સાકાર થતાં ઇન્સેટ-૨ શ્રેણીના ઉપગ્રહો છોડવા માટે મેદાન મોકળું થશે.

ઇન્સેટ શ્રેણીના ઉપગ્રહોથી રાષ્ટ્રમાં આર્થિક વિકાસની નવી તકો ઊભી થશે. ખાનગી અને જાહેર સાહસો પ્રભાવિત થાય તેવો ધબકતો અને ગતિશીલ અવકાશ ઉદ્યોગ શરૂ થશે. અવકાશ કાર્યક્રમોમાં ભારતીય ઉદ્યોગો સુયોજિત રીતે જોડાતાં ભારતના આર્થિક તંત્રને એક નવું વધારાનું પરિમાણ પ્રાપ્ત થશે. અવકાશીય ઔદ્યોગિક તાકાત તરીકે ભારતનો ઉદય થશે.

દૂરસંચાર ટેક્નોલૉજિ, કમ્પ્યૂટર અને ઉપગ્રહના સમન્વિત પ્રાયોગિક આયોજન દ્વારા ભારતની સંચાર વ્યવસ્થામાં આમૂલ ક્રાંતિનાં ચિહ્નો ક્ષિતિજે દેખાઈ રહ્યાં છે. પ્રસારણ અને દૂરભાષી પ્રણાલિને આધુનિકતા પ્રાપ્ત થતાં વ્યાવસાયિક કાર્યોની તાસીર બદલાતી જશે. વિજ્ઞાન અને અવકાશ ટેક્નોલૉજિના ઝડપી વિકાસથી સામાજિક અને ગૃહજીવનશૈલીમાં ધરખમ ફેરફારો, નાવીન્ય અને આધુનિકતાએ પગપેસારો કર્યો છે. વીડિયોફોનની રચનાથી ફોન ઉપર વાતચીત કરનાર વ્યક્તિની તસવીર પણ જોઈ શકાશે. તે જ રીતે ટેલિ-ફેક્સ, ડેટાફેક્સ વગેરે ભવિષ્યમાં સાકાર થશે. આ બધાના કાર્યમાં સંચાર ઉપગ્રહો હાર્દસ્થાને હશે.

આશરે સાઠ કરોડ રૂપિયાના ખર્ચવાળો 'ઇન્સેટ-૨એ' વધુ અદ્યતન છે. હજારો વિજ્ઞાનીઓ, ઇજનેરો અને ટેક્નિશિયનોની બુદ્ધિ અને કૌશલ્યનું એ પરિણામ છે. તેમાં ૧૮ ટ્રાન્સપોન્ડરો છે. વિસ્તૃત કરેલ છ સી-બેન્ડ ટ્રાન્સપોન્ડર છે. તેમની ગ્રહણશક્તિ વધારે છે. આ બધા જ ટ્રાન્સપોન્ડરોથી ૬૪૦૦ દ્વિમાર્ગી ટેલિફોન પરિપથ અને પ્રસારણ માટે વધારાની ચૅનલ મળશે. બે ટ્રાન્સપોન્ડરો વ્યાપારી અને વ્યાવસાયિક સંદેશાવ્યવહાર માટે છે. મહત્ત્વની બાબત તો તે છે કે વિશ્વ વહીવટી રેડિયો સમિતિએ વિસ્તૃત સી-બન્ડ આવૃત્તિના અંશનિષ્કાસન (tapping) માટે માત્ર ભારતને જ પરવાનગી આપી છે. આ બધા ટ્રાન્સપોન્ડરો પૂર્વોત્તર ભારત જેવા દુર્ગમ વિસ્તારો સાથે જોડાણ કરવા માટે સક્ષમ છે.

તેનાથી લેહ, લડાખ, પોર્ટબ્લેયર, લક્ષદ્વીપ સાથે સંપર્ક સાધી સુદૂર શિક્ષણ માટે તેની સેવાઓ ઉપલબ્ધ કરી શકાશે. આથી નિરક્ષરતા-નિવારણ જેવા કાર્યક્રમો માટે ઇન્સેટ ઉપગ્રહો એક કારગત માધ્યમ બની રહેશે. અત્યારે આંતરરાષ્ટ્રિય પરિષદો માટે દેશ-પરદેશના પ્રતિનિધિઓએ નિશ્ચિત સ્થળે ભેગા થવું પડે છે. આ પરિસ્થિતિ ખર્ચાળ છે અને તેમાં સમયનો ઘણો વ્યય થાય છે. તેના વિકલ્પ તરીકે ઉપગ્રહો દ્વારા ટેલિ-પરિષદોનું આયોજન કરી નાણાં અને સમયની બચત કરી શકાશે. ટેલિ-પરિષદો માટે દુનિયાનાં મહત્ત્વનાં મથકોને ઉપગ્રહ સાથે જોડી દેવામાં આવશે.

જંગલોમાં વિમાનો તૂટી પડવાની અને સમુદ્રમાં જહાજો ડૂબી જવાની ઘટનાઓ આજકાલ સામાન્ય છે. રણ તથા પર્વતારોહકો

(અનુસંધાન પૃ. ૧૮૭ પર)

ઘર

બહાદુરભાઈ જ. વાંક

છ-સાત વર્ષની તર્જનીને સાથે લઈને કાનજીએ સાઈકલ મારી મૂકી - તળેટીમાં ભરાયેલા શિવરાત્રિના મેળા તરફ.

ને તર્જની પૂછી બેઠી : 'પપ્પા, મમ્મીને પણ સાથે આવવું'તું. તમે મમ્મીને કેમ નો આવવા દીધી ?'

કાનજીએ કંઈ જવાબ આપ્યો નહીં. તેની નજર તો દૂર રસ્તા ઉપર સળગતી ભોંય ચકરીની જેમ દોડી રહી હતી.

કુટુંબીઓ કહેતાં હતાં : 'તમે જ પોસ્ટમૅન, ને ગામમાં તમારે જ ઘરના ઘરનું કોઈ સરનામું નહિ ! કંઈક તો કરો...'

ને જેમ તેમ સગવડ કરી મકાન માટે જમીન ખરીદી... સારું મુહૂર્ત જોવડાવી પાયા પુરાવવા... પૈસાની સગવડ માટે ચોતરફ દોડાદોડી... ઝડપથી દોડતું ખર્ચનું મીટર...

સામા પવનમાં તેની સાઈકલના વ્હીલ સહેજ ફંગોળાયાં. ત્યાં તર્જનીએ ફરી પૂછ્યું : 'પપ્પા, મેળામાંથી મને અને મમ્મીને શું લઈ દેશો?'

જમીનના પુરાયેલા પાયામાંથી ધૂળ બહાર નીકળી ગઈ હોય તેમ તેની ભીતરમાં અચાનક જાણે દ્વિધાનું ગાબડું પડી ગયું. સાઈકલને જોરથી પેડલ મારતાં તે તાડૂક્યો : 'તું છાનીમાની બેસી રહેશે કે નહિ? કે પછી તારી બાની જેમ જ.'

કંઈક નારાજ થતાં તર્જની ફરી બોલી : 'પપ્પા, માલે મમ્મી પાહે જાવું...'

ફરી તર્જનીના મુખેથી 'મમ્મી' શબ્દ સાંભળતાં જ તેને કાનમાં જાણે ટાંકણી ભોંકાઈ. ચિત્તમાં જાણે ગરમ તેલનું પોતું ફરી રહ્યું હોય તેમ તે... પગાર હાથમાં આવે કે તરત જ લાભુનો ઉપાડો - ઘરમાં આ નથી, ને ઘરમાં તે નથી... મારે બધુંય કેમ ચલાવવું... સાલીને ખબર છે કે હું મકાન બનાવું છું, છતાંય કરકસરનું તો નામ જ નહિ. ભલેને હું ઘેરઘેર ટપાલો વહેંચીને મરી જાઉં... તેના પૈસાદાર બાપે તેને કરકસર કરવાનું તો શીખવ્યું જ નહિ...

હવામાં ઊડતા પોતાના વાળને સરખા કરતાં તર્જની બોલી : 'પપ્પા, મારે મેળામાંથી મોટર લેવી છે... તેમાં બેહીને હું અને મમ્મી હરદ્વાર...'

હા, એક વખત લાભુએ હરદ્વાર જવાની જિદ કરેલી. તેના બાપે ખર્ચીની સારી એવી રકમ પણ મોકલી હતી. પણ તેને પોસ્ટમાંથી રજા ન મળી અને લાભુની ઈચ્છા અધૂરી જ રહી ગઈ હતી. આ વખતે લાભુના બાપે કોઈકને કહેલું : 'મને આ પોસ્ટમૅન જમાઈ બરાબરનો ભટકાઈ ગયો છે.'

ને કાનજીની સાઈકલ વૃક્ષના એક ઠૂંઠા સાથે અથડાઈ પડી... સાઈકલની ચેન ઊતરી ગઈ. તર્જનીને નીચે ઉતારી તેણે ચેન ચઢાવી. તર્જનીને બેસાડી ફરી સાઈકલ આગળ... સામા પવનમાં ધૂળની ડમરીની સાથે જ તેનું ચિત્ત સિમેન્ટ, રેતી, ચૂનો ને બેલાની ખરીદીના હિસાબમાં એવું ચકડોળે ચઢી ગયું હતું કે. . .

હજુ સવારે જ તેણે લાભુને કહ્યું હતું : 'મકાનની પ્લિન્થ ભરીને, ચોરસાઈ સુધીનું ચણતર કરાવવામાં તો મારા નાકે દમ આવી ગયો છે. કોણ જાણે કેમ મકાન પૂરું થાશે...'

લાભુએ તેની વાતને ઊડાવી દેતાં કહેલું : 'બસ, જ્યારે હોય ત્યારે તમે મકાનનાં જ રોદડાં... મેં મારાં ઘરેણાં આપી દીધાં, તોય મકાનમાં તમારું પૂરું થયું નહિ...'

'તારે તો વાત જ કરવી છે ને. બજારમાં જઈ માલસામાનના ભાવ તો જરા પૂછી જો. તને ય ખબર પડે કે એક બેલા ઉપર બીજું બેલું કેમ ચઢી શકે છે. તારેય ઘરમાં થોડી કરકસર કરતાં શીખવું જોઈએ...'

'કરકસર હું શેની કરું? ઘર ચલાવવા આખરે તમે મને હાથમાં કેટલો પગાર આપો છો, એ તમે વિચાર્યું?'

'વિચારવાનું તો તારે છે - હું બધું કેમ ચલાવું છું એ... બાકી તું મને ક્યાંક બાવો...'

'બાવી તો તમે મને જ બનાવી દીધી છે - મારાં ઘરેણાં વેચીને...'

ને જોરદાર પવનની ઝાપટ તેના ચહેરા ઉપર વીંઝાઈ. એક બાજુ મોં કરીને તેણે ઝડપથી સાઈકલને પેડલ માર્યું. તેનો પગ જાણે સાથળમાંથી જુદો પડી જતો હોય તેમ તેને લાગ્યું. ત્યાં સાઈકલ ઉપર બેસીને કંટાળી ગઈ હોય તેમ તર્જની બોલી ઊઠી : 'માલે સાઈકલ ઉપર નથી બેહવું. મને બવ વાગે છે.'

સાઈકલ આગળ દોડાવતાં તે સ્વગત બબડી ઊઠ્યો : આ સાઈકલ તો મને પણ કેવી વાગે છે! વર્ષો સુધી ઘેરઘેર ટપાલો વહેંચીને કેવી સાવ ખખડી ગઈ છે! કેદુનો નવી ખરીદવા વિચારું છું, પણ ઘરખર્ચમાં એક તો લાભુનો હાથ છૂટો, ને તેમાં પાછો મકાનનો ખર્ચ! ગઈકાલે લાભુને નવી સાઈકલ ખરીદવાની વાત કરી તો વડકું ભરી લીધું : 'એક તો ઘરમાં પૂરું કરી શકતા નથી, મકાનનું કામ ઉપાડ્યું છે, ને તમને સાઈકલ લેવાનું સૂઝે છે?'

'હા, એ બધુંય હું જાણું છું. પણ સાઈકલ વગર મારે ઘેરઘેર ટપાલો વહેંચવા પણ કેમ જાવું? વધારામાં મકાનના કામકાજ માટે ધોડાં કરવાનાં...'

'પણ હમણાં તો આ સાઈકલથી જ રોડવો. આવા ખર્ચ અત્યારે પોપાય? મારી પાસે હવે ઘરેણાં નથી કે હું તમને...'

'મેં તારી પાસે પૈસાની માગણી કરી? પછી તું કેમ આમ આડું બોલે છે? હું મારી રીતે બધું રોડવી લઈશ.'

'જો એમ જ હોત તો તો તમે ક્યારનુંય મકાન પૂરું કરી નાખ્યું હોત...'

'મકાન... મકાન... કરીને તેં તો મારો જીવ ખાધો. બરાબરની તું ય મારી પાછળ જ...'

'તંઈ ક્યાં સુધી આ ભાડાની ઘોલકીમાં પડ્યા રહેશો? જરાક સાચી વાત કહું ત્યાં તો તમે... જરા મગજથી બધીય વાતનો વિચાર તો કરો.'

ને સાઈકલ ચલાવતાં ચલાવતાં જ તેનું મગજ ધમધમવા માંડ્યું. અચાનક રોદો આવતાં પાછી સાઈકલની ચેન ઊતરી ગઈ. સાઈકલ ઊભી રાખીને ફરી ચેન ચઢાવતાં જ તેને ચેન લાભુના માથામાં જ ફટકારી દેવાની ઇચ્છા થઈ આવી. તેણે ફરી સાઈકલ આગળ દોડાવી. આ વખતે લાભુએ જાણે સાઈકલને પાછળથી જોરથી પકડી રાખી હોય તેમ તેને લાગ્યું.

ફરી ધૂળની ડમરી... ફરી લાભુ...

બે દિવસ પહેલાં તે મકાન માટે પૈસાનો ક્યાંકથી જોગ કરવા બહાર નીકળતો હતો, ત્યાં જ લાભુ બોલી હતી : 'તર્જની માટે શાળાનો યૂનિફૉર્મ સિવડાવવાનો છે.'

'હમણાં આવો કોઈ ખર્ચ કરવાની મારામાં ત્રેવડ નથી. તને ખબર છે ને હું મકાનમાં સાવ...'

'તો પછી છોકરીને ભણતી ભણતી ઊઠાડી લો, એટલે નિરાંત.' છણકો કરતાં લાભુ બોલી.

'તું દરેક વાતને આડી કેમ લે છે?'

'માથે મકાનનો કરજો છે, છતાંય નવી સઈકલ લેવાનું તમે વિચારી શકો છો, પણ તર્જની માટે એક જોડી કપડાં સિવડાવી આપવામાં ઠાગાઠૈયા કરો છો.'

તે બરાબરનો સમસમી ઊઠ્યો : 'કઈ વસ્તુની વધારે જરૂર છે, તેનું તને કંઈ ભાન છે? વળી તર્જનીને એક જોડી કપડાં તો છે જ.'

'એક જોડીએ શું થાય ? શાળામાં બધી છોકરિયું સાથે તેને રહેવું કે નહિ ?'

'ભલે, એક જોડી કપડાં સિવડાવી આપીશ; પણ એ તો નવાં ચંપલ પણ લઈ આપવાનું કહેતી હતી.'

'હા, તેના ચંપલ પણ તૂટી જ ગયાં છે ને.'

ને તે લાભુ ઉપર ઊકળી ઊઠ્યો : 'છોકરીને વધારે પડતાં લાડ કરીકરીને તેં જ બગાડી દીધી છે.'

'એમાં મેં તેને શું બગાડી દીધી? બસ ખર્ચની વાત આવે એટલે બધું જ તમને બગડેલું...'

કંઈક બીજી જ વાત કરતાં તે રોષથી બોલ્યો : 'છોકરાવને કેવી રીતે ઉછેરવા, તેને કેમ શિક્ષણ-સંસ્કાર આપવા તેનુંય તને ભાન નથી...'

'તંઈ છોકરીને ઉછેરીને તમે જ મોટી કરી હશે કાં? બસ તમને તો વાત વાતમાં ઝઘડા જ... મકાનની બધી ખીજ અમારા ઉપર જ...'

'આમાં ઝઘડાની વાત હું નથી કરતો, તું જ કરે છે. થોડી કરકસર કરીને જે હોય તેનાથી ચલાવી લેતાં શીખવું જોઈએ. જ્યારે તું...'

'હા... હા... બોલો શું હું...?' લાભુ બરાબરની તપી ગઈ.

'હજુ હમણાં જ પડોશીઓ સાથે બજારમાં જઈને તું તારા માટે બે સાડલા લઈ આવેલી. અત્યારે, આ પરિસ્થિતિમાં આવો ખર્ચ કરવો શું જરૂરી છે?'

ને લાભુ રોષથી સળગી ઊઠી : 'તમારાથી મકાન થાય તો કરો... બાકી અમારેય સમાજમાં રહેવું છે. કંઈક માણસની રીતે ભાતે રહેવું કે નહિ ? વળી હું પરણીને આવી એ પછી તમે મને કેટલી સાડીઓ લઈ આપી છે, એ કહેશો? બસ તમે તો કરકસર... કરકસરનો જ કક્કો ઘૂંટ્યા કરો છો. ન મારી ચિંતા, ન છોકરીની. બસ તમે તમારી જ ધૂનમાં...'

'લાભુ, તું ખરેખર મને ઝેર ખવડાવશે હોં.'

ને મેળાની ભીડ શરૂ થતી હોઈ, અચાનક તેણે જોરથી બ્રેક મારી. ને તર્જની ચીસ પાડી ઊઠી.

'શું થયું ? શું થયું ?' બોલતાંકને તેણે સાઈકલ ઊભી રાખી દીધી. જુએ છે તો તર્જનીની આંગળીઓ બ્રેકની વચ્ચે જ આવી ગઈ હતી. તર્જની જોર જોરથી રડવા માંડી. તે તર્જનીને છાની રાખવા મથામણ કરવા લાગ્યો. તેણે તર્જનીને રસ્તામાંથી એકાદ ફુગ્ગો લઈ આપ્યો. તે ફુગ્ગા સાથે રમતી શાંત પડી ગઈ.

મેળાની ભીડમાં દાખલ થતાં જ તે પાછી બોલી : 'મારે બા વગર મેળો નથી જોવો. મારે ઘેર જાવું...' ને ઘેર જવા માટે તેને કજિયો શરૂ કરી દીધો.

તેણે તર્જનીને ફોસલાવતાં મેળામાંથી ભાગ લઈ આપ્યો. પણ તેણે તો ભાગનો જ ઘા કરી દીધો : 'મારે ભાગ નઈ... મારે ઘરે જાવું...'

ફરી તર્જનીને ફોસલાવતાં, તેણે એક રમકડું ખરીદી આપ્યું. પણ તેણે તો રમકડાને પણ ઘા કરીને ફગાવી દીધું. રમકડાને પાછું ઉપાડતાં તેણે તર્જનીના ગાલ ઉપર એક હળવી થપ્પડ ચોડી દીધી : 'સાલી, એની માની જેમ કોઈ વાતમાં માનવાવાળી જ નહિને.'

ફરી તર્જની જોરજોરથી રડવા માંડી. તેણે ફરી તર્જનીને ફોસલાવતાં કહ્યું : 'ચાલ, હવે રડ નહિ. તને ચકડોળમાં બેસાડું.'

તર્જની છણકો કરતાં બોલી : 'ના, મારે નથી બેહવું. તમારી કિટ્ટા.'

ફરીને તર્જનીને સમજાવતાં તે બોલ્યો : 'ચાલ, તને જાદુના

ખેલ દેખાડું. તને બહુ મજા આવશે.'

'ના, મારે નથી જોવા. તમારી... કિટ્ટા...'

'તો તું કહે તે ચાલ મેળામાંથી લઈ આપું...'

પણ તર્જનીએ તો 'તમારી કિટ્ટા'થી વિશેષ કંઈપણ બોલવાનું જ ટાળ્યું. હવે કાનજી બરાબરનો કંટાળી ગયો. પણ તેને આઈસ્ક્રીમ ખવડાતાં તે થોડી શાંત પડી ગઈ. એટલે કાનજી તેને રમકડાંની એક દુકાન પાસે તેડી ગયો..

રમકડાં જોતાં જ તેની નજર એક સુંદર મોટર ઉપર પડી. બોલી: 'મારે આ મોટર લેવી...'

કાનજીએ મોટરનો ભાવ પૂછ્યો, તો તેની કિંમત તેને વધારે લાગી. એટલે સસ્તી કિંમતની પ્લાસ્ટિકની ટ્રાઈસિકલ ખરીદી આપતાં તે બોલ્યો : 'મોટર કરતાં તો આ સારી છે.'

તર્જનીએ મોં બગાડીને ટ્રાઈસિકલ હાથમાં લીધી. બાજુમાં વિવિધ પ્રકારનાં રંગબેરંગી સ્ટિકરોની દુકાન હતી. ત્યાંથી તેણે નવા મકાનના બારણે ચોંટાડવા માટે 'લાભ' અને 'શુભ'નાં બે સ્ટિકરો પણ ખરીદી ખિસ્સામાં મૂક્યાં. તે ક્યાંક બેસીને થાક ખાવા વિચારતો હતો, ત્યાં જ તર્જનીએ ફરી ઘરે જવા માટે કજિયો શરૂ કરી દીધો. અંતે તેનાથી એકદમ કંટાળીને કાનજીએ સાઈકલ ઘર તરફ વાળી. જ્યાં થોડે પહોંચ્યો હશે, ત્યાં મકાનનું શન્ટિંગ-કામ કરનાર કારીગરો મળી ગયા. કારીગરોએ તેને સ્લેબ ભરવાના ભાવ આપ્યા. ભાવનો કાગળિયો ખિસ્સામાં મૂકતાં પાછો તે સાઈકલ ઉપર...

કઈ રીતે મકાનનો સ્લેબ ભરવો... હવે કોની પાસેથી પૈસા માંગવા... કોઈની ઓળખાણથી સિમેન્ટ અને ખિલાસરી ઉધાર મળી જાય તો તો...

ને સામેથી ઝડપથી આવતાં એક ઓઈલ ટૅંકરની હડફેટે તેની સાઈકલ જરા ચઢી ગઈ. ટૅંકરથી બચવા તેણે ઝડપથી હૅંડલ ઘુમાવ્યું.... ને તે નીચે એક બાજુ ફંગોળાઈ ગયો. તેના હાથપગ સહેજ છોલાઈ ગયા. તર્જની પણ નીચે પડી ગઈ. તે ભેંકડો પાડતી રડવા લાગી. તર્જનીને બેઠી કરતાં તેણે પોતાના માથા ઉપર હાથ ફેરવ્યો. જુએ છે તો તેની ટોપી ટૅંકરના વ્હીલ નીચે જ... તર્જનીના હાથમાં રહેલી ટ્રાઈસિકલ પણ એક બાજુ ફંગોળાઈ ગઈ હતી. તેણે પોતાનાં કપડાંને સરખાં કરતાં દૂર પડેલી ટોપી ને બલૂન હાથમાં લીધાં... ટ્રાઈસિકલ વ્હીલની નીચે આવી જવાથી તેના ત્રણ વ્હીલ જુદાં પડી ગયાં હતાં. સાઈકલની સીટનો આખો લબ્દો પણ બહાર નીકળી ગયો હતો. સાઈકલના વળી ગયેલા હૅંડલને સરખું કરતાં તેણે માથે ટોપી પહેરી. તર્જનીને છાની રાખતાં ફરી તેને સાઈકલ ઉપર બેસાડી. પણ સાઈકલ ઉપર બેસી શકાય તેમ ન હોઈ, તેણે સાઈકલ ખેંચીને જ ઘર તરફનો રસ્તો પકડ્યો.

ઘરે આવતાં જ તેણે તર્જનીને એક થપ્પડ ચોડી દીધી : 'સાળી, કોઈ હિસાબે મેળામાં સરખી ન જ ચાલી. મને ખૂબ તંગ કર્યો.'

ધ્રૂસકે ધ્રૂસકે રડતી તર્જની લાભુને વળગી પડી. તેનું ઉપરાણું લેતાં લાભુ બોલી : 'એમાં એને શું કરવા મારો છો ? એ તો બાળક છે, એ શું સમજે ?'

'હા, આમ તો બધોય દોષ તારો જ છે. તેં જ એને ચાગલી કરીને બગાડી દીધી છે. મેળામાં મને કેટલો બધો ખર્ચ કરાવ્યો ?'

'એમાં ખર્ચ શાનો ? તમને તો બસ ખર્ચા સિવાય કંઈ જ દેખાતું નથી.'

કાનજી એકદમ કંટાળી ગયો હોઈ વિશેષ કંઈ દલીલ ન કરતાં બુશકોટ ઉતારી તેનો ઘા કરતાં પોતાના પલંગમાં જરા લાંબો થયો. થોડીવાર પછી લાભુએ તેને જમવા બોલાવ્યો. પણ તે તો અત્યાર સુધી મકાનના બાંધકામ સબબ થયેલ ખર્ચનો સરવાળો કરવામાં પડી ગયો હતો. ફરી લાભુએ યાદી આપી. હિસાબની નોટ એક બાજુ ફગાવીને તે ઊભો થયો. હાથમોં ધોઈ જમવા બેઠો.

શાક એકદમ તીખું લાગતાં તે બોલ્યો : 'શાકમાં આટલું બધું મરચું અને તેલ નાખાતાં હશે? આમાં ક્યાંથી હું...'

લાભુ બોલી : 'એ તો તમે બીડી બહુ પીઓ છો ને એટલે તીખું લાગે.'

કાનજી કંઈ જ બોલ્યો નહિ.

ફરી લાભુ બોલી : 'રોજ કેટલા રૂપિયાની બીડી પીઓ છો ?'

તે જરા રોષથી બોલ્યો : 'તારે આવી પંચાત કરવાની શી જરૂર છે? હું કમાઉં છું ને પીઉં છું ને...'

'એ તો દર મહિને મારા બાપુજી થોડી મદદ કરે છેને એટલે બધુંય...' લાભુ આગળ બોલતાં અટકી ગઈ.

'તંઈ આ ઘરમાં બધુંય તારો બાપ જ નાખી જતો હશે એમ ને?' ગુસ્સાથી થાળીને એક બાજુ હડસેલી, જમવાનું પડતું મૂકી તે ઝડપથી ઊભો થઈ ગયો.


બધું સમુંનમું કરતાં લાભુ બોલી : 'જરાક સાચું કહીએ એટલે કેવા...'

'શું સાચું કહે છે? શું તારો બાપ મારું ઘર ચલાવી દે છે? એ તો ચીંગૂસના...' કાનજી ધૂઆંપૂઆં થઈ ઊઠ્યો.

એટલે લાભુ કંઈક કડકાઈથી બોલી: 'મારા બાપ સામે થવાની જરૂર નથી. ભૂલી ગયા? જમીનના પૈસા એમણે જ તમને...'

'તારા બાપે મને મદદ કરી છે, એ તું મને કેટલીક વાખત સંભળાવ્યાં કરીશ?' કહેતી હો તો તારા બાપના પૈસા પાછા આપી દઉં...?'

(અનુસંધાન પૃષ્ઠ ૧૭૬ ઉપર)




ઈશાન

નગર-આયોજનનું એક મહત્ત્વનું અંગ
માર્ગોની રચના

હેમંત વાળા

વાસ્તુ-શાસ્ત્રમાં નાનાવિધ રીતે ભૌતિક પરિમાણોની નિયમબદ્ધ રચનાથી વિવિધ અવકાશયુક્ત સ્થાનો નિર્ધારિત કરાય છે. કુંભાર જેમ માટીને વિવિધ ઘાટ આપી પાણી કે ધન-ધાન્ય ભરવા માટેનો અવકાશ કોરી કાઢે છે તેમ સ્થાપત્ય તથા નગર-આયોજનમાં પણ નિર્મિત ભૌતિક પરિમાણોથી ઉપયોગી જગ્યાઓ રચાય છે. નગર-આયોજનમાં આવી રીતે નિર્ધારિત થતી એક મહત્ત્વની જગ્યા માર્ગ છે. પ્રાચીનકાળથી નગર-આયોજનના ઇતિહાસમાં માર્ગ માટે વિવિધ પ્રકારોના વિચારો મૂર્તિમંત થતા આવ્યા છે.

નગર-આયોજનમાં માર્ગોનું આયોજન મુખ્યત્વે ચાર હેતુસર કરવામાં આવે છે. એક, નગરના પ્રત્યેક સ્થળનો અન્ય સ્થળો સાથેનો સંપર્ક સ્થાપવા, જેથી નાગરિક-નાગરિક વચ્ચેના સંબંધ જળવાઈ રહે અને માલ-સામાનનો વિનિમય પણ શક્ય બને. વળી, માર્ગની રચનાથી સહ-અસ્તિત્વની ભાવનાનું દઢીકરણ પણ થાય અને વ્યક્તિ કે વ્યક્તિ-સમૂહ અલાયદો ન પડી જાય. બીજું, માર્ગની રચનાથી તેની બન્ને તરફ આવેલાં મકાનોમાં હવા-ઉજાસનું પ્રમાણ પણ જરૂરી માત્રામાં જળવાઈ શકે. ત્રીજું, નગરમાં ગટર-યોજના, પાણી-પુરવઠા વ્યવસ્થા જેવી સંરચના જરૂરી હોય છે. માર્ગોની રચનાથી આવી સંરચનાની બનાવટ અને માવજત સરળ બને છે અને ચોથું, નગર-આયોજનમાં બાંધકામ-મુક્ત જગ્યાઓનું આગવું મહત્ત્વ હોય છે. આવી જગ્યાઓ બહુહેતુક બની રહેતી હોય છે. નગરમાં આવેલી બાંધકામ-મુક્ત જગ્યાઓ જુદાજુદા પ્રકારના સામાજિક, રાજકીય, આર્થિક તથા રમતગમતના પ્રાસંગિક ઉપયોગમાં આવતી હોય છે. તેવી જ રીતે ઘણીવાર નગરના માર્ગ માત્ર માર્ગ ન રહેતા એક સંસ્થા બની રહે છે, જેમાં વિવિધ વ્યાપારી તથા સામાજિક પ્રવૃત્તિઓ વિકસતી હોય છે.





માર્ગ જો ઉપરોક્ત હેતુ સિદ્ધ કરવા સમર્થ હોય તો તેમની ગુણવત્તા ઉત્કૃષ્ટ ગણાય. માર્ગ સાથે દશ્ય અનુભૂતિનો સંબંધ પણ વણાયેલો છે. માર્ગ સારા દેખાય એ પણ એટલી જ અગત્યની વાત છે. માર્ગની સાથે આમ તો પ્રત્યક્ષ રીતે દશ્ય-અનુભૂતિ નિર્ધારિત પરિમાણો સંલગ્ન નથી હોતાં. કારણ કે, માર્ગ એ પોતે એક અવકાશયુક્ત જગ્યા છે, જે અન્ય બાંધકામનાં ભૌતિક-પરિમાણોથી નિર્ધારિત થાય છે. માર્ગની બંને તરફ થતાં આવાં બાંધકામમાં નિયમબદ્ધ વિવિધતા લાવવાથી માર્ગ અનિચ્છનીય દશ્ય-અનુભૂતિવાળો ન બની રહેતાં સમૃદ્ધ અનુભૂતિવાળો બની રહે. માર્ગોમાં ચોક્કસ અંતરે આવેલી બાંધકામ-મુક્ત જગ્યાઓ તથા જે તે સ્થાને માર્ગની પહોળાઈમાં થતો વધારો પણ માર્ગની આનુભૂતિને સમૃદ્ધ બનાવી શકે.

અંગ્રેજી સાહિત્યમાં માર્ગ માટે ROAD, PATH, TRACK, WAY, STREET, ROUTE, LANE વગેરે શબ્દો છે. સંસ્કૃત સાહિત્યમાં વપરાતો શબ્દ માર્ગ એ ROADનો સમાનાર્થી કહી શકાય. આ સિવાય માર્ગના અન્ય પર્યાયોમાં અયનમ્, વર્તમા, અધ્વ, પદતી, સૃતિ, સરનીય, પદ્ધતી, પધ્ય, વર્તણી તથા એકપદી મુખ્ય છે.

માર્ગ શબ્દ તેના જે મૂળ ધાતુ પરથી વ્યુત્પન્ન કરવામાં આવ્યો છે તે ધાતુનો અર્થ શોધવું ખોળવું ની પાછળ પડવું મેળવવા પ્રયત્ન કરવો એમ થાય છે. આમ વિવિધ સ્થાને પહોંચવા માટે 'જેને શોધવું પડે છે તે' એમ અર્થ નીકળી શકે. અયનમ્ શબ્દ એ અય્ ધાતુ પરથી વ્યુત્પન્ન થયો છે. અય્નો અર્થ 'જવું' એમ થતો હોવાથી અયનમ્ અર્થાત્ 'જે જવા માટે વપરાય છે તે.' વર્ત્મન્ પર્યાયનો મૂળ ધાતુ વૃત્ છે, જેનો અર્થ હોવું ઉપરાંત ઘૂમવું, ફરવું એમ પણ થાય છે.

મથાળે : જયપુર શહેરના માર્ગ-આયોજન પાછળનો મૂળભૂત સિદ્ધાંત • ડાબીબાજુ : જયપુર શહેરના માર્ગઆયોજનની રૂપરેખા





વધુ અવરજવરવાળા માર્ગ પર વ્યાપારી પ્રવૃત્તિઓ ઝડપથી વિકસે છે. ઉદાહરણ તરીકે અમદાવાદનો એક માર્ગ. જમણી બાજુ : તેરા (કચ્છ)નો એક માર્ગ. આ રીતે માર્ગ પર મુકાએલા દરવાજા સંરક્ષણની દૃષ્ટિએ ઉપયોગી હોય છે, એ સાથે એનાથી જુદાજુદા વિસ્તારની સીમા પણ નિર્ધારિત થાય છે. નીચે : ધ્રાંગધ્રા શહેરનો એક માર્ગ. આ રીતે માર્ગની બંને બાજુ બનેલાં મકાનોમાં નિયમબદ્ધ વિવિધતા લાવવાથી માર્ગની દૃશ્ય-અનુભૂતિ સમૃદ્ધ બને છે.

તેથી વર્ત્મન્ એટલે 'ફરવા-ઘૂમવા માટે જે છે તે' એમ કહી શકાય. અધ્વન્ શબ્દ મૂળ અતી ધાતુ પરથી વ્યુત્પન્ન કરાયો છે, અતી અર્થાત્ ઉલ્લંઘન કરવું કે ઓળંગી જવું અને તેથી અધ્વન્નો અર્થ 'જેનાથી વિવિધ સ્થાનો ઓળંકી જવાય છે તે' તેમ કરી શકાય. માર્ગના અન્ય એક પર્યાય અત્યયનો અર્થ પણ અતી પરથી વ્યુત્પન્ન થઈ શકે; અત્યય અર્થાત્ 'જેના ઉપર થઈને જવાય છે તે' એમ કહી શકાય. માર્ગના એક પર્યાય પંથનો મૂળ ધાતુ પદ્ અર્થાત્ જવું કે પાસે જવું તેથી પંથ એટલે 'જવા માટે જે વપરાય છે તે' એમ કહી શકાય. વળી, અન્ય એક સમજ પ્રમાણે પથનો મૂળ ધાતુ પદ્ છે જેનો અર્થ ડગલું થાય છે, તેથી પંથ અર્થાત્ 'જેના પર ડગલાં મંડાય છે તે.' પ્રદવી/પદવિ શબ્દ પણ પદ્ ધાતુ પરથી આવ્યો છે. વળી, માર્ગના પર્યાય તરીકે વપરાતા પદ્ધતિ/પદ્ધતી શબ્દનો મૂળ ધાતુ પણ પદ્ છે; પદ્ધતિ/તી અર્થાત્ 'જેના પર ડગલાં વડે/પગ વડે ઘાત કરાય છે તે'. માર્ગનો અન્ય એક પર્યાય એકપદી પણ પદ્ ધાતુ પરથી વ્યુત્પન્ન કરાયો છે. આ પર્યાય સામાન્ય રીતે સાંકડા માર્ગ માટે વપરાય છે. સૃ ધાતુ પરથી માર્ગના બે પર્યાય વ્યુત્પન્ન કરાયા છે, સૃતિ અને સરણિ/ણી. સૃ અર્થાત્ જવું, સરવું, પાસે જવું અને તેથી સૃતિ કે સરણિ/ણી અર્થાત્ 'જે (વ્યક્તિ કે સ્થાનની) પાસે જવા માટે વપરાય છે તે' એમ કહી શકાય.

સંસ્કૃતિના વિકાસની સાથેસાથે ભારતીય ઉપખંડમાં માર્ગની ઉપયોગિતા બદલાતી ગઈ. જે માર્ગ પર આવન-જાવન માટે માત્ર પગનો ઉપયોગ થતો તેના પર સમય જતાં વાહનો અવરજવર કરતાં થયાં. અમરકોશમાં જેનો સમાવેશ ન થયો હોય તેવા માર્ગના ધ્યાન ખેંચે તેવા પર્યાય રથ્યા અને નિગમ છે. જે રથની આવન-જાવન માટે વપરાય તે રથ્યા અને જે આવવા-જવા માટે ઉપયોગમાં આવવા ઉપરાંત જેના પર વ્યાપારી પ્રવૃત્તિઓ વિકસેલી હોય તે માર્ગ નિગમ કહેવાતા.

માર્ગના આ પર્યાયોમાંના અધ્યવન્ પંથ, એકપદી તથા અયનમ્નો ઉપયોગ વૈદિક સાહિત્યમાં વધારે થયો છે. માર્ગ શબ્દનો ઉપયોગ વૈદિક સંહિતાઓ તથા બ્રાહ્મણોમાં કવચિત્ જ જોવા મળે છે. તેથી એમ કહી શકાય કે તે શબ્દ પાછળથી પ્રચલિત થયો હશે. તેવી જ રીતે રથ્યા પર્યાય પણ વૈદિક કાળ પછીના સાહિત્યમાં પ્રયોજાયેલો છે. સમય જતાં સંસ્કૃત સાહિત્યમાં, રાજમાર્ગ, ઘેટામાર્ગ તથા વિશિ જેવા માર્ગના પર્યાયો પ્રયોજાતા ગયા.

નગર-આયોજનમાં માર્ગની ગોઠવણી માટે ચોક્કસ રીત



નિર્ધારિત કરતાં સૂચનો સૌપ્રથમ કૌટિલ્યના અર્થ-શાસ્ત્રમાં જોવા મળે છે. અર્થશાસ્ત્રમાં આ બાબતે કરાયેલી છણાવટ પ્રમાણે નગરમાં ઉત્તર-દક્ષિણ દિશામાં ત્રણ મુખ્ય રસ્તા જવા જોઈએ અને તેવી જ રીતે પૂર્વ-પશ્ચિમ દિશામાં પણ આવા ત્રણ રસ્તાઓ પ્રયોજાય તે જરૂરી છે. આ ઉપરાંત, નગરની ચારે તરફ બહારની બાજુ ફરતો એક માર્ગ હોવો પણ જરૂરી છે, જે માર્ગ બીજા બધા જ માર્ગોને એકબીજા સાથે સાંકળવા ઉપરાંત સંરક્ષણની દૃષ્ટિએ પણ મહત્ત્વનો બની રહે. આ માર્ગને અડીને બહારની બાજુ સંરક્ષણાત્મક દીવાલની રચના કરવી જરૂરી છે તેમ અર્થશાસ્ત્રમાં જણાવાયું છે. માર્ગના આ પ્રકારના આયોજનથી નગરનો વિસ્તાર સોળ ભાગમાં વિભાજિત થાય અને આ પ્રત્યેક ભાગને નાના ઉપમાર્ગોથી જરૂરિયાત મુજબ વિભાજિત કરી નગર-આયોજન સંપૂર્ણ બનાવી શકાય. કૌટિલ્યએ સૂચવેલી આ પ્રકારની નગર-રચના અર્વાચીન ભાષામાં ગ્રીડ-આયર્ન નગરરચના કહી શકાય અને આ પ્રકારની નગરરચના ઔદ્યોગિક ક્રાંતિ પહેલાથી પશ્ચિમના દેશોમાં પ્રયોજાતી આવી છે. તે ઉપરાંત આ જ પ્રકારની નગરરચના સિંધુખીણની સંસ્કૃતિમાં તથા મધ્યકાલીન ભારતમાં પ્રયોજાયેલી હોવાની સાબિતીઓ છે. ભારતમાં જયપુર શહેર આ પ્રકારની નગરરચનાનું એક ઉત્કૃષ્ટ ઉદાહરણ છે.

અગાઉ જણાવ્યા પ્રમાણે માર્ગ-આયોજન વિવિધ હેતુસર નક્કી કરાય છે. માર્ગની વાહનવ્યવહાર સમાવવાની ક્ષમતા, માર્ગની બંને તરફ આવેલાં મકાનોમાં હવા-ઉજાસનું પ્રમાણ, માર્ગની અન્ય પ્રકારની ઉપયોગિતાની સંભવિતતા તથા માર્ગની વિવિધ સંરચના સમાવવાની ક્ષમતા તેની પહોળાઈ પર અવલંબે છે. કૌટિલ્યના અર્થશાસ્ત્રમાં વિવિધ માર્ગોની પહોળાઈ નીચે પ્રમાણે સૂચિત કરાઈ છેઃ

લશ્કરી મથક સમા નગરના મુખ્ય માર્ગની પહોળાઈ	૮ દંડ અર્થાત્ ૪૮ ફુટ
રથની આવનજાવન માટેના મુખ્ય માર્ગની પહોળાઈ	૪ દંડ અર્થાત્ ૨૪ ફુટ
રથની સંભવિત આવન-જાવનવાળા નાના માર્ગની પહોળાઈ	૫ અરત્નિ અર્થાત્ ૭ા ફુટ
પશુઓની આવન-જાવન માટેના માર્ગની પહોળાઈ	૪ અરત્નિ અર્થાત્ ૬ ફુટ
અન્ય નાના માર્ગ તથા પગદંડીની પહોળાઈ	૨ અરત્નિ અર્થાત્ ૩ ફુટ
નગરને અન્ય નગર સાથે જોડતા મુખ્ય માર્ગની પહોળાઈ	૪ દંડ અર્થાત્ ૨૪ ફુટ
નગરને જંગલ તથા અન્ય, વિસ્તાર સાથે જોડતા માર્ગની પહોળાઈ	૨ દંડ અર્થાત્ ૧૨ ફુટ

કૌટિલ્યના અર્થશાસ્ત્રમાં માર્ગની પહોળાઈ તેની ઉપયોગિતા તથા તેના મહત્ત્વના સંદર્ભમાં સૂચવાઈ છે. કૌટિલ્યની સરખામણીમાં શુક્રાચાર્યએ સૂચિત કરેલી વિવિધ પ્રકારની માર્ગની પહોળાઈ પ્રમાણમાં વધુ છે, જે અહીં નીચે પ્રસ્તુત છેઃ

મુખ્ય રાજમાર્ગની પહોળાઈ	૩૦ ક્યુબિક્સ અર્થાત્ ૪૫ ફુટ
અન્ય રાજમાર્ગની પહોળાઈ	૨૦ ક્યુબિક્સ અર્થાત્ ૩૦ ફુટ
ઉપમાર્ગની પહોળાઈ	૧૫ ક્યુબિક્સ અથાત્ ૨૨ાા ફુટ
પગદંડીની પહોળાઈ	૩ ક્યુબિક્સ અથાત્ ૪ાા ફુટ
જે માર્ગ પર વ્યાપાર-વાણિજ્ય વિકસે તેવી પગદંડીની પહોળાઈ	૫ ક્યુબિક્સ અર્થાત્ ૧૨ ફુટ
અન્ય ગૌણ માર્ગની પહોળાઈ	૮ ક્યુબિક્સ અર્થાત્ ૧૨ ફુટ

અહીં બંને સાથે સૂચિત કરાયેલી વિવિધ માર્ગોની પહોળાઈ એ લઘુતમ પહોળાઈ દર્શાવે છે, જેનાથી વધુ પહોળા માર્ગ બનાવવા માટે મનાઈ નથી. નગર-આયોજનને લગતાં કેટલાંક સાહિત્યમાં નગરના વિવિધ માર્ગોની પહોળાઈ નગરના પ્રકાર, તેનાં પ્રમાણમાપ તથા તેમાં જરૂરી ગુણવત્તાના સંદર્ભમાં પણ સૂચિત કરાઈ છે.

પ્રાચીન ભારતમાં પરંપરા પ્રમાણે નગરનું આયોજન સામાન્ય રીતે કૌટિલ્યએ સૂચવેલ એકબીજાને લંબ (કાટખૂણે) રસ્તાઓ પ્રયોજીને કરાતું. આ પ્રકારના આયોજનથી આવન-જાવનમાં અનુકૂળતા જળવાતી અને સમગ્ર માર્ગ સાથે દૃશ્ય-સંપર્ક જળવાઈ રહેતો. તે જમાનામાં સંભવતઃ અતિ ઝડપી વાહનો ન હોવાથી ચાર રસ્તા ભેગા થાય ત્યાં તકલીફો ઓછી સર્જાતી હશે. પરંતુ વૈદિક કાળનાં નગરો કે ગામોમાં આ જ પ્રકારની માર્ગ-રચના પ્રવર્તમાન હશે તેમ માની લેવાને કારણ નથી. શક્ય છે કે ભારતીય સંસ્કૃતિમાં રથનો ઉપયોગ વધવાની સાથેસાથે માર્ગની પહોળાઈ વધતી ગઈ હશે અને માર્ગ પ્રમાણમાં વધુ સીધા થતા ગયા હશે.

વળી, જ્યાં બે રસ્તા એકબીજામાંથી પસાર થાય ત્યારે અકસ્માતનો ભય પણ રહેતો હશે, જેના નિવારણ માટે આવા સ્થાને ચૉક બનાવાયા હશે. પરિણામે રસ્તા પહોળા થતા અકસ્માતની શક્યતા ઘટે. સમય જતાં આવા ચૉક વિવિધ સામાજિક, રાજકીય તથા વ્યાપારી પ્રવૃત્તિઓ માટે સુયોગ્ય હોવાથી તેનો ઉપયોગ વિવિધ પરિબળોને આધારે વધતો ગયો હશે. વળી, એ પણ શક્ય છે કે આવા ચૉકમાં જેમજેમ નાગરિકોની 'પોતાનું હોવાની' લાગણી વિકસતી ગઈ તેમતેમ ચૉકનું ઔપચારિકપણું ઘટતું ગયું હશે. ચૉકના અનૌપચારિકપણાના વધવાની સાથેસાથે તેનું સામાજિક મૂલ્ય વધતું ગયું અને આવા ચૉક નગરની ઓળખ-સમા બનવા લાગ્યા. હાલમાં હયાત કેટલાંક પ્રાચીન નગરોમાં આવા ચૉક આજે પણ તેટલા જ મહત્ત્વના બની રહ્યા છે. ❑

ગરમાળો

વૈદ્ય બળદેવપ્રસાદ પનારા

આજકાલ શહેરીકરણની દોડમાં ને વધુ ધંધા-ઉદ્યોગોના વિકાસ અર્થે વન-સંપત્તિનો જે ઝડપથી નાશ થવા માંડતાં મોટાં શહેરોમાં પર્યાવરણની અશુદ્ધિની જે નવી સમસ્યા પેદા થઈ છે, તે પ્રત્યે દરેક શિક્ષિત વ્યક્તિએ જાગ્રત થઈ, તેના ઉપાયની દિશામાં યત્કિંચિત પ્રયત્ન કરવો જોઈએ. દરેક વ્યક્તિ પોતાના ઘર આંગણની ખુલ્લી જગ્યામાં, બગીચામાં કે ફાર્મ-ખેતર-વાડીમાં શકય તેટલાં વધુ વૃક્ષો વાવે તે ઉક્ત સમસ્યાનો સચોટ અને દીર્ઘકાળે લાભપ્રદ ઉપાય છે.

આ શ્રેણિ નીચે શહેરી કે ગ્રામીણ દરેકને ઘર-આંગણામાં વાવવા-યોગ્ય વનસ્પતિ અને ઔષધિરૂપે તેના વિવિધ ઉપયોગો કઈ રીતે થઈ શકે, તેવી વનસ્પતિ-ઔષધિનું માર્ગદર્શન આપવાનું વિચાર્યું છે. આશા છે કે 'કુમાર'ના સુજ્ઞ વાચકોને તે જરૂર ગમશે.

-સંપાદક

ઘટાદાર વિશાળ છાયાવાળા અને સોનેરી પીળા રંગના પુષ્પોથી અતિશય રમણીય અને મનોહર દેખાય છે, તેવા 'ગરમાળા 'ના વૃક્ષ વિષે આજે વધુ માહિતી મેળવીએ.

પરિચય : ગરમાળાનાં વૃક્ષ સમગ્ર ભારતમાં અને ખાસ કરીને ગરમ પ્રદેશોમાં વધુ થાય છે. ૨૦ થી ૩૦ ફુટ ઊંચાં અને ફેલાયેલા વિશાળ કદમાં આ વૃક્ષ ઉપર જાંબુનાં કે રતાંદળીનાં પાન જેવાં ઈંડાકાર અને ૧૨ થી ૧૮ ઈંચ લાંબી સળી પર સામસામે ચારથી આઠ જોડમાં ઊગે છે. આ ઝાડ ઉપર આવળનાં ફૂલો જેવાં પીળાં ફૂલોનાં ઝૂમખાં આવે છે, જેમાં સુંગધ નથી હોતી. ગરમાળાની બે જાતો છે-નાની અને મોટી. નાનો ગરમાળો પ્રાયઃ વૈશાખ-જેઠ માસમાં સુંદર પીળાં પુષ્પોથી લચી પડી એકદમ સુંદર દેખાય છે. મોટા ગરમાળા પર પણ પીળાં જ ફૂલો થાય છે, જે ચૈત્ર કે વૈશાખમાં ખીલે છે. જેઠ માસના અંત સુધી વૃક્ષો આ પુષ્પોથી શોભે છે. ફૂલ પાંચ પાંખડીવાળું અને સૂંઘતાં જરા ઉગ્ર ગંધવાળું હોય છે. આ પુષ્પોની ભાજી તથા દવાઓ બને છે. ફૂલ ખરી ગયાં પછી તેને સ્થાને લાંબી મોટી શીંગો આવે છે. આ શિંગો ૧ા થી ૨ા ફુટ લાંબી અને ૧થી ૧ા ઈંચ પહોળી તથા નળાકાર હોય છે. પાકી શિંગો રતાશ પડતા કાળા રંગની અને લાકડી જેવી સખત થાય છે. શિંગની અંદર અનેક ખાનાં હોય છે ને તેના પડદા પર અફીણ જેવા કાળા રંગનો, ચીકણો, મધુર ગર લાગેલો હોય છે, જેને 'ગરમાળાનો ગોળ' કહે છે. અને તે દવામાં, ખાસ કરી મૃદુ જુલાબ માટે, વપરાય છે.

ગરમાળો બાગ-બગીચાની ઉત્તમ શોભા છે. તે ઉપરાંત તે એક ઉત્તમ લાભદાયી વૃક્ષ પણ છે.

ગરમાળાને સંસ્કૃતમાં આરગ્વધ, રાજવૃક્ષ કે કર્ણિકાર; હિન્દીમાં અમલતાસ; મરાઠીમાં-બાહવા, ભાવા; બંગાળીમાં સોનાલુ, બન્દરલાટી; પંજાબીમાં કનિયાર; તામિલમાં કોમરે; મલાયલમમાં કટુકોના; તેલુગુમાં રેલ્લકાયા; ફારસીમાં ખ્યારે ચંબર; અંગ્રેજીમાં પુડિંગ પાઈપ ટ્રી કે ઈંડિયન લેબર્નમ તથા લૅટિનમાં કાસિયા ફિસ્ચુલા કહે છે.

ઔષધિ રૂપે આયુર્વેદના મતે ગરમાળો રસમાં મધુર, વિપાકે મધુર, શીતવીર્ય, સ્નિગ્ધ, ભારે, મૃદુ વિરેચક, જઠરાગ્નિવર્ધક તથા તાવ, હૃદયરોગ, વાયુથી ચડતો આફરો, કૃમિ, શૂળ, ઉદરરોગ, ઝાડા-પેશાબની અટકાયત, પ્રમેહ, ગુલ્મ, મૂત્ર-અલ્પતા, રક્તપિત્ત, કફોદર, પિત્તપ્રકોપ, ત્રિદોષ, ખુજલી અને ત્વચારોગનાશક છે. તાવ દરમ્યાન થતી કબજિયાતને દૂર કરવા માટે તેનો સફળ ઉપયોગ કરાય છે. આ ગુણો મોટા ગરમાળાના છે.

આંતરડામાં સંચિત કાચા અને પાકા મળને તેમજ આમદોષને પચાવીને તે બહાર કાઢે છે. તેના ગોળ(માવા)માં મળને ધીરેધીરે સરકાવીને બહાર કાઢવાનો ગુણ છે. તેથી ક્ષયરોગમાં પણ ઉદરશુદ્ધિ માટે તે વપરાય છે. કંઈક અંશે તે રક્તશુદ્ધિનું કાર્ય પણ કરે છે. તેમજ રક્તની તીક્ષ્ણતા અને ઉષ્ણતા ઘટાડે છે. તેથી તે રક્તપિત્ત (રક્તસ્રાવ)ને પણ મટાડે છે. ગરમાળાનું સેવન કરવાથી ઉદરશોધન થાય છે અને તેથી હૃદયકષ્ટથી બચી શકાય છે.

ગરમાળાનો ગોળ શ્રેષ્ઠ મૃદુ વિરેચન છે. તેથી તે નાનાં બાળકો, પિત્તની તાસીરવાળા સુકુમાર લોકો તથા ક્ષતક્ષીણ બધાંને ઉત્તમ લાભપ્રદ છે.

ગરમાળાનો ગોળ, પાન, મૂળ તથા ફૂલ એ બધાનો ઔષધ રૂપે ઉપયોગ થાય છે. ગરમાળાનાં ફૂલ શીતળ, સ્વાદે જરા કડવા, ગ્રાહી, વાયુવર્ધક, પિત્ત અને કફનાશક છે. તેનાં પુષ્પોથી બનેલ ગુલકંદ આંત્રરોગ, સૂક્ષ્મજ્વર અને કબજિયાત પર લાભદાયી છે. કોમલાંગી સ્ત્રી-બાળકોને તે આપવાથી પેટ સાફ થઈ જાય છે. આ ફૂલોનો ઉકાળો બહુમૂત્ર અને ઝાડાના દર્દમાં પણ લાભપ્રદ છે.

આધુનિક મતે ગરમાળાનો ગોળ, મૂળ, છાલ, બીજ અને પાન બધાંમાં રેચક ગુણ છે. મૂળની ક્રિયા રેચક, બલ્ય અને જ્વર નાશક છે. તેનાં પુષ્પોનો ઉકાળો ઉદરવિકારો પર અપાય છે. તે તાવ, હૃદયરોગ, પિત્તવિકારો તથા અવરુદ્ધ સ્રાવ પર લાભપ્રદ

છે. વાતરક્ત(ગાઉટ) તથા આમવાતમાં ગરમાળો જુલાબ રૂપે અપાય છે. ગરમાળો ભિલામાની વિષજન્ય ખુજલીનો નાશ કરે છે. ગરમાળાનો ઉપયોગ વધુ માત્રામાં કે વધુ સમય કરવાથી પેશાબ ઘેરા રંગનો થાય છે. ગરમાળાથી 'કાયાકલ્પ' પણ સિદ્ધ થાય છે.

ઔષધિ પ્રયોગો : (૧) તાવ :- તાવ ઊતરે ત્યારે કે કબજિયાતની વધુ સ્થિતિવાળા ગરમ તાવમાં કોઠાની શુદ્ધિ કરવા ગાયના દૂધમાં ગરમાળાનો ગોળ ૨૦ ગ્રામ જેટલો આપવો. **(૨) નસકોરી કે રક્તની ઊલટી (ઊર્ધ્વગ રક્તપિત્ત)** : ૨૦ થી ૪૦ ગ્રામ જેટલો ગરમાળાનો ગૉળ પાણીમાં ઉકાળી, તેમાં સાકાર મેળવી પીવાથી લાભ થશે. **(૩) કમળો** : શેરડી કે આમળાના રસમાં ગરમાળાનો ગૉળ ઓગાળીને આપવાથી કમળો મટે છે. **(૪) પિત્તનો તાવ** : ગરમાળાનો ગૉળ તથા કિસમિસ દ્રાક્ષનો ઉકાળો કરી પીવાથી ગરમીનો તાવ મટે છે. **(૫) પિત્ત-પ્રકોપ-લૂ :** ગરમાળાનો ગૉળ તથા પાકી આમલીના ગર્ભનો ઉકાળો કરી પાવાથી સારો લાભ થાય છે. (૬) **મુખપાક** : ગરમાળાના ગૉળમાં ધાણા તથા કાથાનું બારીક ચૂર્ણ ભેળવી, ગોળી બનાવી, મોંમાં રાખવાથી મોં આવી જવું કે મુખની ગરમી મટે છે. (૭) **બાળકોનો આફરો** : ગરમાળાનો ગૉળ થોડાં પાણીમાં ગરમ કરી, બાળકના પેટ પર તેનો લેપ કરવાથી આફરો દૂર થાય છે. (૮) **દાદર-ખરજવું :** કુવાડિયાનાં બી, ગંધક, રસવંતી, સિંધવ કોઠું અને ગરમાળાનાં પાન-ગૉળનો લેપ કરવાથી લાભ થાય છે. (૯) **કૅન્સર :-** ગરમાળાનાં પાન છાશ સાથે વાટીને લેપ કરવાથી લાભ થશે. (૧૦) **આમવાત** : ગરમાળાનાં પાનની સરસિયા તેલમાં ભાજી બનાવી ખાવાથી સંધિવામાં લાભ થાય છે. **(૧૧) હરિદ્રા પ્રમેહ** : જેમને હળદર જેવો પીળો પેશાબ થતો હોય તેમણે નિયમિત ગરમાળાનાં પાનનો ઉકાળો પીવાથી લાભ થશે. **(૧૨) વાયુના રોગો** : વાતવાહિનીઓના આઘાતથી ઉત્પન્ન થતા અડદિયા વા જેવા દર્દમાં પાનનો રસ પવાય છે તથા પક્ષાઘાતના દર્દમાં પાનનો રસ માલિસ કરાય છે. **(૧૩) શ્વાસ-ઉદરરોગ-પિષ્ટમેહ :** ૧૫ ગ્રામ ગરમાળાનો ગૉળ અને તેમાં તેટલી જ સાકર મેળવી, પાણીમાં ઉકાળો બનાવી પીવાથી શ્વાસ, ઉદરરોગ તથા પિષ્ટમેહ (મૂત્રમાં લોટ જેવો પદાર્થ જવો) મટે છે ને ધાતુ પુષ્ટ થાય છે. **(૧૪) લોહીના ઝાડા :** ગરમાળાના મૂળનું ચૂર્ણ દિવસમાં ૨-૩ વાર આપવાથી લાભ થશે. **(૧૫) કબજિયાત :** ૨૫ થી ૩૦ ગ્રામ ગરમાળાનો ગૉળ ૫૦ ગ્રામ પાણીમાં ઉકાળી દ્રવ બનાવી, તેમાં બદામનું તેલ ૧ ચમચી કે બદામ ૩ નંગ વાટીને મેળવી દો. તે સવારે કે રાતે પીવાથી ખૂબ સુખપૂર્વક ૩ થી ૪ ઝાડા થઈ કોઠો સાફ થઈ જશે. તે સાથે લોહીની ગરમી પણ ઘટશે. અથવા ગરમાળાનો ગૉળ ૧૦ ગ્રામ અને હરડે ચૂર્ણ ૫ ગ્રામનો ૨૦૦ ગ્રામ પાણીમાં ઉકાળો કરી, ૫૦ ગ્રામ રહેથી ઉતારી તેમાં સાકર મેળવી પી જવાથી ખૂબ સરસ રીતે ઝાડા થઈ જશે. કબજિયાત અને હરસની પીડા પણ ઘટશે, મસાની વેદના શમશે.-અને મસાનો રક્તસ્રાવ બંધ થશે. **(૧૬) કિડની પર સોજો-શરદી** : ગરમાળાનો ગૉળ ૨૦ ગ્રામ અને અંજીરનો રસ ૧૦ ગ્રામ લઈ એકત્ર કરી, ધીમી આંચે પકાવી ચાટણ જેવું બનાવી રોજ સવાર-સાંજ ચાટવાથી કિડની પરનો સોજો (નેફ્રાઈટિસ) તથા શરદી બંનેમાં રાહત થશે. **(૧૭) સોજા :** જવનો લોટ ૨૦ ગ્રામ, ગરમાળાનો ગૉળ ૨૦ ગ્રામ, કપૂર ૨ ગ્રામ અને અળસીનું તેલ ૧૦ ગ્રામ લઈ સાથે વાટી તેને ગરમ કરી સોજા પર લેપ કરવો. **(૧૮) અલ્પ માસિકસ્રાવ :** ગરમાળાનો ગૉળ ૧૦ ગ્રામ, સૂંઠ ૨ ગ્રામ, તજ ૨ ગ્રામ અને દિવેલાનાં મીંજ કે કપાસિયાનાં મીંજ ૨૦ ગ્રામ, સાથે વાટી તેને ૨૫૦ ગ્રામ જેટલા પાણીમાં ઉકાળવાં. ૧૦૦ ગ્રામ જેટલું પાણી રહે ત્યારે ગાળીને પીવાથી માસિક ખૂલીને-સારી રીતે આવે છે. ઓછું માસિક હોય તો વધે છે. આમ, ગરમાળાનું વૃક્ષ ઘરઆંગણની શોભા વધારવા સાથે ઔષધ રૂપે પણ અનેક રીતે લાભદાયી છે. ❑



પૂર્વ આફ્રિકાની પ્રજા-૨

કિકુયુ

ડૉ. જયકુમાર ર. શુક્લ

કેનિયામાં માઉન્ટ કેનિયા અને માઉન્ટ એબરડેર (ન્યાન્દરૂઆ)ની વચ્ચેના ફળદ્રૂપ , ખેતીલાયક અને ઢોર ઉછેરી શકાય એવા પ્રદેપ્રદેશમાં કિકુયુ લોકો વસે છે. કિકુયુ લોકોનો પ્રદેશ ઉત્તરથી દક્ષિણે ૧૬૦ કિલોમીટર અને પૂર્વથી-પશ્ચિમે ૫૦ કિલોમીટરનો છે. તેની ઊંચાઈ આસરે ૧૨૦૦ થી ૨૫૦૦ મીટર સુધીની છે. ઉત્તરે માઉન્ટ કેનિયાનાં શિખરો છે, જે ૫૨૫૦ મીટરની ઊંચાઈ ધરાવે છે. પશ્ચિમે રિફ્ટ વેલીનો ચડાણવાળો પ્રદેશ અને એબરડેર પર્વત ૪૩૦૦ મીટર ઊંચો છે. કેનિયાના વિવિધ જાતિના લોકોમાં કિકુયુ લોકોનું સૌથી મોટું જૂથ છે. ૧૯૭૯ની વસતી ગણતરી મુજબ તેમની સંખ્યા ૩૨,૦૨,૮૨૧ની હતી. કેનિયા ૧૯૬૩માં સ્વતંત્ર થયું તે અગાઉ તેમનો પ્રદેશ માત્ર ૩૨૦૦ ચોરસ કિ.મી. હતો. સ્વતંત્રતા બાદ તેનો વિસ્તાર વધારવામાં આવ્યો. હવે ૮૧,૪૬૦ ચોરસ કિ.મી. વિસ્તારમાં ઉત્તરમાં નિયેરી, દક્ષિણમાં કિઆમ્બુ અને મધ્યમાં મુરંગા જિલ્લાઓમાં કિકુયુ જાતિના લોકો વસે છે.

તે લોકોની અનુશ્રુતિ મુજબ ઈશ્વરે પેદા કરેલ ગિકુયુ નામનો પુરુષ અને મુમ્બી નામની સ્રી, ભગવાનના આદેશ અનુસાર મુકુરૂવા ગાથંગા નામના ગામમાં અંજીરનાં વૃક્ષો પાસે રહેવા લાગ્યાં. તેમને નવ દીકરીઓ થઈ. દીકરીઓ મોટી થતાં, ઈશ્વરની આજ્ઞા મુજબ, અંજીરના સૌથી મોટા વૃક્ષ પાસે આખા કુટુંબે જઈને એક ઘેટું અને તેના બચ્ચાનો ઈશ્વરને ભોગ ધરાવી તેનો અગ્નિસંસ્કાર કર્યો. બીજે દિવસે ગિકુયુ વૃક્ષ પાસે ગયો ત્યારે તેણે નવ ઊંચા, મજબૂત યુવાનો ત્યાં જોયા. તેણે પોતાની એક એક પુત્રીને એક એક યુવાન સાથે પરણાવી. તેમને ઘણાં સંતાનો થયાં. કેટલીક પેઢીઓ પછી તેમની સંખ્યા ઘણી મોટી થઈ ગઈ. તે સૌ કિકુયુના હાલના પ્રદેશમાં પ્રસરી ગયા. કિકુયુ જાતિની ઉત્પત્તિની આ કથા. એ મુજબ, ગિકુયુ તેમનો મૂળ પુરુષ ગણાય છે.

કિકુયુના હાલના પ્રદેશમાં અગાઉ વિશાળ જંગલ હતું અને ત્યાં જંગલી પશુઓ રહેતાં. તે લોકોને ફળ, મૂળ તથા પ્રાણીઓનું માંસ અને પાણી પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ થતું. અહીં ગુંબા અને 'આથી' જાતિના શિકારી અને ખોરાક ભેગો કરનારા લોકો રહેતા હતા. ગુંબા જાતિના લોકો પાસેથી કિકુયુ લોખંડ શુદ્ધ કરીને હથિયારો બનાવતાં શીખ્યાં, 'આથી' લોકો કિકુયુને હાથીદાંત, ચામડાં અને છાલ વેચીને બદલામાં માંસ અને ઢોર ખરીદતા. સોળમી સદી અને તે પછીનાં વર્ષોમાં કિકુયુ લોકોએ ટિગાનિયા અને ઈગમ્બેની ઉત્તરેથી ગુંબા અને 'આથી' લોકોના પ્રદેશમાં સ્થળાંતર કર્યું. કિકુયુ લોકો બાન્ટુ ભાષાજૂથના લોકો છે અને આફ્રિકાની પૂર્વ, મધ્ય અને દક્ષિણમાં પ્રસરતાં અગાઉ કેમેરુન્સ પ્રદેશમાં વસતા હતા.

કિકુયુ લોકોએ આ પ્રદેશમાં આવીને વસ્યા બાદ જંગલો સાફ કરી ખેતી શરૂ કરી. તેથી જંગલી પશુઓ અને તેમનો શિકાર કરનારા ગુંબા લોકો દૂર ખસી ગયા. ગુંબા અને 'આથી' જાતિના કેટલાકે કિકુયુ સાથે આંતરજાતીય લગ્નો કર્યાં. હવે કેનિયામાં ગુંબા અને 'આથી' જાતિના અલગ લોકો રહ્યા નથી.

કુટુંબમાં પિતાનું સ્થાન મહત્ત્વનું ગણાતું તથા તેનો વંશવેલો ચાલુ રહે તે માટે પુત્રો હોવા આવશ્યક ગણાતા. પરણવાની વયે પહોંચેલો પુરુષ તંદુરસ્ત અને પરિશ્રમ કરનારી સ્રીને પસંદ કરતો, જેથી તે તંદુરસ્ત બાળકોને જન્મ આપે. પુરુષ બે, ત્રણ કે ચાર પત્નીઓ સાથે લગ્ન કરતો જેથી તે વધુ સંતાનોનો પિતા બને, કુટુંબ મોટું થાય તથા વધુ જમીન અને સંપત્તિ મેળવી શકે.

તે સમયે પુષ્કળ જમીન માલિકી વગરની હતી. જે સાફસૂફ કરીને વાવેતર કરે તેની માલિકીની તે જમીન ગણાતી. સાફ કરેલા જંગલની જમીનમાં મધપૂડો મૂકીને, ઘેટાં, બકરાં અને ગાયોભેંસોને ચરાવીને તથા જંગલી પશુઓને પાંજરામાં ફસાવીને પણ જમીનની માલિકીનો દાવો કરી શકાતો. કેનિયામાં બે વર્ષાઋતુ હોય છે. માર્ચથી મે સુધીની લાંબી વર્ષાઋતુ (Long rains) અને ઑક્ટોબરથી ડિસેમ્બર સુધીની ટૂંકી વર્ષાઋતુ



કિકુયુ દંપતી–નૃત્ય માટેના પાપાકમાં

(Short rains). કિકુયુ લોકો બાજરી, સક્કરિયાં, આરારૂટ, કેળાં, કૉફી, શેરડી વગેરેનો પાક ઉગાડે છે. શેરડી કે મધમાંથી બનાવેલ બિયર ઉત્સવ ટાણે મહત્ત્વનું પીણું ગણાય છે. અગાઉ તો પ્રૌઢો જ બિયર પીતા અને ક્યારેક યુવાનોને પણ તે પીવાની છૂટ મળતી. મોટી ઉમરનાં સ્ત્રી-પુરુષો તમાકુ ઉગાડીને તેમાંથી બનાવેલી છીંકણી પણ સૂંઘતાં.

ખેતરોમાં વિવિધ પ્રકારનાં શાક, શેરડી, કેળાં, મકાઈ, બાજરી અને સૂરણની ખેતી કરાતી. યુવાનો બકરાં તથા વિવિધ વસ્તુઓ ખરીદવા, કુટુંબ માટે જુદી જુદી સેવાઓ મેળવવા અને પ્રસંગોની ઉજવણી વખતે નૈવેદ્ય ધરાવવા માટે ઘણા ઉપયોગી હતા. લગ્ન કરનાર યુવકે તેના સસરાને બકરાં, ઘેટાં અને શક્ય હોય તો ગાયો આપવાનો રિવાજ હતો. મિલકત ગાય-ભેંસ જેવા પશુઓમાં ગણાતી અને ઓછા લોકો તે ધરાવતા હતા.

સારામાઠા પ્રસંગોમાં પાડોશીઓ અને મિત્રો પરસ્પર સહકાર આપતા. મકાન પડી ગયું હોય કે બળી ગયું હોય તો બાંધવામાં અથવા ખેતરમાં ઘાસ નીંદવામાં પાડોશીઓ પરસ્પર મદદ કરતા. આ રીત કિકુયુ જાતિનાં કુટુંબો એક સામાજિક જૂથમાં અને સામાજિક ભાવનાથી જીવતા હતા. તેમનાં સંતાનો બાપથી મોટા કાકાને 'મોટા બાપા' તથા નાના કાકાને 'નાના બાપા' કહીને સંબોધતાં.

જીવન જીવવા માટે જરૂરી જ્ઞાન છોકરાં-છોકરીઓ પોતાનાં માતા-પિતા પાસેથી જ મેળવી લેતાં. માતા ખેતરમાં કામ કરતી હોય ત્યારે તેનો પુત્ર કે પુત્રી તેની સૂચના મુજબ કામ કરીને શીખી લેતાં. ઘેટાં, બકરાં કે ગાય-ભેંસ ચરાવવાનું કામ દીકરો તેના પિતા પાસેથી શીખતો. તેમાં જુદાંજુદાં ફૂલ, છોડ, ખાદ્ય કે ઝેરી છોડ વગેરેનું જ્ઞાન પણ મળતું. છોકરાઓ તથા છોકરીઓ બંનેને નિશ્ચિત સમયે સુન્નત કરાવીને માથાં મૂંડાવી, શરીરે રંગ ચોપડી, મણકાના અલંકારોથી શણગારીને આ પ્રસંગ ઉજવાતો. આ વિધિ બાદ તેને સમાજની પરંપરાઓ, લોકસાહિત્ય, વર્તન, ફરજો વગેરેનું સમાજજીવન જીવવાનું શિક્ષણ અપાતું.

સુન્નત કર્યા પછીનો યુવાન જુનિયર 'યોદ્ધા' ગણાતો અને તેને તીરંદાજી, ભાલા વડે લડતાં તથા દોડી જવાની તાલીમ અપાતી. દરેક વયજૂથમાં એક આગેવાન રહેતો. બાળકો અને યુવાનોને ગાવાનાં ગીતો અલગ હતાં. જૂના સમયમાં 'યોદ્ધાઓ' વધુ ઢોર મેળવવા અન્ય જાતિના લોકો ઉપર હુમલા કરતા અને તેમાં વિવિધ વયજૂથના પુરુષો પણ જોડાતા. પકડી આણેલાં ઢોર સહિત, તેઓ વિજેતાની અદાથી ગીતો ગાતા પાછા ફરતા. તે ગીતોમાં પોતાની વીરતાની પ્રશંસા કરતા તથા શત્રુઓને ધિક્કારતા. ભેટ આપીને વિજેતાઓનું સ્વાગત થતું અને તેમની તાકાત અને યુક્તિઓના ગુણ ગવાતાં.

દીક્ષિત યુવાનો કેવળ લડાઈ કે આક્રમણ કરવામાં જ કામ લાગતા એવું નહોતું. કેટલાક યુવાનો કદી લડાઈ કરવા જતા પણ નહીં. તેઓનું મુખ્ય કામ સમાજના લોકોને ખેતીમાં, કુટિરો બાંધવામાં, ઝાડી સાફ કરવામાં, જંગલી પશુઓના હુમલાની સામે રક્ષણ કરવામાં, રસ્તા બનાવવામાં, મધપૂડા ઉછેરવામાં અને ઢોરની સંભાળ રાખવામાં પણ મદદ કરવાનું હતું. આમ, તેઓ પોતાના સમાજ માટે વિધવિધ પ્રવૃત્તિઓ પણ કરતા.

લગ્નો માતાપિતાની સંમતિથી ગોઠવાતાં. એ પ્રસંગે અથવા ત્યાર પછી યુવકે કન્યાના પિતાને નક્કી કર્યા મુજબ ઘેટાં-બકરાં આપવાં પડતાં.

જુનિયર 'યોદ્ધા'માંથી જુનિયર વડીલ બનતી વખતે એ યુવકે એક બકરું અને પછી સિનિયર વડીલ બનતી વખતે બે બકરાં આપીને બિયર પીવડાવવી પડતી. સિનિયર વડીલોની સમિતિ કાનૂન ઘડતી અને યોદ્ધાઓ તેનું પાલન કરાવતા. આ સમિતિના સભ્યો વરસાદ માટે, વાવણી અથવા કાપણી વખતે ન્ગાઈ (ભગવાન)ની પ્રાર્થના કરતા; તથા આફતો, રોગચાળા વખતે નિશ્ચિત વિધિ કરતા. સમાજમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે ન્યાય આપવાની મહત્ત્વની ફરજ આ સમિતિની

હતી. બધા વડીલોને નહિ, પરંતુ તેમાંના કેટલાકને જ આવી જાહેર ફરજ સોંપાતી. દરેક પ્રાદેશિક એકમનો એક આગેવાન હતો. એની પસંદગીમાં એની હિંમત, શાણપણ. આત્મસૂઝ, નૈતિક ગુણ વગેરે બાબતો ધ્યાનમાં લેવાતી.

કિકુયુ કાયદા મુજબ ગુનેગારે વળતર પેટે દંડ ભરવો પડતો. ચોરી, ખૂન જેવા ગુનાઓ માટે પણ દંડ પેટે અમુક સંખ્યામાં બકરાં આપવાં પડતાં. રીઢા ગુનેગારને તેનાં સગાંઓની સંમતિ લઈને મૃત્યુદંડની સજા કરવામાં આવતી; પણ કેદની સજા કે કેદખાનાંની જોગવાઈ ન્હોતી.

કિકુયુ લોકોમાં જન્મ, દીક્ષા, લગ્ન અને મૃત્યુ તથા આપત્તિઓના સમયે દેવની હાજરી આવશ્યક ગણાતી, અને તે માટે સિનિયર વડીલો મારફતે, લોકોની સંમતિથી પૂજા કરવામાં આવતી. માઉન્ટ કેનિયામાં વિશાળ વૃક્ષો અને વૃક્ષરાજિમાં આ ન્ગાઈદેવનો વાસ હોવાથી તે સ્થાનને પવિત્ર માનવામાં આવતાં. આ દેવ વરસાદ મોકલે છે, પ્રકાશ આપે છે, વીજળી અને ગર્જના કરે છે એવી માન્યતા હતી. મૃત્યુ પામેલી વ્યક્તિ આ દેવ પાસે જાય છે. તેથી તેની પ્રાર્થના કરી તેને બિયર ધરાવવા જમીન ઉપર રેડતા. નવા જન્મેલાં બાળકોને દાદા કે દાદીનું નામ આપીને તેઓની સાથેનો સૂક્ષ્મ સંપર્ક અને જીવનનું સાતત્ય ચાલુ રાખવામાં આવતું. કિકુયુ સ્ત્રીઓ જૂના સમયથી માટીનાં વાસણો બનાવતી આવી છે. તે વાસણો પાણી ભરવા, રાંધવા તથા અનાજ ભરી રાખવા વપરાતાં. આ ઉપરાંત, છોડના રેસામાંથી થેલી, ટોપલા અને જાળ બનાવાતી. લુહારો લોખંડના હથિયારો, છરી,તીર, તલવાર, ભાલા, બંગડીઓ, ગળાનાં આભૂષણો વગેરે બનાવતા. કેટલાક કારીગરો ચામડાની ઢાલ બનાવતા.

વાજિંત્રોમાં ઢોલ, વાંસળી, ભૂંગળ, ઘૂઘરા વગેરેનો ઉપયોગ થતો. દર ચાર દિવસે બજાર ભરાતું. તેમાં વસ્તુ-વિનિમય દ્વારા વેપાર થતો. દૂરના જિલ્લા તથા માસઈ, અકમ્બા અને આથી જાતિના લોકો સાથે પણ વેપાર કરવામાં આવતો. કિકુયુના લોક-સાહિત્યમાં દંતકથાઓ, વાર્તાઓ, કહેવતો અને ઉખાણાંનો સમાવેશ થતો હતો. પૂર્વજોના અનુભવો તથા નૈતિક મૂલ્યો કહેવતોમાં વ્યક્ત થતાં. સંયુક્ત કુટુંબમાં સંપથી સાથે રહેવાની શિખામણ આપવી વૃદ્ધ પિતાએ છ લાકડીની બાંધેલી ભારી તોડવા તેના પુત્રોને જણાવ્યું, પણ તે તૂટી શકી નહીં; અને અલગ કરીને એક એક તોડી શકાઈ તે જાણીતી એ વાર્તા કિકુયુના લોકસાહિત્યમાં પણ છે.

સાંસ્થાનિક સમયમાં યુરોપિયન વસાહતીઓએ કિકુયુના કેટલાક પહાડી પ્રદેશો કબજે કર્યા હતા. કેનિયાના આધુનિક રાજકીય વિકાસ પર કિકુયુ લોકોનો ઘણો પ્રભાવ પડ્યો છે. ઓગણીસસો પચાસના દાયકામાં સાંસ્થાનિક સરકાર વિરુદ્ધની 'માઉમાઉ' ચળવળમાં કિકુયુ લોકોનું મહત્ત્વનું પ્રદાન છે. 'કેનિયા આફ્રિકન નૅશનલ યૂનિયન' નામના રાજકીય પક્ષમાં તેમણે અગત્યનો ભાગ ભજવ્યો હતો. કેનિયાની સ્વતંત્રતાની ચૈચળવળનો આગેવાન અને સ્વતંત્રતા પછી કેનિયાનો પ્રથમ પ્રમુખ જોમો કેનિયાટા કિકુયુ હતો અને કેનિયા આફ્રિકન યૂનિયનની સ્થાપના પહેલાં એ 'કિકુયુ સેન્ટ્રલ એસોસિએશન'નો મહામંત્રી હતો. ૧૯૬૩માં દેશને સ્વતંત્રતા મળ્યા પછી કિકુયુ ખેડૂતોએ પોતાના પ્રદેશોમાં સહકારી સોસાયટીઓ પણ સ્થાપી છે. તેઓ કૉફી, ફળો, શાકભાજી, મકાઈ જેવા પાક ઉગાડીને શહેરોમાં વેચે છે. સરકારી નોકરીઓમાં પણ કિકુયુ લોકો મોટી સંખ્યામાં જોવા મળે છે. ❑

અનુસંધાન] ઘર [પૃ. ૧૬૮ પરથી

'ત્રેવડ હોય તો આપી દોને. તમારાથી કશું જ થઈ શકે તેમ નથી, છતાં...'

ને કાનજીને બરાબરની ચાટી ગઈ. જોરથી તેણે લાભુના ગાલ ઉપર તમાચો ચોડી દીધો : 'તને તારા બાપે કોઈ સંસ્કાર-શિક્ષણ જ આપ્યાં નથી... નહિ તો આમ બોલે ?'

એકદમ ડઘાઈ જતાં લાભુ બોલી : 'હું તમારા પનારે પડી, એ જ તો મારા બાપનો ગુનોને ? તમારા આ બધાય ભૂખવડકા જ...' ને લાભુ ધ્રૂસકે ધ્રૂસકે રડી પડી. આંસુ લૂંછતાં બોલી : 'બસ, જે દિ'થી મકાન બનાવવાનું શરૂ કર્યું છે, તે દિ'થી તમે મારી પાછળ... તમારી ટકટકથી તો હું હવે સાવ ગળે જ...'

'તું નહીં, હું જ તારાથી ગળે આવી ગયો છું. તારા જવી કજાડી સ્ત્રી મેં જોઈ નહીં.' ચહેરા ઉપરનો પરસેવો લૂછતા તે બોલ્યો.

એકદમ ત્રાહિમામ્ થઈ જતાં લાભુ બોલી : 'હવે હું જ મારા માવતરને ત્યાં... બળ્યું તમારું ઘર.'

જીંથરિયા વાળમાં દાંતિયો સલવાઈ જાય એવી જ પરિસ્થિતિ કાનજી માટે ઊભી થઈ ગઈ હતી. ઓરડામાં આવી શૂનમૂન બની માથા-કપાળ ઉપર હાથ ફેરવતાં તે ખુરશી ઉપર બેઠો. ઊકળી ઊઠેલા ચિત્તને કંઈક સ્વસ્થ કરવા માટે તેણે બીડી હાથમાં લઈ પેટાવી. એ પૂરી થઈ જતાં બીજી બીડી. પછી ઉપરા ઉપરી બીડીઓ... છેલ્લી ઘડીનો ઘા કરી, તે પાણિયારા તરફ વળ્યો. ગોળામાંથી પાણીનો પ્યાલો ભરી, આંખમોં ઉપર છાલક મારી પાછો તે ઓરડામાં આવ્યો. જુએ છે તો ઘા કરેલ બીડીના એકાદ-બે સળગતા તિખારા તેના બુશકોટ ઉપર પડતાં, બુશકોટ સળગી રહ્યો હતો. ઝડપથી દોડીને બુશકોટ હાથમાં લઈ તે આગ ઠારવા મથામણ કરવા લાગ્યો. પણ બુશકોટ લગભગ સળગી ગયો, ને તેની નજર બુશકોટના ખિસ્સામાં રાખેલા 'લાભ-શુભ'ના સ્ટિકરો ઉપર પડી. બુશકોટ સાથે જ 'લાભ-શુભ'ના સ્ટિકરો પણ... ❑

ઈતિહાસધારા

અશોક હર્ષ



માર્ક્વિસ કર્ઝન. ઈ. ૧૮૯૮ થી ૧૯૦૫ સુધી એણે હિંદુસ્તાનના વાઈસરૉય તરીકે કામ કરેલું. 'લૉર્ડ આલાબાસ્ટર' તથા 'લૉર્ડ કર્ઝન ઑફ કેકલસ્ટન' તરીકે પણ એ ઓળખાતો. લૉર્ડ એલ્જિન પછી એ જ્યારે વાઈસરૉય બન્યો ત્યારે તેની ઉમર પૂરા ચાલીસ વર્ષની પણ નહોતી. વાઈસરૉય બન્યા પૂર્વે લગભગ દસ વર્ષ એ ખાસ કરીને એશિયાના જુદાજુદા દેશોમાં ફરેલો અને જે તે દેશો વિષે ઊંડું જ્ઞાન મેળવેલું. એક વર્ષ તેણે ઇન્ડિયા ઑફિસમાં અને ત્રણ વર્ષ ફોરેન ઑફિસમાં પણ કામ કરેલું. હિંદુસ્તાનની પ્રજા પ્રત્યે બ્રિટને એક 'મિશન'નું કામ ઉપાડ્યું છે એમ એ માનતો. બંગાળના ભાગલાના સર્જક તરીકે હિંદમાં તેને બદનામી મળી એ ખરું, પણ આ સંસ્કૃતિચાહક વાઈસરૉયે હિંદુસ્તાનનાં ઐતિહાસિક તેમજ પુરાતત્ત્વધામોની સાચવણી માટે ખાસ કાયદા દ્વારા પુરાતત્ત્વ ખાતું શરૂ કરાવેલું. લોકશાહી અને આરંભની હિંદી કૉંગ્રેસને એ ધિક્કારતો હોવા છતાં એણે પોતાની નમ્રતા જાળવી રાખેલી. લશ્કરી હિતમાં નાગરિક સર્વોપરિતાના લૉર્ડ કિચનરના વિચારોનો એણે વિરોધ કરેલો અને એ મુદ્દા પર જ એણે ૧૯૦૫માં પોતાના હોદ્દા પરથી રાજીનામું આપી દીધેલું. **સં.**

ભારત પરની બ્રિટિશ હકુમત દરમિયાન વાઈસરૉય પદે આવેલો લૉર્ડ કર્ઝન કદાચ તમામ વાઈસરોયો કરતાં વધુ દક્ષ, સાહસિક અને સંસ્કારી હતો. ભારતની પ્રાચીન કલાકારીગરીના રક્ષણ માટે એના જેટલો પ્રયત્ન અન્ય કોઈએ નથી કર્યો. જો કે પોતાના શાસન નીચે બંગાળના તેણે પાડેલા ભાગલાને અને તેને અનુલક્ષીને આ દેશમાં શરૂ થયેલા બંગભંગના સામના માટેના આંદોલનને એની કારકિર્દીને ગ્રહણ લગાડતાં આપણે તેને તેના સાચા સ્વરૂપે ઓળખવાનો પ્રયત્ન જ નથી કર્યો. અલબત્ત, સ્વભાવે એ મગરૂર હતો, અને તેની મગરૂરીનો અનુભવ ભારત તેમ જ બ્રિટન બંનેને થઈ ચૂકેલો. એની એ મગરૂરીનું પ્રતિબિંબ ઑક્સફર્ડના અન્ડર ગ્રેજ્યુએટ તરીકે એણે પોતાની જાત વિષે લખેલી આ પંક્તિઓ યથાર્થ પ્રતિબિંબ પાડે છે - 'My name is George Nathaniel Carzon, I am a most Superior person.'

વાઈસરૉય પદે આવેલો કર્ઝન કોઈ શ્રીમંત કુટુંબમાં જન્મ્યો નહોતો. ઑક્સફર્ડમાં પોતાના અભ્યાસનું ખર્ચ તેને પત્રકારત્વનું કામ કરીને કાઢવું પડતું હતું. રખડપાટનો તો તેને નાનપણથી જ શૉખ હતો. જ્યારે તેના પિતા તેના એ શૉખની વિરુદ્ધ હોઈને કુટુંબમાં એથી કલહ પણ ઊભો થયેલો. પ્રાચીન અવશેષોનો એનો મોહ જેમ અગમ્ય હતો તેમ નેપોલિયનને લગતાં સંભારણાંનો તેણે કરેલો ખાનગી સંગ્રહ પણ બેનમૂન લેખાતો.

અનેક વિષયોમાં રસ ધરાવતો કર્ઝન નાનીનાની બાબતો પર પણ ખાસ લક્ષ આપતો. એની સહનશક્તિ પણ ભારે પ્રબળ હતી. કરોડમાં સખ્ત દર્દ રહેતું હોવા છતાં તે દિવસ ને રાત અવિશ્રાંતપણે કામ કરતો રહેતો, અને કાર્યને જ જીવનનું પ્રધાન લક્ષ્ય માનતો હોઈ પોતાના હાથ નીચેનાઓ પાસેથી પણ સખ્ત કામ લેવાના કારણે તે તેમનામાં અપ્રિય થઈ પડ્યો હતો.

કર્ઝનના રખડુ જીવનનો ખ્યાલ તેનાં 'ટેઈલ્સ ઑફ ટ્રાવેલ' પુસ્તકમાંથી મળી રહે છે, જેમાં એક સ્થળે તેણે લખ્યું છે : 'બ્રિટિશ તાજનો પ્રતિનિધિ બનતાં મને જેટલો આનંદ નહોતો થયો એટલો મારાં સંશોધન અને શોધખોળ પર જ્યોગ્રાફિકલ સોસાયટીએ અર્પેલા ચાંદ બદલ થયો હતો.'

ઉપર્યુક્ત પુસ્તકની પ્રસ્તાવનામાં તેણે પોતાના રખડુ જીવનનો જે ચિતાર આપ્યો છે તે સાચા કર્ઝનને સમજવામાં સહાયક નીવડે તેવો હોઈને અહીં ઉતાર્યો છે :

'પ્રૌઢ વયના આજના આ બેઠાડુ રાજદ્વારીએ તેની યુવાનીના ઉંબરે પગ મૂકતાં જ પામીરનો ઉચ્ચપ્રદેશ ખૂંદી નાખેલો, આ નામના કાંઠે ભયંકર તોફાનોમાં તે સપડાયેલો; અફઘાનિસ્તાનમાં તેનું ખૂન થયાની વાતો બહાર આવેલી; હું એ જ તરુણ રઝળુ છું જેના પર ક્રોધિત સ્પેનિયર્ડોએ

વેલેન્સિયાના કાંઠે પથ્થરમારો કરેલો; જે ઠંડી રાતે બરફમાં થઈને સિસિલીમાં સુંદર સૂર્યોદય જોવા માટે એટના જવાલામુખીના શિખરે ચઢીને બેઠેલો, એ જ રીતે સીલોનમાં એડમ્સ-પીક પર; જે કાબૂલના અમીર અને ચિત્રાલના મેહતર સાથે રહી આવેલો; કોરિયામાં પોતાનું ઘડિયાળ ચોરવા બદલ એક સાધુને જેણે પકડેલો અને ખોરાસાનમાં જેની એક જાસૂસ તરીકે ધરપકડ કરવામાં આવેલી; ડાલમેશિયાના કાંઠે જેનું વહાણ ભાંગી પડેલું અને ઑકસસ નદીનું મૂળ જેણે શોધી કાઢેલું; શિકારી બનીને નીકળતાં એકાએક નીરવ પગલે આવી પહોંચેલા વાઘનો જેણે સામનો કરેલો; હિમાલયમાં દોરડાના પૂલ પરથી પસાર થતાં નીચે ધરામાં પડતો જે એક ઝાડની ડાળીની સહાયે બચી ગયેલો; પ્રભાતના પડદા પાછળથી કાંચનજંઘાનું ભવ્ય દર્શન, અંકોરવાટની અસ્તંગત ભવ્યતા, તાજના સૌન્દર્યનો કલ્પનાતીત આહ્લાદ... મારા માનસિક સંગ્રહાલયની આ સઘળી દોલત છે.' ❑

છત્રપતિ શિવાજીનો દુર્ગમ એવો રાયગઢનો કિલ્લો જે ટેકરી પર બંધાવેલો એ ટેકરીની તળેટીમાં રહેતી હીરા નામની ગોવાલણ દરરોજ રાયગઢમાં દૂધ આપવા આવતી. એક દિવસ કોજાગરીનો ઉત્સવ જોવા તે મોડે સુધી કિલ્લામાં રોકાઈ રહી ત્યાં ઘંટ વાગ્યો અને કિલ્લાના દરવાજા બંધ કરવામાં આવ્યા. 'થોભો' એવી બૂમ મારતી હીરા બહાર નીકળવા દોડી, પણ પહેરેદારોએ શિવાજીની આજ્ઞા હોવાનું જણાવી દરવાજો ખોલવાની ના પાડી, રાતે કોઈને ઘેર વિશ્રામ કરવા જણાવ્યું.

હીરાની નજર સામે પોતાનું બાળક અને બાળકને સાચવતી દાદીમા તરી ઊઠ્યાં. કિલ્લાની દીવાલો માપતી તે એક ઠેકાણેથી અંદરનાં પગથિયા પરથી ઉપર ચડી ગઈ, પણ બહાર ઊતરવાનાં ક્યાંય પગથિયાં ન હોઈને મૂંઝાઈ. ઉપર ફરતાં એક ઠેકાણે ટેકરીના ઊંચાણના પ્રમાણમાં ગઢની દીવાલ નીચી જોઈ. ત્યાંથી તળેટીમાંના તેના ગામના દીવા ઝળકતાં દેખાયા અને તે હિંમત કરી કૂદી પડી. ટેકરી પર જેમતેમ પગ ટેકવી ઊતરતી, લપસતી, ગબડતી તે છેવટે પોતાને ઘેર પહોંચી ગઈ.

ગઢમાં પૂરાયેલી હીરાને બીજા દિવસે દૂધ સાથે આવી પહોંચેલી જોઈ ગામલોક તો વિસ્મિત બની ઊઠ્યું. હીરાના આ સાહસની વાત શિવાજીના કાને પહોંચતાં તે નાતે હીરા જ્યાંથી કૂદી પડેલી એ સ્થાન જોવા આવ્યા. તેમને ખાતરી થઈ કે, આ દીવાલ પરથી દુર્ગમ એવો ગઢ દુશ્મનોને સુગમ બની જાય તેમ છે. તેમણે ત્યાં જ એક મોટો બુર્જ ચણાવ્યો અને તેને હીરાબુર્જ નામ આપી, હીરાને તેના અપ્રતિમ સાહસ બદલ સારી બક્ષિશ આપી. ❑

ઈ. ૧૮૫૭ના આપણે ત્યાંના સ્વાતંત્ર્ય વિપ્લવને લગતી અનેક બાબતો પર હજુ સુધી અછડતો જ પ્રકાશ પડ્યો છે અથવા તદ્દન અપ્રકાશિત રહી છે. અંગ્રેજોને આ દેશમાંથી હાંકી કાઢવા માટેના એ વિપ્લવની સરદારી લેનારાઓમાંના એક રાઓ તુલારામ પણ હતા. વિપ્લવ દરમિયાન કાલ્પી મુકામે કેટલાક વિપ્લવી નેતાઓ એકત્ર થયા, અને વિપ્લવને સફળ બનાવવા માટે રાઓ તુલારામને બીજા ચાર જણા સાથે તહેરાન મુકામે રશિયન એલચી સાથે સંપર્ક સાધવા મોકલી આપ્યા.

આ સંપર્ક દ્વારા તેમને જાણવા મળ્યું કે, રશિયા બ્રિટન સામે ભારતને કશી લશ્કરી કે અન્ય સહાય આપવા તૈયાર નહોતું, એટલે આ ભારતીય પ્રતિનિધિમંડળ પાછું ફરતાં અફઘાનિસ્તાન પહોંચ્યું અને ત્યારના અફઘાનિસ્તાનના અમીર દોસ્તમોહમ્મદનો ભારતીય વિપ્લવમાં સાથ માગ્યો, ત્યાંથી પણ છેવટે તો તેને નિરાશા જ મળી, પરંતુ રાઓ તુલારામનું વાટાઘાટો દરમિયાન જ તા. ૮મી સપ્ટેમ્બરના રોજ અવસાન થયું. અફઘાનિસ્તાનમાં જ તેમનો શાહી સંમાન સાથે કાબૂલના દિલ્હી દરવાજા બહાર અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો. ❑

મુગલ સામ્રાજ્ય તેની સમૃદ્ધિની ટોચે પહોંચ્યું હોય તો શાહજહાંના શાસનકાળમાં. ઈ. ૧૬૩૮માં તેણે આગ્રા છોડી દિલ્હીને પાટનગર બનાવ્યું. તેના વળતા જ વર્ષે તેણે કિલ્લાએ ચૌબાનું બાંધકામ શરૂ કરાવ્યું, જે પાછળથી લાલ કિલ્લા નામે ઓળખાવા માંડ્યું. એનું બાંધકામ બે નિષ્ણાતોને સોંપવામાં આવેલું - ઉસ્તાદ હમીદ તથા ઉસ્તાદ અહમદ. આ બાંધકામ માટે શેરશાહના પુત્રે બંધાવેલા સલીમગઢની નજીકનું સ્થાન પસંદ કરવામાં આવ્યું, જ્યાં એક પુરાણો અફઘાન કોટ અને નજીકમાં ભૂરેશાહની દરગાહ આવેલી હતી. બાંધકામ ઈ. ૧૬૩૬ના એપ્રિલની ૧૬મીએ શરૂ થયું અને ૧૬૪૮ના એપ્રિલની ૧૬મીએ પૂરું થયું.

આ લાલ કિલ્લાના બાંધકામ પાછળ રૂપિયા એક કરોડ ખરચવામાં આવેલા. રૂપિયાની કિંમત ત્યારે આજના રૂપિયા કરતાં ૨૦૦ ગણી હતી. શાહી મહેલોનાં મુખ કિલ્લા પાછળથી વહેતી જમના નદી તરફ રાખવામાં આવેલાં અને નદીથી મહેલો સુધી એક નહેર વહેતી કરવામાં આવેલી, જે નેહરે બેહિસ્તા તરીકે ઓળખાતી. બ્રિટિશોએ આ મહેલોના મોટા ભાગનો નાશ કરી ત્યાં લશ્કરી બરાકો ઊભી કરી દીધેલી. જે પથ્થરથી આગ્રાનો કિલ્લો બાંધવામાં આવેલા એ જ લાલ પથ્થરથી આ કિલ્લો બાંધવામાં આવેલો છે. ❑

'કથાસરિતસાગર' તથા 'અંગ્રેજી સાહિત્યનું આચમન'ના હપ્તા સંજોગવશાત્ આ અંકમાં પ્રકટ કરી શકાયા નથી.

સૌરાષ્ટ્રમાં ચાલી રહેલાં પુરાતત્ત્વીય સંશોધનની રૂપરેખા

વાય. એમ. ચીતલવાલા

ઇતિહાસ અને પુરાતત્ત્વની દૃષ્ટિએ સૌરાષ્ટ્રનું મહત્ત્વ સમજીને છેલ્લાં પંદરેક વર્ષોથી અનેક સંશોધનો હાથ ધરાયાં છે. ડેક્કન કૉલેજ પોસ્ટ ગ્રૅજ્યુએટ ઍન્ડ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ , મ.સ. વિદ્યાલય, ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઓસનોગ્રાફી અને વારાણસી સ્થિત અમેરિકન ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઇન્ડિયન સ્ટડીઝ ભારતની પ્રમુખ સંસ્થાઓના સહિયારા પ્રયાસથી મહત્ત્વની પુરાતત્ત્વીય માહિતી એકઠી કરવાનું શક્ય બન્યું છે. જે સંશોધન થયાં છે તેના પરથી સિંધુ ઘાટીની સભ્યતા અંગેના સર્વગ્રાહી ખ્યાલો મેળવવામાં સફળતા જરૂર મળી હતી પણ તે સંસ્કૃતિના ઉદ્ભવ, વિકાસ અને અસ્ત અંગેના પ્રશ્નો અનુત્તર રહ્યા હતા. સિંધુઘાટીની બહાર ભારતીય ઉપખંડમાં આ સભ્યતાના વિસ્તૃત ફેલાવાનું પણ યોગ્ય મૂલ્યાંકન કરવાનું બાકી રહ્યું હતું. કોઈપણ અગમ્ય કારણોને લઈને આ સભ્યતાનાં લોકો સિંધુઘાટી અને પંજાબના પ્રદેશો છોડી અન્ય પ્રદેશો તરફ સ્થળાંતર કરી ગયાની સરળ માન્યતા હતી. આ પ્રદેશોમાં કચ્છ, સૌરાષ્ટ્ર અને ગુજરાત-નો પણ સમાવેશ થાય છે. સ્થળાંતર પાછળનાં કારણો અને હરપ્પીય વસાહતો અંગેની આર્થિક અને સાંસ્કૃતિક માહિતી મેળવવા માટેના પ્રયાસો રૂપે સૌરાષ્ટ્રમાં રોઝડી, કુંતાસી, રંગપુર, નગવાડા, નાગેચી, ઓરિયો ટિંબો અને પાદરીના હરપ્પીય ટિંબાઓ પર ઉત્ખનન થયેલાં છે.

સિંધુ સભ્યતાનાં પ્રમુખ શહેરોના ટિંબાઓ - મૉહે જો ડેરો અને હરપ્પા - પર આ સદીના ત્રીજા દશકામાં ખોદકામ હાથ ધરવામાં આવેલાં અને આ સભ્યતા અંગેનાં કેટલાંક તારણો કે જેના અંગે પુનઃ વિચારણા ચાલે છે તે કંઈક આ રીતે હતાં :

(૧) સિંધુ ખીણમાં સભ્યતા અંગેની પ્રથમ લહેર પશ્ચિમ એશિયાથી આવી હતી. (૨) આ સભ્યતા ઈ.સ. પૂર્વે ૩૦૦૦-૧૫૦૦ વર્ષો વચ્ચે અસ્તિત્વમાં હતી. (૩) આ સભ્યતાના અસ્તિત્વ દરમિયાન શહેરીકરણના સ્તરે પહોંચી ગયા પછી તેનો કોઈ નોંધપાત્ર વિકાસ થયો ન હતો.(૪) સભ્યતાનો અંત પ્રલયને આભારી કે પછી કોઈ આક્રમણ, સંભવતઃ આર્ય આક્રમણને કારણે થયો હતો. (૫) આ સભ્યતાનાં પ્રમુખ બે નગરો - મૉંહે જો ડેરો અને હરપ્પા તેની બે રાજધાનીનાં શહેરો હતાં.

આજે હવે પાકિસ્તાન સહિત ભારતીય ઉપખંડમાં જે સંશોધનો હાથ ધરાયાં છે તેના પરિણામે ઉપરનાં બધાં જ તારણો ખામીભર્યાં જણાયાં છે.

સિંધુ ખીણની બહાર, ખાસ કરીને કચ્છ-સૌરાષ્ટ્રમાં અનેક હરપ્પીય વસાહતો મળી આવી છે જેમાંની ધોળાવીરા (ખડીર - કચ્છ) સિંધુ સંસ્કૃતિનું એક પ્રમુખ નગર હશે તેવું જણાયું છે. તદ્ઉપરાંત આવી એક અન્ય શહેરી વસાહત ગુનરેરીવાલા (પાકિસ્તાન)માં મળી આવી છે. હવે સમસ્ત પરિસ્થિતિ મોંહે જો ડેરો અને હરપ્પા ઉપરાંત અન્ય શહેરોની હયાતી સૂચવે છે જે કદાચ આર્થિક અને રાજકીય દૃષ્ટિએ અન્ય શહેરો જેટલું જ મહત્ત્વ ધરાવતી હોવાનું માની શકાય. કચ્છમાં થયેલાં ઉત્ખનનોના આધારે જાણી શકાયું છે કે સિંધુઘાટીથી ખરેખર મોટા પાયે લોકોનું સ્થળાંતર એક જ સમયે થયું ન હતું પણ પ્રથમ કિલ્લેબંધી કરેલી વસાહતો વેપાર-વાણિજ્યના દૃષ્ટિકોણથી બાંધવામાં આવી હતી અને આમાં તે સમયે પશ્ચિમ એશિયા સાથેનો વેપાર મુખ્ય આર્થિક આકર્ષણ રહ્યો હશે. કારણ કે જે માલ નિર્યાત કરવામાં આવતો તેની કાચી સામગ્રી કચ્છ-સૌરાષ્ટ્રમાં ઉપલબ્ધ હતી. ખરેખર એ વેપાર અને હરપ્પીય વસાહતો કચ્છ-સૌરાષ્ટ્રમાં ચોક્કસ કયા સમયે અસ્તિત્વમાં આવી તે પ્રશ્ન મહત્ત્વનો છે. તાજેતરમાં થયેલાં ખોદકામો, ખાસ કરીને નગવાડા (સુરેન્દ્રનગર) અને પાદરી (તળાજા - ભાવનગર)ના નીચલા થરોમાંથી પૂર્વ-હરપ્પાકાલીન સંસ્કૃતિના અવશેષો મળ્યા છે. પાદરીમાં આ સંસ્કૃતિની સ્થિતિ સ્પષ્ટ નથી. પણ નગવાડામાંથી મળેલી માટીની કોઠીઓ અને અન્ય વાસણો સિંધની આખરી સંસ્કૃતિને મળતાં આવે છે અને તેનું સમયાંકન આશરે ઈ.સ. પૂર્વે ૨૬૦૦ જેટલું ગણાય છે. કચ્છમાં સૂરકોટડા વસાહતની નીચેના થરોમાંથી પૂર્વ-હરપ્પાકાલીન અવશેષો મળેલા છે અને કંઈક અંશે સોમનાથમાં હિરણ નદીના કાંઠે નગરા ટિંબાની પ્રભાસ સંસ્કૃતિના નીચેના થરોમાંથી પૂર્વ હરપ્પાકાલીન સ્તરો મળી આવ્યા હતા. રેડીઓકાર્બન પદ્ધતિથી મેળવેલું સમયાંકન લગભગ ઈ.સ. પૂર્વે ૨૮૦૦ જેટલું પ્રાચીન હોઈ શંકાથી પર નથી એવો વિદ્વાનોનો અભિપ્રાય છે. પણ છેલ્લે થયેલાં સંશોધનનાં પ્રમાણો સિંધુ સંસ્કૃતિનું સમયાંકન હાલની ગણતરી (ઈ.સ. પૂર્વે ૨૩૫૦-૧૭૫૦)ની સરખામણીમાં વધારે વહેલું હોવા અંગે વિદ્વાનો હવે એકમત છે અને ઈ.સ. પૂર્વે ૨૫૦૦-૧૫૦૦ના સમયાંકનને સર્વસ્વીકૃતિ મળેલી છે. પણ આ અંગે કોઈ ચોક્કસ તારણ કાઢવું હાલના તબક્કે કઠિન છે. પૂર્વ હરપ્પાકાલીન સંસ્કૃતિ (કોટડીજી - કાલિગંગા)નું સમયાંકન પણ પાછળ ધકેલાય તેવાં પ્રમાણો પણ હવે ઉપલબ્ધ બન્યાં છે. સાથે નવપાષાણકાલીન સંસ્કૃતિનું સમયાંકન ઈ.સ. પૂર્વે ૨૦૦૦ જેટલું

હોવાનું મહેરગઢમાંથી મળેલી સંસ્કૃતિના આધારે ફલિત થયું છે. ધોળાવીરાનું ઉત્ખનન હાલ પ્રગતિમાં છે પણ તેના નીચેના થરો વિશે માહિતી અસ્પષ્ટ છે. કદાચ વધારે ઊંડાઈએ ખોદકામ થતાં સ્થિતિનો પૂરો ખ્યાલ આવશે. લોથલની સરખામણીમાં આ શહેરી વસાહત વધુ પ્રાચીન હોવાનાં પ્રમાણો મળી આવવાની શક્યતા ચોક્કસપણે રહેલી છે. સાથે કોટડીજીની સમકક્ષ સંસ્કૃતિના વિકાસના આધારે ધોળાવીરાના નીચેના થરોમાંથી પૂર્વ-હરપ્પાકાલીન સંસ્કૃતિની વસાહત મળી આવવાની શક્યતા નકારી શકાય તેમ નથી. સિંધ-કચ્છ-સૌરાષ્ટ્રમાં પાંગરેલી સંસ્કૃતિનાં માટીનાં વાસણો વગેરે ઘટકોમાં પ્રાદેશિક ભિન્નતા જોવા મળે છે અને તેથી પુરાતત્ત્વવિદો સિંધી હરપ્પીય અને સૌરાષ્ટ્ર હરપ્પીય એમ બે ભાગો પાડે છે જેમાં કચ્છ હરપ્પીય વસાહતોનો સિંધુ હરપ્પીય સંસ્કૃતિમાં સમાવેશ કરાય છે. સૌરાષ્ટ્રની હરપ્પીય સંસ્કૃતિને 'સોરઠ હરપ્પીય' કહેવાના પ્રયત્ન થયા છે, પણ આ ઓળખ પ્રાદેશિક દૃષ્ટિએ વિરોધાભાસી હોઈ, સ્વીકારી શકાય તેમ નથી. જ્યાં સુધી સૌરાષ્ટ્રનો પ્રશ્ન છે, મોટા ભાગની વસાહતો ગ્રામીણ પ્રકારની જણાય છે. સાથે કેટલીક વસાહતો જેવી કે કુંતાસી, નગવાડા કે નાગેશ્વર વ્યાપારિક સંકુલો હશે તે સ્પષ્ટપણે માની શકાય. કુંતાસીના મધ્ય થરોમાંથી મળી આવેલા અવશેષો આ બાબતનું સમર્થન કરે છે. કુંતાસી એક મધ્યમ કક્ષાનું બંદર હોવાનું જણાયું છે, જેનો વ્યાપાર કદાચ પશ્ચિમ એશિયા જોડે, ખાસ કરીને ઓમાન જોડે હોવાની શક્યતા વધુ છે; કારણ કે ઓમાનના કાંઠા પર રાસ-અલ-જુનેજનું ઉત્ખનન થતાં તેમાંથી હરપ્પીય વાસણો તેમ જ અકીકના મણકા મળી આવ્યા છે. કુંતાસીમાં અકીક ઉપરાંત, ફાયેન્સ અને લાપીસ લાજુલીના મણકા બનાવવાનાં કારખાનાં હોવાનું જણાયું છે. આ રીતે આંતરરાષ્ટ્રિય વેપાર કરનાર સંસ્કૃતિ કે સભ્યતાને આર્થિક રીતે સમૃદ્ધ તેમ જ પરિપક્વ હોવાનું અનિવાર્ય છે. કુંતાસીના નીચલા થરમાંથી મળી આવેલા ફાયેન્સલી ચોરસ મુદ્રા હરપ્પા સિવાય કોઈ વસાહતમાંથી મળી નથી અને તે લાંબા અંતરના વ્યાપારિક સંબંધો પર પ્રકાશ ફેંકનારી છે. હરપ્પાનાં તાજેતરમાં થયેલા ખોદકામના પરિણામે કેટલીક નવી માહિતી ઉપલબ્ધ થઈ છે. હરપ્પાની શહેરીકરણની પ્રક્રિયા તેના બીજા તબક્કામાં વધારે ઘનિષ્ટ થઈ હતી અને ત્રીજા તબક્કામાં તેના વેપારનો બહોળો વિકાસ થયાનું જણાયું છે. આ રીતે શહેરીકરણ અને વ્યાપારિક વિકાસને સીધો સંબંધ છે. પણ સૌરાષ્ટ્રમાં કંઈક જુદી જ પરિસ્થિતિ જોવા મળે છે. કુંતાસી શહેરી વસાહત ન હોવા છતાં તે વ્યાપક વેપાર કરતી વસાહત હતી. કુંતાસી, નાગેશ્વર કે નગવાડા પ્રથમ કાચો માલ એકઠો કરવા અંગેના એકમો હોય તેવું જણાય છે અને પાછળથી ત્યાં વિવિધ માલના ઉત્પાદનની સગવડ ઊભી કરાઈ હશે. નાગેશ્વરમાંથી શંખના મણકા, બંગડીઓ વગેરે બનાવવાના ઉદ્યોગનાં પ્રમાણ મળ્યાં છે તે સિવાય રોઝડીની વસાહત સમૃદ્ધ વસાહત હોવા ઉપરાંત તેનો આર્થિક ઢાંચો ખેતીલક્ષી હોવાનું જણાયું છે. રોઝડીનો વિસ્તાર અન્ય વસાહતોની સરખામણીમાં મોટો છે. તેની આજુબાજુ બીજી કેટલીક નાની વસાહતો પણ આવેલી છે. ભૌગોલિક પરિસ્થિતિ જોતાં એવું જણાય છે કે આર્થિક દૃષ્ટિએ રોઝડી અન્ય વસાહતો માટે આ વિસ્તારની કેન્દ્રીય વસાહત હશે, જ્યાં કેટલાક ખાદ્ય પદાર્થ કે માટીનાં વાસણો અંગે માલની લેતી-દેતી થતી હશે. છેલ્લાં થોડાં વર્ષોમાં જ્યાં ઉત્ખનન કરવામાં આવ્યાં છે તેવી અન્ય હરપ્પીય વસાહતોમાં ભાવનગર જિલ્લામાં ગઢડા તાલુકાના થિરોડા ગામ પાસેનો ઓરિયો ટિંબો, તળાજા તાલુકાના પાદરી ગામ પાસેનો ટિંબો અને સુરેન્દ્રનગર જિલ્લામાં લીંબડી તાલુકાના વાગડના ટિંબાઓનો સમાવેશ થાય છે. આ ત્રણે વસાહતો નાની તેમ જ આર્થિક દૃષ્ટિએ પછાત ગણી શકાય તેવી છે. એક તારણ એવું છે કે ભૌગોલિક અને પર્યાવરણીય કારણોને લઈને હરપ્પીય સંસ્કૃતિના છેલ્લા ચરણમાં આ વસાહતોના આર્થિક ઢાંચામાં ફેરફારો આવ્યા અને સૌરાષ્ટ્રમાં ખેતીની જગ્યાએ પશુપાલનને વધારે પ્રાધાન્ય અપાયું હોવાનાં પ્રમાણો ઉપલબ્ધ છે. પાદરીની વસાહત કદાચ માછીમારોનું નાનું ગામ હોવાનાં પ્રાથમિક તારણો છે. આ વસાહતમાંથી માછલીનાં હાડકાં અને માછલી પકડવાના હૂક કે ગલ પણ મળી આવેલાં છે. વધુમાં આ વસાહત દરિયાકિનારે આવેલી છે અને અહીં લાંબા ગાળાનો વસવાટ થયો હોવાનું જણાયું છે. પ્રાથમિક તબક્કામાં કદાચ પૂર્વ-હરપ્પાકાલનાં લોકો આવીને વસ્યાં હોવાનાં અસ્પષ્ટ પ્રમાણો છે. વધારે વિસ્તૃત ઉત્ખનન હાથ ધરાતાં કદાચ આ સંબંધે વધુ પ્રકાશ ફેંકી શકાશે. ચિરોડાની ઓરિયોની વસાહત પશુપાલકોની વસાહત હોવાનું જણાયું છે. તેનો ઉપયોગ મર્યાદિત સમય માટે એટલે કે વર્ષના અમુક ગાળામાં જ કરવામાં આવતો હશે. આ વસાહતમાંથી કોઈ ઝૂંપડાં કે મકાનના અવશેષો ઉપલબ્ધ નથી તેથી તેને ગ્રામીણ કહેવું પણ વધારે પડતું ગણાય.

તેને પશુપાલકોના નેસ કહેવાનું વધારે ઉચિત છે. વાગડની વસાહત પણ આંશિક રીતે ખેતી અને વધારે તો પશુપાલન પર આધારિત હોવાનું જણાયું છે. જે મકાનો મળ્યાં છે તે કાચી માટીના ગોળ કૂબા હતા અને એકમેકથી ખૂબ નજીક બાંધેલા હોવાનું જણાયું છે. આ પરથી એવું તારણ કાઢી શકાય કે, અનુહરપ્પાકાલીન વસાહતો ફક્ત પોતાના ગુજરાન પૂરતો જીવનનિર્વાહ કરી શકતી અને તેમાં આર્થિક સમૃદ્ધિને કોઈ સ્થાન હતું નહીં. પરિણામે આ વસાહતોનો આંતરિક વિકાસ સીમિત જ રહ્યો અને તેઓ ગ્રામીણ અવસ્થામાંથી ઉપર ઊઠી શકી નહીં.

(અનુસંધાન પાન ૧૮૨ ઉપર)

મનસુખ મદારી

ભગીરથ બ્રહ્મભટ્ટ

એક તરફ આખું ગામ અને બીજી તરફ માત્ર ગામનો સરપંચ એકલો. ગામની દૂધમંડળીનોયે એ પ્રમુખ હોવાથી મનમાની કરે, પોતાના માણસોને નોકરીએ રાખે. ગ્રાહકોને અન્યાય કરે એટલે એક વખત વાત બગડી. સરપંચ સલવાયો. એ તો રડમસ અવાજે પહોંચ્યો મનસુખ મદારી પાસે.

મનસુખ મદારી એટલે ગમે તેવા જટિલ પ્રશ્નોનો ઉકેલ. ગૂંચવાડાઓનો તોડ. આમ તો એનું મૂળ નામ મનસુખ, પરંતુ બંને પક્ષોને સરખી સજ્જતાથી સમજાવવા-પટાવવાની જબરજસ્ત કુનેહ હોવાને કારણે લોકો એને મનસુખ મદારી કહેવા લાગ્યા. ગામમાં કોઈનેય પૂછો કે 'મદારી' એટલે કોણ ? તરત જવાબ મળે : 'મનસુખ મદારી'.

મનસુખ આમ તો સામાન્ય સ્થિતિનો માણસ. ઊંચો પૂરો અને થોડોક પ્રભાવશાળી પણ ખરો. એની અભિવ્યક્તિમાં જબરજસ્ત જાદુ. એક વાર એવું બન્યું કે, અમારા ગામમાંથી એક વિધવા બાઈ પોતાની જમીનજાગીર મેલીને કોઈ મહારાજ જોડે ભાગી ગઈ, ત્યારે મનસુખ એ કિસ્સામાં ભાગીદાર ખરો. લોકો તો અંદરોઅંદર કહેવા લાગેલા : 'એ બૈને ભગાડવામાં મદારીનો જ હાથ હોવો જોઈએ.'

'મારો હાળો બૈની મિલકત માટે ઓંમ કર્યું.'

બાઈ તો ગઈ, પણ ગામમાં ઝઘડો પેઠો. એ બાઈને એક શોક્ય - જે જુદી રહે. ગામલોકોએ શોક્યને ચઢાવી, એને સાથ આપ્યો, એક તરફ મનસુખ મદારી તથા બીજી તરફ આખું ગામ. વાત સીધી કોર્ટે ચઢી. મનસુખ મદારીએ પેલી ભાગી જનારી બાઈ પાસેથી સઘળી મિલકત લખી લીધેલી... કોર્ટમાં વાત લાંબી ચાલી. વરસ - બે વરસ લડતાં લડતાં જ મનસુખ દેવાદાર બની ગયો. ગામમાંય કોઈ એની સાથે વાત ના કરે અને તોય પાછો ખુમારીથી રહે. પેલી બાઈનું ખેતર ખેડતાં ખેડતાં કહે : 'આવે તો ખરું કોઈ આયું હવાદ ચખાડું.' 'જનારી જૈ તો ઇના માણીગર હારે ગઈ, ઇમાં ગોમને હું ?' ચુકાદો આવ્યો ત્યારે સૌ વિસ્મયમાં મુકાયા... મનસુખ મદારી મેદાન મારી ગયો હતો, છતાંય એ દિવસની સાંજે એણે ઢોલ વગડાવ્યો. આખું ગામ ભેગું કર્યું - બે હાથ જોડીને એ કહેવા લાગ્યો :

'ગ્રામજનો, કોરટનું કાળું કલંક મારા જીવતર ઉપર લાગી ગયું - મને એક વિધવાની જમીનજાગીર મળ્યાં, એમાં ગામને મેં ખૂબ સતાવ્યું પણ છે, પણ આજે જમીન અને ઘર આપણાં ગોંમના રામજી મંદિરને હું અર્પણ કરું છું. એ મને ના ખપે... હું સૌ ગ્રામજનોની માફી માગું છું.' ગામમાં ત્યારથી એનું મહત્ત્વ વધી ગયું.

કોઈએ એને પૂછ્યું : 'આ લૂગડાંય વેચાઈ જ્યાં ને દેવાદાર થઈ જ્યો પછી આ હું હૂઝ્યું ?'

'જે દહાડેથી હું કાયદો, કોરટ અને કમુમાં પડ્યો એ દા'ડેથી કુદરતે મારી ઓખાત બગાડી નોંખી, હવે મને એમ થાય છે કે જે કુદરતને મંજૂર ન હોય એમાં મારે પણ... ના ખપે. એક રાતી પૈ ના ખપે.' ખૂબ તાટસ્થ્યથી એ બોલ્યો.

કમુ. નાસી જનારી વિધવા બાઈ. એને બે દીકરીઓ ખરી, મંદિરના યુવાન મહારાજની સેવા કરતાં, કમુ મોહમાં પડી, અને ભાગી ગઈ... ત્યારથી કમુની મિલકત સમગ્ર ગામની બની ગઈ છે.

મનસુખ મદારી ગામમાં ઘણી વાર કહે છે :

'કાયદો મારો હારો ગધેડો છે, ખચ્ચર છે.'

'કેમ ?' કોઈએ પૂછ્યું.

'અલ્યા આ કાયદો તો નિર્દોષોનું નિકંદન કાઢે છે... ખોટી રીતે કોઈની માલમતા હડપ કરાવતાં શીખવે છે, અને હું એ વાતનો સાક્ષી છું.'

ત્યારથી મનસુખ દિલ દઈને ખેતી કરે છે, ઢોરઢાંખર સાચવે છે, પણ એણે પોષાક બદલી નાખ્યો છે. હંમેશાં કાળો કોટ જ પહેરે છે. એના કારણમાં એ કહે છે : 'આ કોટની ભીતર મોટી કોરટ છે એ ભૂલી ન જવાય એટલે.'

એની ભાષામાં વકીલની કાબેલિયત આવી ગઈ છે. અમારા ગામમાં જ નહિ, આજુબાજુના પંથકમાં પણ ગમે તેવા વણઉકલ્યા પ્રશ્નોનો, ઝઘડાઓનો એ ઉકેલ લાવે છે. એ બને ત્યાં સુધી કોઈનેય કોર્ટની કચેરીએ ચઢવા દેતો જ નથી.

એ એમના દીકરાઓને પણ કહે છે :

'જો ગધેડે ચઢવું હોય તો કોરટે ચઢજો, બાકી...'

મનસુખને મન અંદરની કોર્ટ હવે સાચી કોર્ટ છે. એ સૌને સાચી સલાહ આપે છે. એની શક્તિ પ્રમાણે સમજાવે પણ છે, સૌને હાથ જોડીને કહે છે :

'મહીં મહીં સમજી લ્યો તો ઇનાથી રૂડું બીજું એકેય નૈ'

રબારી લોકો ગામની જમીનોમાં ભેલાણ કરાવતા હોય કે ભાઈ ભાગના ઝઘડા હોય, સામાન્ય ઝઘડો હોય કે મોટો ઝઘડો હોય - મનસુખ મદારી ગામમાં મફતનો સાચો વકીલ છે.

ફરતી લોકઅદાલત કરતાંય એ મોટું કામ કરે છે. એનો બોલ કોઈ ઉથાપતું નથી, એ ન્યાયી વલણ અપનાવતો હોઈ સૌને

એનામાં શ્રદ્ધા છે, વિશ્વાસ છે. મનસુખ મદારી એટલે અદાવતો આટોપી દેનારી સંસ્થા.

પટેલ, વાણિયા, બ્રાહ્મણ, ઠાકોર, વાઘરી સૌ ભાઈઓ મનસુખ મદારીનું વેણ રાખે છે. અદાવતોમાં એ વચ્ચે પડે છે. તેના દ્વારા જ તોડ થાય છે. લોકોનાં વચનોની થાપણો જીવની જેમ સાચવી જાણે છે.

એના હૃદયમાં જ પ્રેમની ગુલાબદાની છે. વાણી દ્વારા જ સૌનાં મન ઉપર એ વિજય મેળવી શક્યો છે. એની શુભ દાનતે ગામમાંથી લગભગ ઝઘડા નિવારી શકાયા છે એનો સૌને આનંદ છે.

હવે તો ગામમાં સરપંચ-ઉપ-સરપંચની ચૂંટણી પણ થતી નથી. બિનહરીફ વરણી થાય છે. લોકો મનસુખને છૂટોદોર આપે છે.

'તમે કરો તે ખરું.'

મનસુખ ગામના વિશ્વાસનો ક્યારેય દુરુપયોગ કરવાનું સ્વપ્નમાંય વિચારતો નથી.

વધી ગયેલી દાઢી, પીંતાબર વીંટીને અંબા માની પૂજા કરતો મનસુખ જોવા જેવો હોય છે. એ આરતી બોલતો હોય ત્યારે - એની પ્રતિશ્રુતિઓ પવિત્ર વાતાવરણ ખડું કરે છે. આ એનો નિત્યક્રમ છે.

આજે મનસુખ સુખી છે. એનો પરિવાર સુખી છે. એ સુધરેલો ખેડુ છે. કોઈની સાથે એ ઝઘડતો નથી એ તો ખરું પણ કોઈ ઝઘડે એ પણ એને ગમતું નથી.

એક વાર બસમાં મુસાફરી કરતો હતો. પરચૂરણની બાબતમાં પેસેન્જર અને કંડક્ટર ઝઘડતા હતા... મનસુખે કહ્યું : 'ડખો મેલો, નકાંમી મગજની નસો તંગ ના કરો... હું થ્યું ઈમાં ?'

બસ બંને પક્ષોને એકેક વાક્ય કહી ઝઘડો પતાવી દીધો - પછી કંડક્ટરને હળવેથી કહે :

'આ કાયદો ને કોરટ તો જ્યાં ચૂલામાં, ખરી વાત તો વસ્તીની મુશ્કેલીની છે - એ સમજો.'

ગમે તેવી તિરાડો સાંધવામાં મનસુખની હાજરી જ પૂરતી થઈ રહેતી. આજુબાજુના પંથકના પંચાત કરનારામાં પણ ઊંડે ઊંડેથી મનસુખને માટે માન હતું.

ત્યારે તમારા ગામના ગોચરમાં એક પાકી સડક નીકળે, માતાજીની એક દેરી એ રોડની વચ્ચે આવે. ગામલોકો તો વગર સમજ્યે રોડ બનાવનારાઓ સાથે બાખડ્યા. વાત વણસી. વખતસર મનસુખ પહોંચી ગયો તે સારું થયું નહિ તો.... આજે એ મંદિર એની મૂળ જગ્યાએ છે અને બાજુમાં થઈને, પાકી સડક નીકળે છે. લોકો કહે છે :

'મનસુખ મદારી ખરો હોં, મારો વા'લો, સરકારને પણ હમજાઈ દીધી.'

એ ગોચરમાં આવેલી માતાજીની દેરી આજે તો ભવ્ય મંદિર સ્વરૂપે છે - ઘણાં વાહનોની અવરજવરમાં ત્યાં સ્ટૅન્ડ કરીને, દર્શન-પૂજા કરીને થતી રહે છે. એનો પૂજારી પણ પે...લી ભાગી જનારી કમુનો જમાઈ છે, એમ લોકો કહે છે.

પણ હમણાં હમણાં મનસુખ ઉદાસ છે. એના પરણાવેલા બંને છોકરાઓમાં કોઈક મિલકત બાબતે જ ઝઘડો પેઠો છે. વહુઓ દ્વારા ભાઈઓના સ્નેહમાં ઝેર રેડાયાં છે. ઘણા મનસુખ મદારીને પૂછે પણ છે : 'આમ કેમ ?'

ત્યારે નિરાશ વદને મનસુખ ઉત્તર આપે છે : 'ભૈ જ્યારે હથેળીમાં કાંટો વાગે છે ત્યારે એ હાથનો અંગૂઠો એ કાંટો કાઢવાના કામમાં આવતો નથી.'

છેલ્લે મનસુખને મળ્યો ત્યારે મારી સાથે સંકેતમાં કંઈક વાત કરવા માગતો હતો. પૂજામાં બેઠો હતો એટલે મેં સ્પષ્ટતા ના કરી, પણ ત્યાંથી ઊભો થઈ જેવો બહાર નીકળ્યો ત્યાં કોઈકે મને કહ્યું : 'મનસુખને ત્યાં જ્યા'તા ? એ તો તન્દારાનો બોલતો જ નથી, જાણે જીભ સિવાઈ જઈ !'

હું પણ મૂક થઈ ગયો, મને થયું આ તો મદારી મનસુખ છે કે પછી અંતર્મનમાં ઊતરી ગયેલો મનસુખ છે.

આ છે અમારો મનસુખ મદારી! □

અનુસંધાન] **સૌરાષ્ટ્રમાં પુરાતત્ત્વીય સંશોધન** [પૃ. ૧૮૦ પરથી

બીજી બાજુ ગોવાસ્થિત ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઓસેનોગ્રાફી વતી જાણીતા પુરાવેત્તા એસ. આર. રાવ પાણીની સપાટી નીચે દ્વારકાના દરિયામાં લુપ્ત દ્વારકા અંગે મરજીવાઓને કામમાં લઈ સંશોધન કરી રહ્યા છે. તેમને મળેલા કેટલાક અવશેષો પરથી પ્રથમ દર્શનીય રીતે એવું જણાય છે કે ઈ.સ. પૂર્વે ૧૫૦૦ આસપાસ કોઈ વસાહત પાણીમાં ગરક થઈ ગઈ હશે જે એસ. આર. રાવની માન્યતા પ્રમાણે પ્રાચીન શાસ્ત્રોમાં જેનો ઉલ્લેખ છે તે શ્રીકૃષ્ણની દ્વારકા હોઈ શકે. મળી આવેલા અવશેષોમાં પ્રાચીન દીવાલના ભાગ, પ્રવેશદ્વાર, પથ્થરનાં પ્રાચીન લંગરો, હરપ્પીય સમયની મુદ્રા વગેરેનો સમાવેશ થાય છે. પણ આ પ્રમાણો સ્વયંસ્પષ્ટ નથી અને આ અંગે કેટલાક પ્રશ્નો અનુત્તરીય છે. ખુદ રાવ પણ આ અંગે સચોટ તારણો રજૂ કરતા નથી. ખરેખર તેમને મળેલા અવશેષો પ્રાચીન દ્વારકાના જ છે કે કેમ તે અંગે તેમનું વલણ ટૂંકમાં છે/ નથી/ છે જેવું કહી શકાય. વધુમાં તેઓ મૂળ દ્વારકાના દરિયામાં પણ સંશોધન કરવાના છે. જો તેમણે પ્રાચીન દ્વારકા શોધી જ કાઢી હોય તો આ વધારાના સંશોધનનું પ્રયોજન શું હોઈ શકે તે માત્ર રાવ જ જણાવી શકે.

આમ, જે સંશોધન થઈ રહ્યાં છે તે રચનાત્મક અને મહત્ત્વના તબક્કામાં છે. હવે જે જરૂરી કાર્ય છે તે સંશોધનનાં તારણોનું સંકલન કરવાનું છે અને એ રીતે સમસ્ત સિંધુ કે હરપ્પીય સભ્યતા પર નવો પ્રકાશ ફેંકવાનું શક્ય બનશે તથા કેટલાક અનુત્તર રહેલા પ્રશ્નો કે સમસ્યાઓના ઉત્તર પણ આપી શકાશે.

નાટ્યાનુભાવન-૧૯ ગુજરાતના એક ટકા પ્રેક્ષકોની રંગભૂમિના અભિનય-પ્રકારો હસમુખ બારાડી

આ નાટ્ય-અનુભાવન સ્તંભમાં 'નાટ્ય' અને નાટક વિશે 'થીએટર-ઘટના'નાં અનેક પાસાં અંગે વાત કરતાં, એના મુદ્દા તારવતાં ગ્રીકથી સંસ્કૃત, રામલીલા, ભવાઈ, શેક્સપિયર અને બ્રેખ્ત વિશે વાત કરવાને મોકો મળ્યો છે, વચ્ચે વચ્ચે (સ્વ. ચંદ્રવદન મહેતા સહિત) ગુજરાતી રંગભૂમિ અને નાટકોની વાત કરવાનુંય પ્રાપ્ત થયું છે. થોડા વખત પહેલાં, એક જવાબદારી રૂપે મુંબઈની 'ગુજરાતી મેઈનસ્ટ્રીમ રંગભૂમિ'નાં અડધોએક ડઝન નાટકો જોવાનું બન્યું, એના આધારે આપણી એ સાંપ્રત અભિનય-પદ્ધતિ અંગે થોડાં નિરીક્ષણો તારવ્યાં છે :

અલગ અલગ જૂથો, એમની જુદીજુદી પ્રણાલિઓ, કોઈ રૂપાંતરિત તો કોઈ 'મૌલિક' નાટક; ગુજરાતમાં વસતો આ નાટકોનો વિશિષ્ટ (એટલે કે સુવાંગ વાહન ધરાવતો નવ-ધનિક) પ્રેક્ષકવર્ગ, એમની નાટક અને 'નાટ્ય' અંગેની કલ્પના-વિભાવના વગેરે મુદ્દાઓ અંગે જુદી ચર્ચા કરીશું; પરંતુ મુંબઈની આ **નટ-વ્યવસ્થાપક કેન્દ્રી મેઈનસ્ટ્રીમ ગુજરાતી રંગભૂમિમાં** ચાર-પાંચ અભિનય-પ્રકારો હોય, એવું જણાય છે :

એમાં સૌથી પહેલો અભિનય પ્રકાર તે **'ટૂચકા-નટો'**, જે પ્રેક્ષકોને ખડખડાટ હસાવે. એ માટે હાસ્યજનક પરિસ્થિતિ, ગૂંચવાડો, 'મિથ્યા' અભિમાન, સ્વભાવની વિકૃતિ કે માનવજાતની નબળાઈ કે વિશિષ્ટ પાત્રાલેખનની (અન્ય કૉમેડિ-લેખકો કે વિદૂષક/રંગલો/ફોલ્સ્ટાફ જેવાં પાત્રો માટે સર્જે તેમ) આ ટૂચકા - નટોને જરૂર નથી હોતી. તેમ, છગન 'રોમિયો' કે જયંતી પટેલની જેમ સામાજિક કટાક્ષ માટે, કે ચંદ્રવદન મહેતાના 'ધરાગુર્જરી'માં ચાડિયાઓ જેવી પ્રથાની ઝાટકણીનો પણ તેઓનો ઉદ્દેશ નથી હોતો. આપણા આ જ્રોકિંગ **(કે જો-કિંગ!)** નટ કો ક્યાં તો નોકર હોય, પડોશી હોય કે પછી મિત્ર હોય; એ ઇચ્છે ત્યારે તખ્તે પ્રવેશે, પ્રસંગ સાથે કંઈ લેવા-દેવા ન હોય તો ય અને ત્યારે, ચાર-પાંચ ટૂચકાઓ ફટકારી દે છે ! એ દરમ્યાન મુખ્ય કથાના નટો પોતાનો (કૉસ્ચ્યૂમ નહીં) ડ્રેસ બદલે, અને ત્યારે બાકીના ટૂચકા યાદ કરવા, આપણો આ ટૂચકાનટ વિંગમાં જાય ! દા.ત. **'પિતૃ દેવો ભવ'**ના પરમાણંદદાસને મુખ્ય કથા સાથે કંઈ મોટી લેવા-દેવા નથી, આ ટૂચકા કહેવા સિવાય, એમના પાત્રાલેખનથી મુખ્ય કથાને કોઈ મહત્ત્વનો ટેકો મળતો નથી; એ ગમે ત્યારે પ્રવેશે છે, અને (એક વખત તો પંદર મિનિટ સુધી) જોક્સ સંભળાવે છે. પત્નીના સળગીને મરી ગયાના કરુણ પ્રસંગ પછી, પતિ અને દીકરીને આનંદમાં લાવવા પરમાણંદદાસનો પાઠ ભજવતા આ નટે 'ભારતીય રેલવે' અંગે વીસેક જેટલી જોક્સ સંભળાવી હતી!

આ ટૂચકા-નટો નોકર બનીને પ્રવેશે ત્યારે માલિક કે મહેમાનનું ગૌરવ રાખવાની જવાબદારી એમને શિરે નથી હોતી; દા.ત. **'બાપુજી ઓવરટાઈમ કરે છે'**નો નોકર, એ અદ્ભુત જોક-માસ્ટર, મન ફાવે તેને અને તેવી રીતે, હાસ્યરસિક ટૂચકાઓ સંભળાવતો તો રહે છે.

એમાંય નાટક અને નાટ્યજૂથની આવા ટૂચકાઓ વિશે વિશિષ્ટ નીતિ હોય છે : એ ક્યારેક 'ભારતીય રેલવે' જેવાં સ્વચ્છ હોય; તો ક્યારેક કામૂકતા-સૂચક હોય. 'ઓવરટાઈમ' કરતા બાપુજી અને નોકરાણી રાધા એ રીતે બીજા પ્રકારના 'ટૂચકા-નટો' છે, જે સુરુચિનો ભંગ કરીને માત્ર ઑબ્સીન જ નહીં પણ વલ્ગર (એટલે હીન કોટિનાં) કામૂક સૂચનો કરે છે, જેના હાસ્યતત્ત્વ કરતાં કામૂકતત્ત્વોને લીધે પ્રેક્ષકો ઉશ્કેરાઈને વળતા હાસ્યથી દાદ આપતા હોય છે...

કેટલાય ટૂચકા-નટો તો માત્ર 'પુરવણી-નટો' હોય છે. જૂની રંગભૂમિમાં **સમાંતર કથા, સમાન્તર હાસ્યકથા** (કવિ 'પગાલ' એના માસ્ટર લેખક ગણતા), **સમાન્તર કૉમિક વિલન, કર્ટન-સ્ટોરી** (એટલે કે મુખ્ય કથાનો સેટ અને પડદા તૈયાર થાય ત્યાં સુધી આગલે પડદે નાની કથા ચાલે) એની વિશિષ્ટ પ્રણાલિ હતી. એ બધાંને મુખ્ય કથા સાથે ક્યાંક ને ક્યાંક જોડવામાં આવતી; છેવટે મુખ્ય કથાના અંત સાથે આ કથાનાં પાત્રોનાંય લગ્ન લેવાતાં! (આપણી ગુજરાતી/હિન્દી ફિલ્મોની જેમ અનેક ગુજરાતી નાટકોમાં લગ્ન થાય એટલે એ સુખાંત ગણાય છે!) પરંતુ આજની મેઈન સ્ટ્રીમ રંગભૂમિના ટૂચકાં સંભળાવતાં પુરવણી નટો, કોઈ પણ પ્રકારના પાત્રાલેખન સિવાય, પ્રેક્ષકોનું જે રીતે મનોરંજન કરી શકે છે તેનો અભ્યાસ પણ કરવા જેવો છે, હોં!

આ નાટ્ય અભિનયનો બીજો પ્રકાર તે **'મૅનર ઍક્ટર્સ'** છે; એટલે કે વિશિષ્ટ મુદ્રા, સ્થિતિ કે વાક્યોના પુનરાવર્તનથી થતો અભિનય. આ નટો અમુકતમુક રીતે ચાલે, બેસે, ઊઠે, અટકે અને પછી બોલે, અવાજ ફેંકે, કોઈ વાક્ય કે શબ્દનું પુનરાવર્તન કર્યા કરે, મોટે ભાગે એ પણ ઉત્તેજક શબ્દ કે અંગનું સૂચન કરે અને હાસ્ય ઉત્પન્ન થાય. આ વિશિષ્ટ મેનરઝિમ્સ કે રીતભાતને પાત્રાલેખન, મોભો, એના શિક્ષણ કે નાટ્યનિર્માણ-શૈલી સાથે સંબંધ હોય અને ન પણ હોય. પાત્રની આવી રીતભાતને અભિનયમાં સ્થાન હોય તે સાચું, પરંતુ નટની એવી રીતભાત તો 'હીરોગીરી' કહેવાય. રંગભૂમિ પર પડેલી ફિલ્મ માધ્યમની આ અસર છે; પ્રેક્ષકો પણ એને જ 'અભિનય' માને છે; કારણ કે એમને એના વિકલ્પની જ ખબર કે અનુભવ હોતાં નથી!

'પિતૃદેવો ભવ' નાટકમાં નીરજનો પાઠ કરતા નટ-દિગ્દર્શકે દર્શાવેલી રીતભાત, પરમાણંદદાસના પાત્રનો 'વેલ્કમ' શબ્દ, કે **'હું રીતા બક્ષી'**માં પ્રોફેસર પંડ્યાનો 'પોપટ' શબ્દ એનાં જલદી યાદ આવતાં ઉદાહરણો છે.

ત્રીજો અભિનય પ્રકાર તે **'ક્રાઈંગ ઍક્ટર્સ'**. એટલે કે રોકકળિયા નટો - તેઓ રડે અને રડાવે; હસતાં હસતાં રડે અને રડતાં રડતાં હસે. ચીસો, બૂમરાણો મરણ-પોકો અને અંતિમ બિન્દુનાં ઉચ્ચારણો સાથે શરીરની અમુક મુદ્રાઓ ધારણ કરી પ્રેક્ષકોને હચહચાવી મૂકે. તેઓ આવી ભૂમિકાઓ ભજવતા હોય છે : 'આર્ય નારી', બલિદાન આપતો પિતા, વંઠેલ દીકરો ફેશનેબલ કોલેજિયન દીકરી, આદર્શ ભાભી, ઈર્ષાળુ નણંદ, દાદા જેવો સસરો, પત્નીનેય આંટી દે તેવી રખાત વગેરે...

આ નટો માટે ખાસ પ્રસંગો અને સંવાદો લખાય, અને પ્રેક્ષકોને તખ્તા પરનાં પાત્રો સાથે પોતાના જીવનના સમાંતરો શોધવા જણાવવામાં આવે. આ આંસુ અને આદર્શોના સેલ્સમેન, આમ જોવા બેસો તો, બીબાંઢાળ પાત્રો નહીં પણ રૂટિન નટો હોય છે. કેટલાંક એને **'ગ્લીસરિનિયા નટો'** પણ કહે છે.

આવા નટોની વિશિષ્ટ મુદ્રાઓ, પ્રવેશ-પ્રસ્થાનની ઝમકદાર સંવાદ-લાઈનો, વિશિષ્ટ શબ્દો, ઉચ્ચારની લઢણ વગેરે હોય છે, હસતાં હસતાં રડી પડવું (કે એથી ઊલટું) જો આ નટ (કે નટી)ની વિશિષ્ટતા હોય તો એને એવી તક આપવી પડે - એનો કસબ દેખાડવા પ્રસંગ ઉમેરાય, તરડાવાય અને ત્યાં સુધી તખ્તા પરનું 'ઍક્શન' અટકી પડે. પ્રેક્ષકો એની રાહ જુએ, અને પહેલી વખત ઓછી તાળી પડે, તો એનો 'વન્સમોર' થાય; અને નટ જાતે એ કરે!

અહીં જૂની રંગભૂમિનો એક પ્રસંગ યાદ કરીએ : સત્યવાદી રાજા હરિશ્ચંદ્રના હાથે મરાવા પહેલાં એની રાણી એક ભજન ગાય છે અને ભગવાન આવી એને બચાવે છે. પ્રેક્ષકોને ભજન ગમ્યું એટલે 'વન્સમોર' માંગ્યો, અને ભજન શરૂ થયું; ભગવાન થોડીવાર તખ્તે ઊભા રહ્યા અને પછી ઝમકદાર એન્ટ્રી માટે વિંગમાં ગયા અને પ્રવેશ્યા! પરંતુ પ્રેક્ષકોએ ફરી 'વન્સમોર' માગ્યો! રાજા હરિશ્ચંદ્રના હાથ કુહાડી પકડીને થાકી ગયા ત્યારે તેમણે ય કુહાડી નીચે મૂકી દીધી હતી !

ચોથી અભિનય-પદ્ધતિ તે **'ફૅશન ઍક્ટિંગ'**. પાત્ર, પ્રસંગ, સામાજિક મોભો, પરિસ્થિતિ, સેટિંગનો રંગ, નિર્માણ-શૈલી વગેરે બધાં નાટ્યતત્ત્વોથી નિરપેક્ષપણે, નવાં ફેશનેબલ કપડાં બદલતાં રહેવું એ ગુજરાતી રંગભૂમિનું અગત્યનું અંગ બન્યું છે. એમની દરેક એન્ટ્રી નવા ડ્રેસ સાથે જ હોય. એક જ પ્રસંગમાં ગમન, પછી એનો પ્રવેશ થાય તોય વસ્ત્ર-પરિધાનમાં તફાવત કરવો જ પડે. પડદા કે સેટ પાછળ, દશ્ય પ્રમાણે એમના ડ્રેસ તૈયાર હોય, પહેરાવનારા સહાયકો હોય, ઇસ્ત્રી કરનાર છોકરાઓ હાજર હોય છે. એક નાટકની જાહેરાતમાં કોઈ રેડીમેઈડ કપડાંના વેપારીનો અને જોડા માટે કોઈ પગરખાં કંપનીનો આભાર માનવામાં આવ્યો હતો. આ ફેશનિયા નટો, નાટક/કથા/પાત્ર દર્શાવવા નહીં પણ મોહમયી મુંબઈની નવી ફેશનો ગુજરાતનાં શહેરોમાં પ્રચલિત કરવા રંગભૂમિને અજવાળે આવે છે. એક મિત્રે કહ્યું હતું: 'કદાચ ભવિષ્યમાં 'ફેશન-પરેડો' ગોઠવતી જાહેરાતની કંપનીઓ આછી કથા સાથે કોઈ ગુજરાતી નાટકને સ્પોન્સર કરે, તો ફેશન-પ્રચારનું કામ થાય અને પ્રેક્ષકોને મફત નાટક જોવાનું ય લાગે. બાકી તો ટૂચકા, રીતભાત, ગ્લીસરીન-નટોને નાટ્યતત્ત્વની કેટલી જરૂર પડે ?'

આ પરિસ્થિતિનાં અનેક કારણો છે : નટમંડળીઓ, પ્રેક્ષકો વિશેના એમના ખ્યાલો, કૉન્ટ્રેક્ટ શોની પદ્ધતિ, પ્રોસેનિયમ-આર્કમાં બંધાયેલું નાટ્યતત્ત્વ, બ્રોડવેથી મુંબઈ થઈને આવતાં નાટકો, વગેરે. પરંતુ એના મૂળમાં છે **નટ-પ્રેક્ષક સંબંધ**, જે દંભી, ઔપચારિક અને જર્જરિત થઈ ગયો છે.

તોતિંગ દીવાલોની વચ્ચે પ્રોસેનિયમ આર્કની પાછળ તખ્તાના ખોખામાં નટની રમણભૂમિઓ બાંધીને ગર્વથી છાતી ફૂલાવતાં સરકારી દફતરો, શહેર સુધારાઈઓ અને ટ્રસ્ટ-મંડળો પાસે ધંધાદારી અને અવેતન નાટ્યજૂથો પોતાનાં નાટકોના 'રાતવાસા' માટે, ચાર કલાકની શિફ્ટ માટે અરજીઓ લઈને આંટા મારે, પ્રેક્ષકો જે કંઈ જોવા મળે તે જોઈને ઓશિંગણ થાય એ આજના ગુજરાતી નટ-પ્રેક્ષક સંબંધનું ચિત્ર છે. થીએટરમહાલયો નટ-મંડળીઓનાં નથી, તેથી પારકાનાં દાન-ધરમ અને ઉદ્ધાર-આદર્શોના મ્હોરાંધારીઓ સામે ગુજરાતી નાટક અને થીએટર ટકી શક્યાં નથી. આ દૂષણ જૂની રંગભૂમિના ખાનગી માલિકોની નફાખોરી કરતાંય અનેકગણું અનર્થકારી છે.

પેલાં મહાલયોમાં નટની રમણભૂમિઓ ગલગલિયાં કરાવતાં નાટકો માટે એમના મોટા ભાઈ-ભાંડુઓએ બાંધી આપી છે; એટલે 'પ્રેક્ષકો એવું માગે છે' એ સરળ બહાનું બની રહે છે. કયા પ્રેક્ષકો ? **કયા અભ્યાસ કે સંશોધનને આધારે** એવું કહેવાય છે : 'અમે પ્રેક્ષકોને જાણીએ છીએ' કારણ કે તેઓ અરસપરસને 'કૉન્ટ્રેક્ટ' આપી, કુલડીમાં ગોળ ભાંગ્યા કરે છે. સ્પોન્સર કરતી ક્લબ અને નટમંડળીના સેક્રેટરી વચ્ચેનો કૉન્ટ્રેક્ટ થાય અને પ્રેક્ષકો નાટક જોવાના 'સામાજિક' પ્રસંગે દીકરા-દીકરીઓને મેળવી આપે! સમાજનો આ એક ટકાથી ય ઓછો વર્ગ છે - આખા ગુજરાતનો; **નવ્વાણું ટકા થીએટરથી અસ્પૃષ્ટ છે!'**

આ નટની રમણભૂમિમાં શબ્દને ગાળી એનાં મુદ્રા-ધ્વનિ, ચિત્કારો-લલકારો, રંગ-રચના-ગતિ-સ્થિતિ, દ્વારા પ્રત્યાયન

કરવા 'અભિનય-ભાષા' જોઈએ. એ જુદી જ થીએટરની લોકલક્ષી, લોકકેન્દ્રી ઘટનામાં નટ કે પ્રેક્ષક કોઈનો દંભ ચાલવો ન જોઈએ. નટ કે પ્રેક્ષક - બેમાંથી એકે આ દંભ દૂર કરવા એમાં પહેલ કરવી પડે. બંને વચ્ચે 'સંવાદ' સધાવો જોઈએ. આજે સાંપ્રત ગુજરાતી રંગભૂમિમાં આવી અભિનય-પદ્ધતિ છે, કારણ કે, પેલા એક ટકાથીય ઓછી સંખ્યાના પ્રેક્ષકોની એ રંગભૂમિ છે; બાકીનાં 'થીએટરના અછૂતો' સુધી કોઈ માધ્યમ પહોંચતું નથી - શિક્ષણ, મુદ્રણ કે વીજાણુ - અને જે પહોંચે છે તે પણ કુલડીના ગોળ જેવું છે. વળી, સમૂહ માધ્યમોનો ઉદ્દેશ અને વ્યાપ કંઈક બીજું જ અપેક્ષે અને સંતોષે છે : થીએટર તો નટ-પ્રેક્ષકના સમકક્ષ જીવંત આદાન-પ્રદાનનું માધ્યમ છે. એ બન્ને વચ્ચેનો સંવાદ જ સમૂહ માધ્યમના આકાશી આક્રમણ (સેટેલાઈટ ઈન્વેઝન) સામે, નટ-પ્રેક્ષક બન્નેને ટકાવી શકશે.

એ 'સંવાદ' થવા દેવાનું જરૂરી છે. એ થશે તો નટ-પ્રેક્ષક બન્નેને એનાં એ નહીં રાખે.... અને આજે એ જેટલા પ્રમાણમાં એનાં એ રહ્યાં છે (દા. ત. લેખના પ્રારંભની છણાવટ) એનું કારણ એમના વચ્ચે કેટલો અને કેવો સંવાદ છે, અથવા નથી - એ જ છે ! ❑

અનુસંધાન] દેવિકારાણી [પૃષ્ઠ ૧૯૩ પરથી

ફિલ્મોમાંની અછુત કન્યા (૧૯૩૬), જીવનપ્રભાત (૧૯૩૭), નિર્મલા (૧૯૩૮), દુર્ગા (૧૯૩૯), સાવિત્રી (૧૯૪૩) આજે પણ અવિસ્મરણીય છે. ૧૯૪૦-૫૦ના દાયકામાં દેવિકારાણી અને અશોકકુમારની જોડી સિને રસિકોના દિલ અને દિમાગ પર છવાઈ ગઈ હતી.

૧૯૪૫માં સ્ટૂડિઓમાં રાજકારણનું ચક્કર પ્રવેશતાં તેમણે બૉમ્બે ટૉકીઝનો ત્યાગ કર્યો અને સ્ટૂડિઓમાં કામ કરતાં રશિયન પેઈન્ટર સ્વેતોસ્લાવ રૉરિક સાથે ૧૯૪૫માં લગ્નગ્રંથીથી જોડાયાં અને બૅંગ્લોરમાં એક વિશાળ બગીચામાં પોતાનું નિવાસસ્થાન બનાવ્યું. જ્યારે તેઓ સફળતાના શિખરે હતાં ત્યારે સ્વેચ્છાથી નિવૃત્તિ લીધી. ત્યારબાદ નૅશનલ ઍકેડેમી ઑફ ડાન્સ, ડ્રામેટિક્સ ઍન્ડ ફિલ્મ્સ; સંગીત નાટક અકાદમી, સેન્ટ્રલ ગવર્નમેન્ટ ઑડિઓ વિઝયુઅલ એજ્યુકેશન બૉર્ડ, લલિતકલા અકાદમી અને હૅન્ડિક્રાફ્ટ બોર્ડના સક્રિય સભ્ય રહ્યાં.

આખરે તેઓ આ બધામાંથી ખસી ગયાં. કર્ણાટકની કૉંગ્રેસ સરકારે ૪૫૭ એકરની રૉરિકની જાગીર રૉરિકના મૃત્યુ બાદ જાહેરબાગ અને આર્ટ ગૅલરિમાં ફેરવવાની પેરવી કરવા માંડી ત્યારે વૃદ્ધાવસ્થાના આરે આવેલાં તેમને જબરો આઘાત લાગ્યો, પણ કાયદેસરની લાંબી લડત અને વડાપ્રધાન નરસિંહરાવની અંગત દરમિયાનગીરી દેવિકારાણીની મદદે આવ્યાં. પરિણામે તેઓ અંતિમ ક્રિયા પોતાના એ વિશાળ ઉપવનમાં પામી શક્યાં. રશિયન પતિના મૃત્યુ બાદ એક વર્ષે તા. ૯મી માર્ચે બૅંગ્લોર મુકામે હૉસ્પિટલમાં આ જાજરમાન અભિનેત્રીએ ૮૬ વર્ષે જગતને અલવિદા કર્યા. અંતકાળે તે સમયે તેમની પાસે તેમની દાસી સિવાય કોઈની હાજરી નહોતી. છેલ્લા દિવસોમાં તેઓ કોઈને મળતાં નહીં. તેમના મૃત્યુ બાદ પણ અંતિમ ક્રિયા માટે ઝગડા થયા જેમાં તેમની જાગીરની માગણી એક કંપનીએ કરી પણ આ માગણી નકારીને દેવિકારાણીની ઈચ્છા મુજબ તેમનાં રશિયન પતિને જ્યાં દફનાવવામાં આવ્યા હતા તે જ પોતાની જાગીરના ઉદ્યાનમાં તેમની અંતિમ ક્રિયા થઈ. નિઃસંતાન દંપતી પોતાની પાછળ રૉરિકના કલાચિત્રોનો વારસો મૂકી ગયાં છે.

આમ એક ફિલ્મ જગતની ઝળહળતી દીપજ્યોત બુઝાઈ ગઈ. ફિલ્મ ઉદ્યોગની જાજરમાન વ્યક્તિ દેવિકારાણી ચિર નિદ્રામાં પોઢી ગયાં. જન્મ અને મૃત્યુ એ તો અનિવાર્ય છે. પણ મૃત્યુ પામીને અમરત્વ પ્રાપ્ત કરવું એ કઠિન અને મૂલ્યવાન છે. દેવિકારાણી મૃત્યુ પામીને પણ અમર બની ગયાં. પ્રથમ દાદાસાહેબ ફાળકે અને પદ્મશ્રી ઍવોર્ડ પ્રાપ્ત કરનાર, સિનેસૃષ્ટિને ઝળહળતી કરનાર દેવિકારાણીને અનેક સલામ.

- કમલા પરીખ

શ્રી વિઠ્ઠલભાઈ પટેલ-સંસ્કાર પારિતોષિક

ઈ. ૧૯૯૪ના વર્ષ દરમિયાન 'કુમાર'માં પ્રકટ થનાર મૌલિક કાવ્યો, વાર્તાઓ, ચરિત્રો અને લેખોમાંથી પ્રત્યેક શ્રેષ્ઠ રચનાને રૂ. ૧૨૫નું શ્રી વિઠ્ઠલભાઈ પટેલ સંસ્કાર પારિતોષિક આપવામાં આવશે. સહુ સર્જકોને પોતાની કૃતિઓ મોકલી આપવા નિમંત્રણ છે.

ગાબેસ અને દર્જેબા

પ્રીતિ સેનગુપ્તા

રસ્તા પર ગામનાં નામ અંગ્રેજી અને અરબીમાં લખેલાં હોય. ઉર્દુ વાંચતાં ને લખતાં એક વાર શીખેલી, એટલે અરબીમાં લિપિ ઊકલે ખરી. મેં નોંધ્યું કે બંને ભાષામાં નામ જુદી જ રીતે લખાતાં હતાં. ઉચ્ચાર પણ જુદા જ થાય. તેથી માત્માતાનું રૂપ અરબીમાં 'માત્માતહ' થતું હતું, ને ગાબેસનો અરબી ઉચ્ચાર 'ગેબસ' થતો હતો.

ગાબેસ પાછાં લઈ જઈને ઘણી બધી ઘોડાગાડીઓ પાસે મુખ્ય ચાર રસ્તા પર અમને ઉતારી દેવાયાં. કહેવામાં આવ્યું કે રણોદ્યાન સુધીની અડધા માઈલની સહેલ અમારે ઘોડાગાડીમાં કરવાની હતી. થોડો વખત ઝાડનો છાંયડો રહ્યો, ને પછી તડકો આકરો લાગ્યો. આસપાસ તાડનાં ઝુંડ હતાં. દસેક મિનિટ પછી ટાંગાવાળાએ ગાડી અટકાવી, ને કહ્યું, 'ફોટા માટે પાંચ મિનિટ'. ત્યાં બે બાજુ મેંદી વાવેલી હતી. આપણાથી જુદી જાતના છોડ હતા. પાંદડાં પણ સાવ જુદાં, સ્પેનિશ સ્ત્રીઓએ તો, અલબત્ત, પોતાના ફોટા પડાવ્યા. બસ, આ સિવાય જગ્યામાં કશું નથી. વળી, ઘોડાગાડીની મને શું નવાઈ? ભારતમાં તો એમાં ઘણી વાર બેઠાં જ હોઈએ. ન્યૂ યોર્કમાં પણ સરસ, મોટા ઘોડાવાળી બગીઓ સહેલાણીઓ માટે ફરતી હોય છે ને!

ગાબેસમાંની એ સહેલમાં જરા પણ મઝા ના આવી. રણોદ્યાન પણ નિરાશાજનક હતું. એક સ્પૅનિશ પ્રવાસી કહે, 'પણ પાણી તો હતું નહીં.' રણદ્વીપ પાસેથી એ આશા તો આપણે રાખતાં જ હોઈએ, નહીં ?

હોટેલ બે માળની હતી. સાદી, પણ સરસ હતી. પાણીના હોજમાં થોડું તરીને આખા દિવસની ગરમી અને ધૂળથી થોડી નિરાંત મેળવી. બાજુમાં જ સમુદ્ર ઘૂઘવતો હતો. ત્યાં પાળી પર બેસીને નોંધપોથીમાં લખવાનો પ્રયત્ન કર્યો, પણ એટલો બધો પવન હતો કે ત્યાં બેસાયું જ નહીં.

રાતના જમવામાં મને સૂકો, સફેદ ભાત મળ્યો. પરદેશમાં શાકાહારી હોવું એક શાપ છે. જો કે સવારે નાસ્તામાં સરસ ખાદ્ય-પ્રાચુર્ય હતું : ઇંડાં, જેલી, બ્રેડ, દહીં, કેક અને ચોકલેટવાળું દૂધ. પણ નિરાંતે ખાવા માટે બહુ વહેલું હતું. સાડા સાતે તો નીકળી જવાનું હતું. તેથી એની પણ પહેલાં જઈને કેટલું ખવાય?

અમે દ્જેર્બા નામના ટાપુ પર જઈ રહ્યાં હતાં. રોમન-કાલથી એ લોકપ્રિય આમોદ-સ્થાન રહ્યું છે. હવે તો સૂર્ય-તપ્ત એના સમુદ્ર-તીર પર ઉત્તર યુરોપથી પ્રવાસીઓનાં પ્રકાશ-ભૂખ્યાં ટોળાં ત્યાં ઊતરી આવે છે. મોટી નૌકામાં જ આખી મિનિ-વાન ચડાવી દેવાની હતી. એક ગધેડા-ગાડી લઈને જતા બાપ-દીકરો અમારી આગળથી તો ગયા, પણ ગધેડું ધરતી છોડીને જતાં એવું ગભરાયું કે, આગળ જાય જ નહીં. પછી તો વચ્ચોવચ્ચ એ બેસી જ ગયું. ઘણી લાતો અને લાકડીઓ ખાધી, ઘણા લોકો, ને નાના છોકરાએ પણ મદદ કરી, પણ એ ઊઠ્યું જ નહીં. આખરે એનો માલિક એને ભારથી છૂટું કરી ગમે તે રીતે બાજુ પર લઈ ગયો, ને માંડમાંડ ગાડું પણ જાતે જ એક બાજુ ખસેડી લીધું. આ બધામાં થોડીવાર થઈ, પણ જેવાં અમે ચડ્યાં કે તરત નૌકા ચાલવા માંડી. એક માણસ એનું મોપેડ લઈને ચડેલો. એની પત્ની સફેદ ઘૂમટામાં ઢેંકાયેલી હતી. આધુનિક સગવડ અને ઝડપ ખાતર રૂઢિ અને રિવાજોમાં પણ થોડી ફેર-બદલી લાવવી પડે છે!

પંદર મિનિટમાં પેલી બાજુ પહોંચી જવાય. દ્જેર્બા ટાપુ સૂકો ને રણ જેવો છે. હોટેલોથી ખીચોખીચ દરિયાકાંઠા સિવાય પણ એના હૂમ્ત સૂક નામના મુખ્ય ગામમાં આગવી રસપ્રદતા છે, એમ મને લાગ્યું. ખાસ કરીને સરસ,નાની દુકાનો અને કાફેવાળા બજારના વિભાગમાં, હાથની બનાવટની એટલી બધી સરસ વસ્તુઓ હતી : જાજમો, કફતાન, ચામડાની ચીજો અને ચમકતા, ઘેરા રંગવળી, માટીકળાની લોભામણી વસ્તુઓ તો જ્યાં ને ત્યાં અસંખ્ય વેચાઈ રહી હતી. મેં કિલિમ જાજમનો ટુકડો લગાડેલી એક બૅગ, અને બર્બર શૈલીની ચિત્રાકૃતિવાળા, જરા જુદા તરી આવતા, બે નાના વાડકા ખરીદ્યા. દુકાનદારે ગણતરી-સરવાળો કરીને જે ભાવ કહ્યો એના અડધા તો મેં તરત કરી જ લીધા. એ કહે, 'આમાં તો મારું દેવાળું છે.' સારો માણસ હતો, એનો વર્તાવ સભ્ય હતો. સ્ત્રી-પ્રવાસી ગમે તેટલી માનવીયતા અનુભવતી હોય, પણ એણે એ સાવચેતી રાખવાની હોય છે કે, એનો અર્થ મોજીલાપણામાં ના થાય. વક્રતા જ કહેવાય ને, જ્યારે અનુકંપાને સીમાબદ્ધ રાખવી પડે ?

દ્જેર્બાને લાક્ષણિક એવાં ઘર ગામની બહાર તરફ હતાં. મોટાં, સફેદ ધોળેલી દીવાલોવાળાં અને એક કે બે ઘુમ્મટથી યુક્ત. આસપાસ થોડાં તાડ, ઓલિવ ને ફૂલ-છોડ રોપ્યાં હોય. રોમન-કાળની ખંડિત નિશાનીઓ પણ દ્જેર્બા પર છે. તેથી યે વધારે અર્થપૂર્ણ વિગત એ ગણાય કે, ઇસ્લામના એક હઠધર્મી કે પાખંડી જેવા પંથના જોરને લીધે નાનકડા એ ટાપુ પર બસોથી વધારે મસ્જિદો છે. એમાંની કોઈ જોવા તો અમને લઈ જવાયાં નહિ, પણ કદાચ વધારે અર્થઘન ધાર્મિક એક સ્થાન જોવા જરૂર ગયાં.

એ હતું યહૂદી ધર્મનું, સિનેગૉગ કહેવાતું, એક સ્થાનક. ટ્યુનિશિયા જેવા ઇસ્લામિક દેશમાં હજી ઘણાં યહૂદી હોય એ જાણીને પણ નવાઈ લાગે. એટલું જ નહીં, સદીઓથી ત્યાં એ આવી વસેલાં છે. જેમ કે, સિનેગૉગનું મકાન ૧૯૩૯માં બંધાયું, પણ એ જ સ્થાને એની સ્થાપના સૌથી પહેલાં બારમી સદીમાં

થયેલી. સર્વત્ર ધર્મના પ્રચાર અને દેવળોની સ્થાપનાનો એ ઉજ્જ્વળ યુગ હતો. દુનિયાના ઘણા દેશોમાં આ ઘટ મેં જોયું છે.

સિનેગૉગના દરવાજા પર રાષ્ટ્રિય ચિહ્ન લગાવેલું હતું, તેથી બહારથી એ સફેદ રંગેલું, ને ભૂરા રંગના ઝરુખાવાળું હતું, અંદર એમાં લાકડાનાં થાંભલા ને કમાનો, દીવાલો પર રંગીન ટાઈલ્સ અને સાદડી પાથરેલી લાંબી બેઠકો હતાં. બે-ત્રણ પુરુષો પગ લાંબા કરી, અઢેલી એના પર બેઠા હતા, ને યહૂદી ધર્મનો પવિત્ર ગ્રંથ તોરાહ વાંચી રહ્યા હતા. એક જણ હિબ્રુમાં ગાતો હતો. તે ક્યારેક શ્લોક જેવું લાગે, ક્યારેક જાણે ભજન જેવું લાગે.

આટલી પ્રવૃત્તિ ધાર્મિક હતી એ સાચું, બાકી હતું તો એ 'ટૂરિસ્ટ સ્પોટ' જ. દરેક પ્રવાસી, તેમ જ આગંતુક, માટે માથું ઢાંકવું ફરજિયાત હતું. તો પ્રવેશ-દ્વાર પાસે જ પુરુષો માટે લાક્ષણિક યહૂદી ટોપી 'યારમુલ્ક' અને સ્ત્રીઓ માટે મોટા રૂમાલ તૈયાર જ હતાં. સિનેગૉગના અભ્યંતરના ફોટાવાળા ઘણાં પોસ્ટકાર્ડ બસો મિલિમમાં વેચવા માટે મૂકેલાં હતાં. વેચવા બેઠેલો યહૂદી એમાંના બેએક તરફ આંગળી કરી પોતાની તરફ ચીંધતો હતો. એ પોસ્ટકાર્ડમાં બાંકડા પર બેઠેલા એના ફોટા હતા. એનો રસ એમને વેચવામાં વધારે હતો. ભક્તિ અને ધાર્મિકપણા વડે કોઈ પોતાપણું દૂર નથી કરી શકતું.

હોટેલમાં બપોરનું ખાણું ટેબલો પર ગોઠવી દેવામાં આવેલું. અમે પહોંચ્યા ત્યારે ઘણું પૂરું પણ થઈ ગયેલું. મને થોડાં કાચાં શાક મળ્યાં. ઉપરાંત મારું માથું દુઃખવા આવેલું. એટલે હું થો બેસી રહી, ઝોકાં ખાધાં, થોડું વાંચ્યું. બહાર તો એક મિનિટ પ રહી નહતી શક્તી. બધાં દરિયા-કિનારે તડકો ખાવા ફરતાં હતાં, સૂરજ એટલો આકરો હતો કે મારી તો આંખો અંજાઈ જતી હતી

એ રીતે બધાં સ્પૅનિશ કોઈ રેસ્ટોરાંમાં જમવા જવાનાં હતાં મારો સાથે જવાનો કોઈ અર્થ નહોતો. બધાં મારી સાથે બહુ સારી રીતે વર્તતાં હતાં, પણ એ દરેક પોતપોતાના સાથી સા હતા. વળી, નિરામિષ આહારની મુશ્કેલી તો રહેવાની જ. આ કંઈક બને ત્યારે મને ઓછું આવી જાય ખરું, કે એકલી હોવા લીધે જ હું આમ રહી જતી હો છું. પણ આવા ભાવ લાંબા ક્યારે ના ટકે.

બહાર જરા પણ પવન નહતો. સમુદ્ર જરા પણ સંભળાતો નહતો. જાણે ઝંઝાવાત પહેલાંની શાંતિ ! જો કે આ વિચાર તો પછીથી આવેલો, જ્યારે મોડી રાતે સાચે જ ઝંઝાવાત થયો. ખૂબ વરસાદ પડ્યો, વાદળાં ગરજ્યાં અને પવન ફૂંકાયો અને એ પછી સવાર સંપૂર્ણ સ્વચ્છ અને શાંત હતી.

એ દિવસની મુસાફરીની શરૂઆતે વાતાવરણ સરસ થઈ ગયું તે સારું થયું. વેપાર-વાણિજ્ય ને વસ્તીવાળાં પૂર્વ કાંઠાનાં ગામો છોડીને અમે નૈઋત્ય દિશામાં જવાનાં હતાં. ટ્યુનિશિયાની દક્ષિણે પથરાયેલી મરુભૂમિમાં થઈને એ માર્ગ પસાર થતો હતો. એ માર્ગ પર જવા હું ઉત્સુક હતી. ❑

અનુસંધાન] ઈન્સેટ-૨ [પૃ. ૧૬૫ પરથી

ભૂલા પડી જતા હોય છે. આથી સાહસિકો અને આપત્તિગ્રસ્તોના સંદેશા ઝીલી શકે તેવી વ્યવસ્થા ઉપગ્રહનાં ટ્રાન્સપોન્ડરો દ્વારા કરેલી હોય છે, જેને કારણે અસરગસ્તોને તાત્કાલિક મદદ પહોંચાડી શકાય છે. બંગાળની ખાડીમાં ૧૯૯૧ના દરિયાઈ તોફાન દરમ્યાન આપત્તિ-સૂચક પ્રણાલિ (DWS) એ ૨૦,૦૦૦ના જાન બચાવ્યા હતા. ઈન્સેટ-૧ શ્રેણીમાં રહેલી ખોટ અને ઊભી થયેલી સમસ્યાઓનો ઉકેલ ઈન્સેટ-૨ શ્રેણીમાં લાવવામાં આવેલ છે. હાલના તબક્કે સંદેશાવ્યવહારને ૧૧ તથા રેડિયો અને દૂરદર્શનને આઠ ટ્રાન્સપોન્ડરો ફાળવેલાં છે, જે ૧૯૯૫માં વધીને અનુક્રમે ૪૪ અને ૨૧ થાય તેવી અપેક્ષા છે.

ઈન્સેટ-૨ શ્રેણીમાં યથાસંભવ વધુમાં વધુ સ્વદેશી સંચાર પ્રાદ્યોગિકીનો ઉપયોગ કરવામાં આવ્યો છે અને ભવિષ્યના અવકાશી કાર્યક્રમોમાં તેમ કરવાનું વલણ વધતું રહ્યું છે. પણ દિલ્હી પ્રશાસન વિકાસ માટે અધીરું (???) બનતું જાય છે. તે ટેક્નોલૉજિ કામે લગાડવા બૂમરાણ કરે છે. ટેક્નોલૉજિ ન હોય તો પરદેશથી આયાત કરવા વિજ્ઞાનીઓ ઉપર દબાણ કરે છે. ટેક્નોલૉજિ અંતરિત (technology transfer) માટે હવાતિયાં મારે છે અને દિલ્હી પ્રશાસન ચૂસ્ત રીતે માને છે કે, ભારતના સર્વાંગી વિકાસ માટે અંતરિત ટેક્નોલૉજિ અનિવાર્ય છે. ભારતે પોતાની બૌદ્ધિક તાકાત ઉપરથી વિશ્વાસ ગુમાવવાની જરાય જરૂર નથી. ભારતનો વિકાસ એટલે ગ્રામીણ વિકાસ. આ સંદર્ભને નજર સમક્ષ રાખીને જ ટેક્નોલૉજિની રચના અને આયાતનો વિચાર કરવાનો રહે છે. આજે કુશળ પ્લબંર એ પાયાની જરૂરિયાત છે, ગ્રામીણ ટેક્નોલૉજિનો પ્રાથમિકતા માંગે છે. સદ્‌ભાગ્યે ગ્રામીણ અનુસંધાન અને ગ્રામીણ ટેક્નોલૉજિ માટે આજે કેટલાંક વિશ્વવિદ્યાલયોએ અને રાષ્ટ્રિય અનુસંધાન સંસ્થાઓએ પ્રારંભ કર્યો છે. સંનિષ્ઠ અને ગ્રામાભિમુખી વિજ્ઞાનીઓએ ગ્રામીણ વિકાસનો નકશો તૈયાર કરવાનો રહે છે, અને ટેક્નોલૉજિસ્ટો તેમાં રંગ પૂરશે. આમ થશે તો ઉપગ્રહો અને આનુષંગિક ટેક્નોલૉજિના સ્થાનાંતરણની વાતનો છેદ ઊડી જશે અને સાથેસાથે કમિશનોનો કકળાટ પણ નહીં રહે. ❑

જંગલ

મૂળ લેખક કૃષ્ણ આલનહલ્લી અનુ. પ્રફુલ્લ રાવલ

તહેવાર પતી ગયો. કિટ્ટી સવારે ઊઠીને બેઠો હતો, પરન્તુ તેની આંખોમાંથી હજુ તહેવારનો નશો ઊતર્યો નહોતો. અત્યારથી સ્કૂલે જવાની ચિંતા સતાવી રહી હતી. ગમે તે રીતે તે ટાળવાની દાનતથી મોં ન ધોયું, પુસ્તક લઈને વાંચતો હોય તેવો ચહેરો કરીને બેસી ગયો. 'ચાવડી' ઘરની નાગી આવી ગઈ. કિટ્ટી સંકટમાં ફસાઈ ગયો. શું કરે? આ દરમિયાન મામાએ પણ બૂમ મારી - 'સમય થઈ ગયો છે, જા કિટ્ટી'. રોજ નાગી આવ્યા પછી જ એ જતો હતો. કોઈ બીજો ઉપાય ન દેખાયો. ઊભો થયો. હાથ-મોં ધોયાં અને કશુંક ખાઈને ચાલવા માંડ્યો. મામીએ બોલાવીને વધેલી ધાણી અને હારડો ખિસ્સામાં ભરી દીધાં. કિટ્ટીએ ફરી કબાટ ખોલ્યો. પાર વગરના સામાનનો ઢગલો. એમાંથી દીવાસળીની ડબ્બી કાઢી, અને જોયું કે એમાં મૂકેલ જીવ જીવતો છે કે નહીં ! તહેવારની વ્યસ્તતામાં પરમ દિવસથી એ તેને ભૂલી જ ગયો હતો. ચળકતા મોંવાળું લીલી પાંખવાળું પતંગિયું હથેળી પર લઈને જોયું. તે માથું નીચું કરીને, પગ વાળીને પડ્યું હતું. કદાચ મરી ગયું હોય એમ વિચારીને ફેંકી દેવા માટે હાથમાં રાખીને તરત જ મુઠ્ઠી વાળી દીધી. પલંગ પાસે ઊભેલી નાગી તરફ જોયું. મામાએ ફરી બૂમ મારી - 'સમય થઈ ગયો છે, કિટ્ટી'. મેલો થેલો ખભા પર લટકાવ્યો, નાગી તરફ જોયું અને પછી દાંત કચકચાવીને એ નીકળી ગયો.

સાંજે સ્કૂલ છૂટી ત્યારે વાદળ છવાઈ ગયાં હતાં. ધીમોધીમો ગડગડાટ થતો હતો. હોસૂરના લીમડાના વૃક્ષને પસાર કરતાંકરતાં ગાયના વાછરડાં વરસાદના ભયથી ભાગવાં લાગ્યાં. 'આપણે પણ ભાગીએ, નાગી' કિટ્ટીએ નાગીને કહ્યું. 'હા, ચાલો' કહીને નાગી લેંઘો ઊંચો લઈને કિટ્ટીની સાથે ભાગવા માંડી. ભાગવા જતાં લેંઘો પગમાં ભરાયો. નાગી ધબાક કરતી પડી ગઈ અને એની સાથળમાં છોલાઈ ગયું. કિટ્ટીએ એ જગ્યા પર થૂંક લગાવ્યું અને કહ્યું, 'ધીમે ધીમે દોડ.' માથે ઘેરાં વાદળો છવાયેલાં હતાં. દિવસ આથમતો હોવાની અનુભૂતિ થઈ.

તેઓ આંબલીના વૃક્ષ પાસે આવી ગયાં. નાગી રસ્તાની કિનારે ઝાડીની આડમાં જતાં બોલી, 'કિટ્ટી, જરા મોં આમ કરી લે.' એ લેંઘો ઊંચો કરીને બેસી ગઈ. કિટ્ટી, કુતૂહલથી છુપાઈને તેને જોતો હતો. એ ઊભી થતી હતી ત્યાં જ કિટ્ટી જોરથી બરાડ્યો; 'સા...પ, સાપ...' ગભરાયેલી નાગી જલદીથી ઊભી થઈ ગઈ. અને એને પૂછ્યું - 'ક્યાં છે, કિટ્ટી ?' કિટ્ટી હસતોહસતો કહેવા લાગ્યો - 'ધત્... તેરી ! ખૂબ ડરપોક છે તું તો. મેં તો એમ જ 'સા...પ... સા...પ' કહ્યું હતું.' નાગીનો લેંઘો ભીનો થઈ ગયેલો, જોઈને કિટ્ટી હસવા લાગ્યો. નાગીને ક્રોધ અને લજ્જાનો અનુભવ એકસાથે થયો. એને રોવું આવી ગયું. મોં ચડાવીને ચૂપચાપ ચાલી. કિટ્ટીને કાલે પેશાબ થયાની વાત યાદ આવી ગઈ. તેઓ'કોટે-મૈસૂર' રસ્તા પર આવતાં જ, રોજની જેમ આજે મૈસૂરથી કોટે જનારી મોટરગાડી જોવા માટે 'સન્તેમાલ'ની પાસે ન રોકાયાં.

માથે ઘેરાં વાદળ ઊમટવાં લાગ્યાં. જોરદાર ગડગડાટથી બન્ને ચોંકી ગયાં. હનુમાન-મંદિર પાસે આવતાં-આવતાં હળવો વરસાદ શરૂ થઈ ગયો.સાંજ ઢળી રહી હતી. કિટ્ટીને અચાનક કરમદિયાંની યાદ આવી. કરમદિયાંનાં ફળોને ત્યાં જ ક્યાંક પકવવા માટે રાખવામાં આવ્યાં હતાં. તેણે નાગીને કહ્યું. નાગી બોલી-'બધાં પાકી ગયાં હશે ને, કિટ્ટી ?' ફોરાં પડી રહ્યાં હતાં. બોલ્યો-'કાલે કાઢીશું, નાગી. વરસાદ આવવાનો છે.' નાગીએ વાત ન માની 'અરે, પાણીમાં થોડાં વહી જશે!' એ દિવસે એવું જ થયું હતું, તેની યાદ આવતાં તે મંદિરની પાછળના ભાગમાં ચાલ્યો ગયો. કરમદિયાં કઈ ઝાડીમાં રાખ્યાં છે એ સમજમાં આવતું નહોતું. શોધતાં એ જ રીતે નાળાની પાર નીકળી ગયો, ત્યારે જોયું કે કિનારા પર ઊગેલું ઘાસ હલી રહ્યું છે. સસલું-બસલું હશે એમ વિચારીને તેણે નાગીને તાકીદ કરી કે જરા પણ અવાજ ન કરે. ધીમે-ધીમે પાણીથી ધોવાયેલી રેતી પર આવીને અને લપાઈને એણે જોયું. કિટ્ટી ચૂપચાપ જોતો રહ્યો. નાગી કુતૂહલથી તેની તરફ જોવા લાગી.

કિટ્ટીને લાગ્યું , કોઈ ભૂત હશે. એનાં રૂવાં ઊભાં થઈ ગયાં. પરમ દિવસે સાંજે અહીં જ ક્યાંક તાંત્રિકે પૂજા કરી હતી. આંખો ફાડીને જોયું. કોઈ સૂતું હતું. નાગી પોતાને ન રોકી શકી. તેણે જોરથી પૂછ્યું- 'શું છે કિટ્ટી ત્યાં ?' ત્યાં સૂતેલાં બન્ને શરીર કપડાં સરખાં કરતાં ઝટપટ ઊભાં થઈ ગયાં. કિટ્ટી ત્યાંથી છલાંગ મારીને કૂદ્યો. અને નાગીનો હાથ પકડીને એને ખેંચતો ભાગવા માંડ્યો. નાગીએ પૂછ્યું-' શું હતું ત્યાં, કિટ્ટી,?' તે 'ધત્' કહીને ચૂપ થઈ ગયો.

આંબાવાડિયાંની નજીક આવતાં-આવતાં અંધારું થઈ ગયું. નાગીએ વારંવાર પૂછતાં તેણે કહ્યું. - 'એ મંદિરનો પૂજારી છે ને નાગી, તે બધાં કપડાં ઉતારીને 'હોલેથ' (હરિજન) કાલીની

સાથે સૂઈ રહ્યો હતો.' આમ કહીને તે હસવા લાગ્યો. નાગીને બહુ વિચિત્ર લાગ્યું. તેણે પૂછયું-'એમ કેમ હતું, કિટ્ટી ?'

'ધત્, આવી વાત ન પુછાય' કિટ્ટીએ કહ્યું. મોટા મોટા છાંટા પડવા લાગ્યા. વરસાદના છાંટા તરફ મોં કરીને ઊભા રહેવામાં બહુ આનંદ આવે છે. છાંટા જોરથી પડવા લાગ્યા. ગલીના વળાંકે આવીને તેણે પાછું વળીને જોયું. કોઈ આવતું ન દેખાયું. કપડાં ભીનાં થઈ ગયાં હતાં. દોડ્ડનસેની બાજુએથી નીકળતી ગલીમાંથી પોતાની ગલીનો ધાવા બકરીઓ ચરાવીને પાછો આવી રહ્યો હતો. નાગી તેની સાથે જતી રહી. કિટ્ટી થોડેક દૂર સુધી ઘેટાંની સાથેસાથે ગલી પાસેથી પગદંડી પર ચાલવા માંડ્યો. ગામથી અલગ-અલગ ટેકરીઓની પાછળ પોતાના ઘર તરફ દોડી ગયો.

ઘરમાં આવતાં-આવતાં કિટ્ટી પૂરેપૂરો ભીંજાઈ ગયો હતો. એણે બરાબર માથું લૂછયું. મામીએ ચૂલા સામે બેસાડીને ઘી ચોપડીને રોટલી આપી. રોટલી ખાતાં કિટ્ટી મંદિરની પાછળ જોયેલા તમાશાની વાત કહી દેવા આતુર હતો. ઘરની પાછળથી લોંપી દૂધ દોહવવા માટે બોલાવી રહ્યો હતો. મામી દૂધ દોહવડાવા ગઈ. બધું ઘી અને અડધી રોટલી પૂરી થતાં એ તેને ત્યાં જ મૂકીને બહાર આવી ગયો. ઘરનાં બારણાંની પાસે બળદોની ગમાણના એક ખૂણામાં કામ માટે આવેલા માણસો બેઠા-બેઠા તાપણું તાપી રહ્યાં હતાં. મામા વરંડામાં પાથરેલા પલંગ પર કામળો ઓઢીને નોકરોને આવતી કાલના કામની સૂચનાઓ આપી રહ્યા હતા.

કિટ્ટી મામાની નજર ચુકાવીને ધીમેથી ગમાણમાં પહોંચી ગયો. એ મંદિર પાછળની ઘટના કહેવા આવ્યો હતો. પ્રતિદિન જંગલમાં ઢોર ચરાવવા માટે જનાર લોકો કોઈ ને કોઈ વાર્તા સંભળાવતાં જ રહેતા. ઉત્સુકતાથી બેસીને એ સાંભળનાર કિટ્ટીને આજે પોતાની વાર્તા કહેવાની ઉતાવળ હતી. બોમ્બસરી, કરિયા, નંજ અને થોડાક માણસોએ કિટ્ટીને આવતો જોઈને તેને માટે તાપણા સામે જગ્યા કરી. બધાનાં કપડાં ભીનાં થઈ ગયાં હતા. આગ સામે પોતાના કપડાં સૂકવતાં, તેઓ વાતો કરી રહ્યા હતા. મોન્ન રાખમાં પગ પસારીને તાકીતાકીને જોઈ રહ્યો હતો. કિટ્ટીને આવેલો જોઈ, તેના હાથમાં લાગેલ ઘીની સુગંધથી કિટ્ટીના હાથ ચાટવા લાગ્યો, કિટ્ટીએ ધીમેધીમે બધાને પેલી વાત કહી સંભળાવી. જે કંઈ જોયું હતું તે બધું ચોખ્ખેચોખ્ખું કહી દીધું. બધા જોરથી હસી પડ્યા. કિટ્ટી ગાંડાની જેમ ઊભો થઈ ગયો. મામાએ કહ્યું-'શું છે ?' કોઈએ કંઈ ન કહ્યું. બધા ચૂપ બેઠા હતા. અંતે મામાના મોંએ ચડાવેલા હોલેય કરિયાએ મોટા અવાજમાં બધુંજ સંભળાવી દીધું. હવે મામા શું કરશે એ ડરથી કિટ્ટી ગભરાઈ ગયો. મામાએ બોલાવ્યો. કિટ્ટીનું મોં સુકાઈ ગયું હતું. તેમણે ફરી બૂમ પાડી. 'નહીં જાઉં તો વળી વધુ મુસીબત.' ડરતો ડરતો મામી પાસે જઈને ઊભો રહ્યો. મામાએ જોરથી થપ્પડ મારી. કિટ્ટી જોરથી બરાડયો. મામીએ દૂધ દોહવાનું મૂકીને તેને અંદર લઈ જતાં પૂછયું:'શું કર્યું હતું?' કિટ્ટી રોવા માંડ્યો. બહાર આવીને નોકર-ચાકરોને મામીએ પૂછયું. કોઈએ કશું કહ્યું નહીં. અંદર આવીને કિટ્ટીને જ્યારે અડધી-ખાધેલી રોટલી ઉપર ફરી ઘી ચોપડીને આપી તો તેણે જે કંઈ કહ્યું હતું તે બધું જ મામીને કહી દીધું. તેની વાત સાંભળીને મામી હસ્યાં, એટલે કિટ્ટીને આનંદ થયો. 'નાળામાં એ એવી રીતે કેમ સૂતાં હતાં ?' કિટ્ટી મામીને પૂછવા ઇચ્છતો હતો. એ વખતે મામી બોલી-'કિટ્ટી, આ વાત કોઈને કહેતો નહિ. નહીંતર બધાં તને લુચ્ચો કહેશે.' કિટ્ટીએ પછ્યું-'કેમ ?' એનો કોઈ જવાબ ન સૂઝયો એટલે મામીએ કહ્યું-'જો, સારા છોકરા એવી વાતો ન કરે. બસ, હવે રોટલી ખાઈ લે.'

'આ બધાં મને હજુ નાનો સમજીને એવું કંઈ ન બોલવાનું કેમ કહે છે? મોટો થઈશ તો કેટલી મઝા આવશે!' આવું વિચારતાં અને પોતાના મોટા થયાની ઇચ્છા કરતાં રોટલી ન ખાતાં તેના પર ચોપડેલું ઘી તે ચાટવા લાગ્યો.

હળવો વરસાદ રોકાઈ ગયો. ગમાણનું તાપણું પણ ઠંડું થઈ ગયું હતું. ત્યાં મોન્ન એકલો બેઠો પોતાના શરીર ઉપર ચોંટેલા કીડાને કાઢી-કાઢીને ખાઈ રહ્યો હતો. ઓસરીમાં કડા ઉપર લટકતા ફાનસનું અજવાળું ગમાણ સુધી ફેલાયેલું હતું. નોકર-ચાકર આવીને બેઠા હતા. મામી એકલી જ બધાને પીરસી રહી હતી. મામા જમીને પલંગ પર ફાનસ રાખીને હિસાબ લખી રહ્યા હતા. કિટ્ટીને ભણવામાંથી રજા મળ્યાનો આનંદ હતો. ધીમેથી એણે કબાટનું બારણું ખોલ્યું. અવાજ કર્યા વગર બધા ગજગા (કૂકા) ગણી લીધા. ચાર-ચારના વીસ ચોકા થઈ ગયા. વિચાર્યું : વિવાર ક્યારે આવશે ? સ્કૂલ પણ એવી બેકાર છે કે ત્યાં એક જ દિવસ રજા મળે છે. શનિવારે પણ એકવાર જવું જ પડે છે. એક દિવસમાં ફૂલવાડીમાં પાણી પાવું, ચકલીઓ પકડવા માટે જાળ બિછાવવી, તળાવમાં તરવું-આ બધી બાબતો વિષે એ વિચારતો રહ્યો.

જમીને ઘરના નોકર-ચાકર આંગણામાં રાખેલી પથ્થરની કૂંડીમાં હાથ ધોવા માટે ચાલ્યા એ જ વખતે ત્રણ-ચાર માણસો બારણાંનો પડદો ખોલતાં જ 'ગૌડે' કહીને અંદર આવ્યા. મોન્ન ભસતો ભસતો દોડી ગયો. બુંદેમાદનો અવાજ સાંભળીને તે ડરીને બેસી ગયો. આવેલા લોકોએ મામાને કહ્યું, 'આજ પંચાયત છે, તમને ચોતરે બોલાવ્યા છે.'

બુંદેમાદે કહ્યું -'કરેહટ્ટીના યજમાન, દોડ્ડગૌડા—બધા જ આવી ગયા છે.' 'પંચાયત'નું નામ સાંભળતાં જ કિટ્ટી કૂદવા માંડતો. બુંદેમાદ ઘરમાં ખેતમજૂર તરીકે કામ કરતો હતો, પરંતુ

આ વર્ષે એ મજૂરી છોડીને 'કુલવાડી' થઈ ગયો હતો. તે આંગણામાં થાંભલે પીઠ ટેકવીને ઊભેલાં કરિયાની સાથે વાતો કરતો હતો. પરમ દિવસે તો દોડ્ડુનિંગણ્ણાનું (પિલ્લા) ગલુડિયું ચિક્કી ધોબીના ઘરમાં ઘૂસી ગયું હતું, તેથી મામાએ એને માર્યું હતું. કિટ્ટીને દયા આવી હતી. પરંતુ વાત-વાતમાં હસાવનાર કલઈ સાબીને પણ ન જાણે કેમ તે દિવસે માર પડ્યો હતો, અને જ્યારે તે 'ભૂલ થઈ ગઈ, માલિક' કહેતો બધાના પગમાં પડી રહ્યો હતો, 'ત્યારે કિટ્ટીને બહુ હસવું આવ્યું હતું. તેણે ખામોશીથી ચોતરે જઈને નાગીના ખાટલે બેસીને પંચાયત જોવાની વાત કહી હતી. મામાએ હિસાબનો ચોપડો ત્યાં જ મૂકીને પૂછયું -' આજે શાની પંચાયત છે, માદ ?' પછી ઊઠીને ખીંટી પર ટીંગાડેલા વસ્ત્રને ખભા પર મૂકીને કડા પર મૂકેલી બેટરી લેતાં ખામોશ માદને ફરી પૂછયું- 'શું છે ?' માદ ડરતો ડરતો બોલ્યો-'માલિક, આપણી ગલીની....સુબ્બા કુમ્હારની પત્ની ઘાવી છે ને, તે જરાક એવી જ છે.... તેની....' વધુ કંઈ ન કહેતાં તે બીજી બાજુ ચાલ્યો ગયો. કિટ્ટીએ મામીને કહ્યું-'મામી, નાગીના ઘરે જઈ આવું ?' મામીએ કહ્યું-'ગાંડા, હું શું નથી જાણતી ? ચોતરે આજે કશુંક છે, બસ, તેની તને ખબર પડી હશે. આજે ત્યાં ન જઈશ. ત્યાં જવું બરાબર નથી.' વાત પૂરી કર્યા પહેલાં જ પાલવ ખેંચી-ખેંચીને તે કહેવા લાગ્યો-'જઈશ મામી.' અંતે 'બાળક છે' કહીને મામીએ સિલની સાથે તેને મોકલતાં જલદી પાછા આવવા કહ્યું.

(ક્રમશઃ)

* * *

ધારો કે તમારી પાસે એક ઈંચના ૧૦૦૦મા ભાગ જેટલો એક મોટો પાતળો કાગળ છે. આ કાગળના બે ટુકડા કરો અને એને એકબીજા પર મૂકો. હવે બે ટુકડાને સાથે ફાડીને બે ટુકડા કરો અને તેને એકબીજા ઉપર મૂકો. આમ કુલ ચાર ટુકડા થયા. હવે એ ચારના બે ટુકડા કરી એકબીજા ઉપર મૂકો. કુલ આઠ ટુકડા થયા. આ દરેક વખતે એકના બે કરી એકબીજા ઉપર મૂકતા જઈ થપ્પી વધારતા જાઓ. આ રીતે ૫૦ વખત એકના બે ટુકડા કરતા જઈને તેની થપ્પી ચડાવતા જાઓ તો એ થપ્પી કેટલી ઊંચી થાય તેની કલ્પના કરી શકશો?

એ થપ્પી ૧,૭૦,૦૦,૦૦૦ માઈલ ઊંચી થશે! પહેલી વખતે કાગળ ફાડતાં બે ટુકડા, બીજી વખતે ચાર, ત્રીજી વખતે આઠ, ચોથી વખતે સોળ થાય. આમ દરેક વખતે બેવડાવતાં પચાસમી વખતે ફાડશો તો ૧,૧૨,૬૦,૦૦,૦૦,૦૦,૦૦૦ (એક કરોડ બાર લાખ સાઠ હજાર કરોડ) ટુકડા થાય. હવે જો એક ઈંચમાં એક હજાર ટુકડાની થપ્પી બને તો આટલા ટુકડાની ૧૧,૨૬,૦૦,૦૦,૦૦,૦૦૦ (અગિયાર હજાર બસો સાઠ) ઈંચ ઊંચી બને, અથવા ૧,૭૦,૦૦,૦૦૦ (એક કરોડ સિત્તેર લાખ) માઈલથી વધુ ઊંચી બને. •

કુમાર ૮૦૦મો અંક

'કુમાર'ના ૬૬ વર્ષના અંકોમાંથી કાવ્યો, વાર્તાઓ, ચરિત્રો; વિજ્ઞાન, સ્થાપત્ય, સંગીત, ખગોળ, રમતગમત, કલા વિષયક લેખોમાંથી ચૂંટીને શ્રેષ્ઠ રચનાઓ આ અંકમાં સંગૃહીત કરવામાં આવશે. પ્રસ્તુત અંકોમાંથી રંગીન ચિત્રો, એકરંગી ચિત્રો, ફોટોગ્રાફસ વગેરેને પણ પસંદ કરીને આ અંકમાં સમાવવામાં આવશે. લગભગ બસોએક પાનાંના આ દળદાર અંકનું સ્વરૂપ **ચયન વિશેષાંક**નું હશે. સહુ 'કુમાર' પ્રેમીઓને માટે આ સંઘરી રાખવાલાયક મહામૂલું નજરાણું હશે અને આ દળદાર ચયન વિશેષાંક પાછો નિયત લવાજમ રૂ.૧૦૦માં જ ગ્રાહકોને મળશે.

૧૯૯૪ના જાન્યુઆરીથી ડિસેમ્બર સુધીના ચાલુ ગ્રાહકોને આ ૮૦૦મા અંકનો લાભ તો મળશે જ, પણ વર્ષની અધવચ્ચે જેમનું લવાજમ પૂરું થતું હશે તેમણે પોતાનું લવાજમ તરત જ ભરી દેવા આગ્રહ છે. વળી, ૧૯૯૪ના વર્ષ માટે નવા થનારા ગ્રાહકોને જો આ અંકનો લાભ જોઈતો હશે તો તેમણે પોતાનું લવાજમ રૂ. ૧૦૦ એપ્રિલ ૩૦ ૧૯૯૪ સૂધીમાં ભરી દેવું પડશે. એપ્રિલ ૩૦ ૧૯૯૪ પછીથી જે નવા ગ્રાહકોનું લવાજમ અમને મળશે તેમણે ૮૦૦મા અંકની છાપેલી કિંમત કરતા અર્ધી રકમ પોતાના વાર્ષિક લવાજમ ઉપરાંત વધારાની આપવાની રહેશે, તેની સહુ નવા થનાર ગ્રાહકોએ ખાસ નોંધ લેવા વિનંતી છે. **- તંત્રી**



કલાવાર્તા

વિનોદ શાહ

બંસીલાલ દલાલ

વડોદરા યુનિવર્સિટીની ફાઈન આર્ટ ફૅકલ્ટિએ જે કેટલાક ઉમદા કલાકારો નીપજાવ્યા છે તેમાંના એક વિનોદ શાહનું નામ પણ મોખરે મુકાય તેવું છે. ત્યાંના એ એક અતિ તેજસ્વી વિદ્યાર્થી. લગભગ આરંભથી જ એમણે પોતાની આગવી કલાશૈલીનું અહીં ઘડતર કર્યું છે. પોતાની કલ્પનાશીલતાને સુસંગત એવી એ શૈલી છે. એમની આ શૈલીમાં કોલાજ જ નહિ પણ પોતાની કલાકૃતિઓની રંગપૂરણી પણ કોલાજ જેવી લાગે અને એકબીજા સાથે સુમેળ સાધી એક પૂર્ણ સુંદર કૃતિ બની રહે એવી કરામત છે.

અસલ તો એમને દશ્ય ચિત્રાંકનોમાં વધુ રસ હોય તેમ એમની કૃતિઓ જોતાં લાગે. એમાં નગરનાં દૃશ્યો, અને એમાંયે ખાસ તો માનવસર્જિત રચનાઓનાં આલેખનમાં રસ. કદાચ એટલે જ એમને દશ્ય ચિત્રાંકનોની જેમ સ્ટિલ લાઈફનાં ચિત્રો પણ કરવાં ગમે છે. અલબત્ત, એમનાં ચિત્રોમાં માનવ આકૃતિઓ પણ હોય અને પ્રકૃતિનું દર્શન પણ ખરું જ. આ બધાં પ્રત્યેની અનુભૂતિઓને તેઓ પોતાની આગવી રીતે સુંદર છટામાં રજૂ કરે છે.

એમના પ્રકૃતિ-દશ્યોમાં દૂર દેખાતા પહાડપર્વતો અને વિભિવત આકાર રચતાં વૃક્ષો, માનવપાત્રો તેમજ સ્થાપત્ય રચનાઓ સાથે તેઓ એવાં સુંદર ચિત્રસંયોજનો કરે કે તેમાં ઊંડાણ તો દેખાય જ, સાથે એક આગવી સૂચકતા પણ પ્રકટ થતી લાગે. તેજછાયાની પરંપરિત રમત વિના પણ તેમાં ઘનતા ઊપસી આવે. આ એમની આગવી સિદ્ધિ છે.

શ્રી વિનોદ શાહનો જન્મ સૌરાષ્ટ્રમાં રાજકોટમાં ઈ.સ. ૧૯૩૪માં થયો. બચપણથી જ ચિત્રકામની લગન લાગી હતી. દેશના ભાગલા થયા પછી કરાંચીથી રાજકોટ આવી ત્યાં સ્થિર થયેલા અને સૌરાષ્ટ્ર ચિત્રશાળા નામે સ્ટૂડિઓ સ્થાપી ચિત્રકાર્ય ઉપરાંત અનેક કલાર્થીઓને તાલીમ આપનાર ખ્યાતનામ ચિત્રકાર સ્વ. મગનલાલ ત્રિવેદી પાસે વિનોદભાઈએ પણ ચિત્રકલાના પાઠ લેવા માંડેલા. પિતાશ્રીએ પણ વિનોદભાઈને કલાભ્યાસ માટે સારું પ્રોત્સાહન આપ્યું. અહીં આ સમયે પણ વિનોદભાઈ અભ્યાસાર્થે કરાતાં જલરંગી દશ્યચિત્રોનાં રંગરૂપોને પોતાની સૂઝથી વિશેષ સરળ બનાવી તેના રંગવિધાનમાં પણ અવનવા પ્રયોગો કરતા રહેતા.


૧૯૬૧માં વડોદરાની ફૅકલ્ટિ ઑફ ફાઈન આર્ટ્સમાંથી ચિત્રકલાની એમ.એ.ની ઉપાધિ મેળવી; અને એમની સૂઝ-ક્ષમતાં જોઈ એમને ત્યાં જ વ્યાખ્યાતાની નિમણૂક પણ મળી ગઈ અને ત્યારથી આજ સુધી ત્યાં જ રહી એમણે ચિત્રકલા વિભાગના વડા બનવા સુધીના પદે પહોંચ્યા. દરમિયાન સુખ્યાત કલાકાર ગુરુ શ્રી બેન્દ્રેના સાન્નિધ્યનો એમને બહુ અચ્છો લાભ મળ્યો. એમના ચિત્રોની રંગાવટમાં કદાચ



એકેલિક રંગોમાં એક દશ્યચિત્ર




નગરના ઘર અને વૃક્ષો



જલરંગો અને કોલાજથી કરેલું માંડવગઢનાં ચાર દૃશ્યોનું જૂથ.
નીચે : એક દૃશ્યચિત્ર, કાગળ ઉપર જલરંગોમાં કરેલું.

બેન્દ્રેસાહેબનો પ્રભાવ પણ ઘણાને દેખાશે, પણ શૈલી તો વિનોદભાઈની આગવી જ રહી છે.

દૃશ્યચિત્રો અને સ્ટિલલાઈફ એમના ગમતા વિષયો હોઈ એમનાં ચિત્રસર્જનોમાં એ વધુ દેખાશે, પણ તેમાં એ માનવપાત્રો કરે જ છે, પરંતુ તે ચિત્રના પરિવેશના અંતર્ગત ભાગ-રૂપે જ લાગે. ચિત્ર-વિષયોના મર્યાદિત વ્યાપ છતાં એમણે સૌંદર્યની ખૂબ કલાત્મક અનુભૂતિ તો કરાવી જ છે.



મુંબઈમાં વર્ષો પૂર્વે જહાંગીર આર્ટ ગૅલરિમાં પોતાના એક પ્રદર્શનમાં એમણે એનામલ રંગનો નવતર પ્રયોગ રજૂ કરેલો. આ રંગોને બાળીને એમણે તેની અનોખી રંગઝાંય પ્રકટાવીને પ્રશંસનીય સુંદર સર્જન કરી બતાવ્યું હતું. બીજા પણ પ્રયોગો એમણે રંગમાધ્યમમાં એટલી જ સુંદર રીતે સિદ્ધ કરી બતાવ્યા છે.

એમની ચિત્રકૃતિઓ સાદગીભર્યા આછા સુંદર સપાટ રંગવિધાનવાળી અને નયનાકર્ષક હોઈ કેટલાંકને તે શોભનાત્મક પણ લાગે. પરંતુ એવું નથી. ખરેખર તો તેમનાં સરલ રંગરૂપનું પોત સમૃદ્ધ હોવા સાથે અમૂર્ત કક્ષાએ પહોંચે છે અને એટલે જ એ શોભનાત્મક કક્ષાનું ન કહી શકાય.

૧૯૮૬ના ઑક્ટોબરમાં મુંબઈની તાજ આર્ટ ગૅલરિમાં કોલાજની રીતે એમણે સુંદર દૃશ્યચિત્રો રજૂ કરેલાં. સપાટ લાગતા આ માધ્યમથી પણ એમણે એમાં ઊંડાણનું સુંદર દર્શન કરાવેલું. ઘરભીતરનાં - ઈન્ટીરીઅરનાં ચિત્રો પણ એમણે સપાટ આછા રંગો અને અવકાશ વગેરે સાથે સુંદર સંયોજન રચી બનાવ્યાં છે. એમનું રંગમાધુર્ય એ એમની આગવી લાક્ષણિકતા સમું છે અને તેમાં તેમની કલાસૂઝ અને ક્ષમતા પ્રકટ થાય છે. ચિત્રમાં કેટલોક ભાગ તેઓ બહુ ચાતુરીપૂર્વક રંગ વગરનો પણ છોડી દે છે, જે ઊલટો ચિત્રસૌંદર્યમાં પૂરક બની રહે છે. વિવિધ માધ્યમોના પ્રયોગ તેઓ કરતા રહે છે અને તે તેમની કલાને વિશેષ ઓપ આપે છે. લંડન, અમેરિકા, સ્વીટ્ઝર્લૅન્ડ જેવા દેશના કલાસંગ્રહો એમણે પ્રત્યક્ષ જોએલા છે.

૧૯૬૮માં એમને નૅશનલ ઍવૉર્ડ પ્રાપ્ત થયો. તે પહેલાં ૧૯૬૪માં હૈદરાબાદ આર્ટ સોસાયટીનો ગોલ્ડ મેડલ મળેલો. ૧૯૬૦, ૬૧ અને ૬૩માં કાલિદાસ કલા પ્રદર્શનમાં પણ ઇનામો મેળવેલાં. ઑલ ઇન્ડિયા મ્યુરલ પેઈન્ટિંગ સ્પર્ધામાં પણ એમણે ઈનામ મેળવેલું. મુંબઈ આર્ટ સોસાયટીનાં ઇનામો અને ચંદ્રકો તથા ગુજરાત રાજ્ય લલિત કલા અકાદમીનાં ૧૯૬૨, ૬૩, ૭૭, ૮૬માં પણ ઇનામો લીધાં.

(અનુસંધાન પૃષ્ઠ ૧૯૫ ઉપર)

કુંકાવટી

દેવિકારાણી

સુંદર ચહેરો, વિશાળ ભાલ, તેજસ્વી આંખો, સ્હેજ વાંકડિયા વાળ અને સહુના મનને હરી લેતો અભિનય એટલે દેવિકારાણી. ભારતીય ચલચિત્રોના પર્દા પર પ્રથમ પદાર્પણ કરનાર આ સન્નારી મૂગી અને બોલતી ફિલ્મો વચ્ચેની કડીરૂપ છેલ્લાં પ્રતિનિધિ હતાં. ૧૯૦૮ના માર્ચ માસમાં જન્મેલાં દેવિકારાણી રવીન્દ્રનાથ ટાગોરનાં પરિવારમાંનાં હતાં. પિતા એમ. એસ. ચૌધરી મદ્રાસમાં પ્રથમ એમ. એસ. સર્જન હતા. આમ, પિતાપુત્રીને પોતપોતાના વ્યવસાયમાં પ્રથમ હોવાનું જાણે કુદરતે વરદાન આપ્યું હોય તેવું લાગે છે. ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરવા તેઓ લંડન ગયાં જ્યાં સંગીત, અભિનય અને સ્થાપત્યવિદ્યાનો અભ્યાસ કર્યો. તદુપરાંત વસ્ત્ર-ડિઝાઈનનો અનુભવ પણ મેળવ્યો. ફક્ત ૧૮ વર્ષની ઉંમરે ટેક્ષટાઈલ ડિઝાઈનર તરીકે તેમણે લંડનમાં એક આગળ પડતા સ્ટૂડિઓમાં કમાણી પણ શરૂ કરી. આ દરમિયાન હિમાંશુ રૉય સાથે તેમની મુલાકાત થઈ, જેઓ ત્યાં ફિલ્મનિર્માણનું કામ કરતા હતા. તેમણે દેવિકારાણીને ફિલ્મ લાઈનમાં જોડાવા માટે આમંત્રણ આપ્યું. ફિલ્મનિર્માણના એ સહયોગમાં પોતાનાથી વીસ વર્ષ મોટા હિમાંશુ રૉય સાથે તેમણે જીવન પણ જોડ્યું.

વિદેશમાં હિમાંશું રૉયે વિદેશીઓની સહાયથી બનાવેલી 'કર્મ' ફિલ્મમાં દેવિકારાણીને પર્દા પર ચમકાવ્યાં. ૧૯૩૩ના મે મહિનામાં એ ફિલ્મ લંડનના થીએટરમાં રિલીઝ થઈ અને દેવિકારાણી લંડનની ફિલ્મી દુનિયામાં પ્રસિદ્ધિ પામ્યાં. લંડનના 'Star' સામાયિકે લખ્યું કે દેવિકારાણીને અંગ્રેજીમાં બોલતાં સાંભળવાથી ખબર પડશે કે આવો સુંદર અવાજ, બોલવાની વાક્છટા અને સુંદર ચહેરો જોવાનો કે સાંભળવાનો બીજે ક્યાંય નહીં મળે. આમ, નાની વયે ફિલ્મના કલાક્ષેત્રમાં તેમણે પોતાની આગવી પ્રતિભા ઉપસાવી. બી.બી.સી.એ તો દેવિકારાણીને તેના પ્રથમ પ્રસારણમાં આમંત્ર્યાં અને ભારતમાં રેડિયોના પ્રથમ પ્રસારણના ઉદ્‌ઘાટન પ્રસંગે પણ તેમને નિમંત્રણ મળ્યું. તેઓ હિમાંશુ રૉય સાથે ભારત પાછા ફર્યાં અને ભારતમાં તેમની 'કર્મ' ફિલ્મ હિંદીમાં રજૂ થઈ, જેને લંડન જેટલી જ સફળતા મળી. આનાથી ભારતીય હિંદી ફિલ્મના એક નવા યુગની શરૂઆત થઈ, જેનું પ્રતિબિંબ 'ન્યૂ ટોકિઝ', 'ન્યૂ થિયેટર્સ' અને 'પ્રભાત'ની રજૂ થયેલી ફિલ્મોમાં જોવા મળે છે.

૧૯૨૯માં તે જમાનામાં અદ્યતન ગણી શકાય તેવો સ્ટૂડિઓ મલાડમાં હિમાંશુ રૉયે ઊભો કર્યો જેનું નામકરણ થયું 'બૉમ્બે ટૉકીઝ'. કેટલાંય વર્ષો સુધી ત્યાં ફિલ્મનિર્માણનું કાર્ય થયું. આ સ્ટૂડિઓનું સંચાલન પતિ-પત્ની સાથે કરતાં. હિમાંશુ રૉયના અવસાન બાદ દેવિકારાણીએ એકલા હાથે તેનું સંચાલન કર્યું અને તેમના સંચાલન નીચે 'બંધન', 'પુનર્મિલન', 'ઝુલા', 'બસંત', 'કિસ્મત' વગેરે ફિલ્મોનાં નિર્માણ થયાં. એ જમાનાની એ હીટ ફિલ્મો હતી. દેવિકારાણી હવે પ્રસંગોપાત્ત ફિલ્મમાં ઊતરતાં. તેમના અભિનયની છેલ્લી ફિલ્મ હતી 'હમારી બાત'. પણ તેમણે જે પંદર ફિલ્મોમાં પોતાને ઓતપ્રોત કરી અભિનય આપ્યો હતો એ ફિલ્મો સુપર હીટ હતી. તે જમાનામાં ભદ્ર સ્ત્રીઓ ફિલ્મમાં પ્રવેશી શકતી નહોતી, કારણ લોકોની માન્યતા હતી કે હલકી અને ચારિત્ર્યહીન સ્ત્રીઓ જ ફિલ્મોમાં પરપુરુષ સાથે અભિનય કરી શકે. આ માન્યતા સામે ક્રાંતિ કરનાર ઉચ્ચ કુળનાં દેવિકારાણીએ હિંમત કરી ફિલ્મક્ષેત્રમાં પ્રવેશ કર્યો. આજની



અભિનેત્રીઓએ આ માટે તેમને જરૂર બીરદાવવાં જોઈશે, કારણ કે 'અછુત કન્યા'માં એક હરિજન યુવતિના પાત્રમાં સવર્ણ યુવકના પ્રેમની કથામાં સબળ ભૂમિકા ભજવી તેમણે ક્રાંતિનો જુવાળ ઊભો કર્યો. ૧૯૩૭માં આ વિષયને છંછેડવો તે ભારે જહેમત માંગી લે તેવું હતું. પણ દેવિકારાણી તેમાં વિજયી રહ્યાં. તેમના અભિનયથી પ્રભાવિત થયેલા જવાહરલાલ નેહરુએ તેમને પ્રશંસાથી ભરપુર પત્ર લખ્યો જે દેવિકારાણીએ જીવનપર્યંત સાચવી રાખ્યો હતો. એમને માટે એ મહાન ગૌરવની વાત હતી. 'અછુત કન્યા'નું યુગલગાન

'મૈં બન કી ચીડિયાં બનકે
બન બન બોલું રે
મૈં બનકા પંછી બનકે
સંગ સંગ ડોલું રે'

લોકજીભે રમતું થઈ ગયું હતું. દિલીપકુમારનું પ્રથમ ચિત્ર 'જ્વારભાટા' દેવિકારાણી-નિર્મિત હતું. તેમણે હિંદી ચલચિત્રોને અશોકકુમાર, દિલીપકુમાર, રાજકપુર, નજમલહુસેન, જયરાજ, કિશોર સાહુ, સ્નેહપ્રભા પ્રધાન, લીલા ચીટનીસ, રેણુકાદેવી જેવા કલાકારોનું નજરાણું ધર્યું હતું. તો સિનેજગતને કવિ પ્રદીપ, સરસ્વતી-દેવી અને સંગીતકાર પી. એલ. સંતોષી જેવી હસ્તીઓ તેમની જ દેણગી હતી. તેમની સુપરહીટ

(અનુસંધાન પૃષ્ઠ ૧૮૫ ઉપર)

સાહિત્યસંપર્ક

નિરંજન ભગતનું સન્માન



આ વર્ષે ગુજરાત સાહિત્ય અકાદમી સ્વાયત્ત બની તે જેટલો આનંદનો પ્રસંગ છે તેટલો જ આનંદનો પ્રસંગ છે કલામાત્રની સ્વાયત્તતાના સદૈવ પુરસ્કર્તા નિરંજન ભગતનું સ્વાયત્ત અકાદમીના પ્રથમ વર્ષે જ તેના દ્વારા થતું મૂર્ધન્ય સાહિત્યકાર તરીકેનું સન્માન. ૧૮ મે ૧૯૨૬ના રોજ અમદાવાદમાં લાખા પટેલની પોળમાં દેવની શેરીમાં નિરંજન ભગતનો જન્મ. નગરખોળે જન્મેલા અને ઊછરેલા નિરંજનભાઈ નખશિખ નાગરિક છે. એમનાં વાણી-વર્તન, વિચાર-વિમર્શ, વેશ-વાક્છટા બધાંમાં એમની નાગરિકતા, કહો કે નાગરિક અસ્મિતા, ડોકાયાં વગર રહેશે નહિ. સાચી નાગરિકતાનું એમને મન મહામૂલ્ય છે તો નાગરિકતાની વિકૃતિનું, અવાસ્તવિક અને આભાસી નગરજીવનનું મહાદુઃખ પણ છે. આ તાણમાં જ તેમનાં 'પ્રવાલદ્વીપ'ના કાવ્યગુચ્છનાં બીજ પડેલાં છે. અલબત્ત, બૅદલેર, રિલ્કે, એલિયટ આદિ પશ્ચિમના કવિઓની, વાચનાનુભૂતિએ આ બીજ પોષાયાં છે. કવિ તરીકે આથી જ 'પ્રવાલદ્વીપ'ની રચનાઓ એમનો ચીલો ચાતરતી રચનાઓ છે. પરિણામે ગુજરાતી કવિતા સાહિત્યમાં એમની આ રચનાઓમાં આધુનિકતાની કવિતાનો અરુણોદય છે. એ આધુનિકતાના સંવેદનની સમ્યક્ અભિવ્યક્તિ માટે આ કાવ્યગુચ્છમાં તદનુકૂલ ભાષાભંગિ અને શૈલીસ્વરૂપની મથામણ અને માવજત છે.

જોકે એમની કવનપ્રવૃત્તિનો આરંભ, કોઈ પણ તરુણ-યુવાન કવિમાં થતો હોય છે તેમ, રોમૅન્ટિક રાહે થએલો છે. પ્રેમની પ્રગાઢ અનુભૂતિ, એમાંય મિલનમાધુરી કરતાં વિરહવિષાદની અનુભૂતિ, પ્રગલ્ભ અને પ્રમત્ત રીતે અભિવ્યક્ત થએલી છે. આ કારણે વ્યષ્ટિપ્રેમનાં કેટલાંક ઉત્તમ ઊર્મિકાવ્યો એમની પાસેથી મળ્યાં છે, જે 'છંદોલય', 'કિન્નરી' અને 'અલ્પવિરામ' કાવ્યસંગ્રહોમાં ગ્રંથસ્થ થયાં છે, અને જે આગળ જતાં ૧૯૫૬માંની મહાગુજરાતની ચળવળના નિમિત્તે સંકોરાએલી સંવેદનાથી સમષ્ટિપ્રેમમાં પરિણમી '૩૩ કાવ્યો' નામે સંગ્રહમાં સંગૃહીત થાય છે. એમાં 'એક ચૂમી, / મત્ત પાગલ મેહુલા જેવું ઝૂમી / બસ એક ચૂમી મેં લીધી; / શી સ્વર્ગની જ સુધા પીધી !' - થી 'લાવો તમારો હાથ, મેળવીએ' સુધીનો અનુભૂતિવિસ્તાર સધાય છે.

શાળાજીવનમાં પડેલા કાન્ત-બાલાશંકરના કાવ્યસંસ્કારો સ્વકીય પ્રતિભાને બળે આગવી અભિવ્યક્તિ સાધે છે ત્યારે ત્યાં પણ 'પૂર્વાલાપ' - 'કલાન્ત કવિ'ની છંદોલયરીતિ અછતી રહેતી નથી. આમ, પ્રારંભમાં જ રચનારીતિના કસબની જાણ્યે-અજાણ્યે મળેલી દીક્ષા એમની સર્જનસૃષ્ટિનો વિશેષ બની રહે છે. આકાર વિશેની ચર્ચાની હજુ આબોહવા જ બંધાઈ નહોતી ત્યારે નિરંજન ભગતની કવિતામાં આકારસિદ્ધિનો આસ્વાદ્ય સુફલ ઊતરવો શરૂ થઈ ગયો હતો. અંતસ્તત્ત્વ અને આકારનું સુખદ સારસ્ય એમની ઘણી કાવ્યરચનાઓને કલાકોટિએ પહોંચાડે છે. આવાં સુપરિણામની પાછળ એમનો કલાકીય પુરુષાર્થ કામ કરી રહ્યો હોય છે. એમના પક્ષે આ કલાકીય પુરુષાર્થ એટલે સભાનતા અને સંયમ, આ સભાનતા અને સંયમ એમની પ્રશિષ્ટ કાવ્યરુચિ અને પરિપક્વ સિસૃક્ષાનાં દ્યોતક છે. ગીત, સૉનેટ, મુક્તક કે દીર્ઘકાવ્યમાં સર્વત્ર અને સર્વાંશે આ કલાદૃષ્ટિની ખેવના કોળેલી અનુભવાય છે. આથી એ માત્ર કવિ નહિ, પણ ગણતર કલાકાર કવિઓમાંના એક છે.

એમનો પ્રથમ કાવ્યસંગ્રહ 'છંદોલય', રાતા ચટ્ટક પૂઠામાં, હાથ બનાવટના કાગળમાં, નાગરી ગુજરાતી લિપિના 'રાવત' મરોડમાં, ક્રાઉન કદથી નાના વિશિષ્ટ કદમાં ૧૯૪૯માં પ્રકટ થયો હતો. એ જ વર્ષ દરમિયાન 'કુમાર'માં એમના ઉત્કૃષ્ટ કાવ્યપ્રદાન માટે એમને 'કુમાર' ચંદ્રક એનાયત થયો હતો. ૧૯૫૦માં એમનાં ગીતોનો સંગ્રહ 'કિન્નરી' પ્રકટ થયો, જે ગાળામાં કવિ હરિશ્ચંદ્ર ભટ્ટ સાથેની મૈત્રી અને બળવન્તરાય ઠાકોર સાથેનો, ભવિષ્યમાં મૈત્રીમાં પરિણમનારો, પરિચય એમના સર્જકજીવનની અને મનુષ્યજીવનની બલવત્તર ઘટનાઓ છે. ૧૯૫૩માં એમનો ત્રીજો કાવ્યસંગ્રહ 'અલ્પવિરામ' પ્રકટ થયો હતો. દરમિયાનમાં અભ્યાસ-અર્થે ૧૯૪૬થી ૧૯૪૮ સુધીના મુંબઈનિવાસે અને ત્યાર પછી બીજાં કેટલાંક વર્ષ સુધી મુંબઈ પ્રવાસે એમને નગરજીવનની પ્રગાઢ અનુભૂતિમાં મૂકી આપ્યા હતા. આની ફલશ્રુતિ રૂપે ૧૯૪૬ થી ૧૯૫૬ના દશક દરમિયાન સર્જાયો 'પ્રવાલદ્વીપ'નો કાવ્યગુચ્છ, જે ૧૯૫૭માં પ્રકટ થએલી 'છંદોલય'ની નવી આવૃત્તિમાં સમાવિષ્ટ થયો છે. આ સંગ્રહને ૧૯૫૩ થી ૧૯૫૭ સુધીમાંના શ્રેષ્ઠ પુસ્તક તરીકે ગણી સૂરતની નર્મદ સાહિત્ય સભાએ 'નર્મદ ચંદ્રક' એનાયત કર્યો હતો. દેખીતી રીતે 'મુંબઈ'ને કેન્દ્રમાં રાખી રચાયેલાં વ્યંગ-વક્રતાયુક્ત

વિષાદઘેરાં આ નગરકાવ્યો આજની વિકૃત નગરસંસ્કૃતિનાં પ્રતીક બનીને આવ્યાં છે. ત્યાર પછી કવિ આ અનુભૂતિમાંથી મુક્ત થઈ માનવજાતમાં આશા-અપેક્ષા તરફ વળે છે અને ચોથો કાવ્યસંગ્રહ 'ઉઉ કાવ્યો' ૧૯૫૮માં પ્રકટ થાય છે. ઉક્ત બધા જ કાવ્યસંગ્રહોને એક ગ્રંથમાં સમાવતો 'છંદોલય બૃહત્' ૧૯૭૪માં પ્રકટ થાય છે, જે ગુજરાતીમાં ઑમ્નિબસ - સમગ્ર સંગ્રહ - પ્રકારનો કદાચ પ્રથમ પ્રયત્ન છે. દરમિયાનમાં ૧૯૬૯નો 'રણજિતરામ સુવર્ણચંદ્રક' એમને અપાયો હતો.

આમ, સ્વલ્પ પરન્તુ સત્ત્વશીલ અને સુઘડ કાવ્યોના કવિ નિરંજન ભગવતને આ પ્રસંગે આપણાં અભિનંદન હો !

(૧૭-૩-૧૯૯૪) - ધી. પ.

અવલોકન

આ સદી જાણે અનુવાદની સદી છે. જગતભરમાં અનુવાદનો મહિમા સ્થપાતો જાય છે ત્યારે ગુજરાતી સાહિત્યમાં પણ એ પ્રવૃત્તિ વિકસતી રહી છે. તાજેતરમાં સ્વાતંત્ર્યોત્તર કાળના આપણા મૂર્ધન્ય કવિ રાજેન્દ્ર શાહે વિશ્વસાહિત્યના અનોખા મહાકાવ્ય ડૅન્ટિકૃત 'ડિવાઈન કૉમેડિ'નો 'દિવ્ય આનંદ' નામે અનુવાદ પ્રકટ કર્યો છે તે વધામણીયોગ્ય ઘટના છે.

મૂળ ઇટાલીઅન ભાષામાં રચાએલું ૧૦૦ સર્ગ અને ત્રણ ખંડનું આ કાવ્ય 'ટર્ઝારિમા' છંદ અને ત્રણ ત્રણ પંક્તિની કંડિકામાં રચનાવિધાન પામ્યું છે. રાજેન્દ્ર શાહે એમના માનીતા વસંતતિલકા છંદમાં આનો અનુવાદ કર્યો છે. કાવ્યના હાર્દને બરાબર પામી યુરોપીઅન નામોને આપણા છંદમાં ગોઠવવાં માટે કવિને એ નામોની તોડફોડ કરવી પડી છે તે સ્વાભાવિક છે. આમ છતાં ય મૂળથી તે નામોનાં ઉચ્ચારણો બહુ દૂર ના નીકળી જાય તેની અનુવાદકે કાળજી લીધી છે. કાવ્યના ઉપાડનો અનવાદ જુઓ –

આયુષ્યના સફરમાં
અમ અર્ધ માર્ગે
ન્યાળું મ્હને નિબિડ
કાનન-ધૂંધળીમાં:
જ્યાંથી ચૂક્યો હું પથ તે
નવ પામું સાચો.

છંદની પ્રવાહિતા, ભાષાની ગરિમા અને મૂળ વિચાર-દર્શનનું યથાવત અવતરણ આ અનુવાદને સરસ ઠેરવે છે. અનુવાદને અંતે મૂળમાં આવતાં વિશેષ નામોની વિસ્તૃત સંદર્ભસૂચિ આપી છે તે આ અનુવાદના આસ્વાદમાં ખૂબ જ ઉપકારક થઈ પડે તેવી છે. આવું ભગીરથ કાર્ય હાથ ધરીને પાર પાડવા બદલ કવિશ્રી રાજેન્દ્ર શાહ ખરે જ આપણાં અભિનંદનના અધિકારી છે. ('દિવ્ય આનંદ' - અનુ. રાજેન્દ્ર શાહ; પ્રકા. કવિલોક ટ્રસ્ટ ફૂલ્સકેપ સાઈઝનાં કુલ ૩૦૪ પૃષ્ઠ; ભારે કાગળ, સુઘડ છપાઈ અને પાકા પૂઠાની અમેરિકન બાંધણી. રૂ. ૨૫૦-૦૦. શિક્ષણ સંસ્થાઓ અને સાહિત્ય રસિકોને તે માત્ર રૂ. ૧૫૦ + ટ.ખ. રૂ. ૧૦ (કુલ રૂ. ૧૬૦)માં મળી શકશે. કુમાર કાર્યાલય લિમિ. ૧૪૫૪, રાયપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧ એ સરનામે એમ. ઑ. કરવો.)

પ્રાપ્ત પ્રકાશનો

૧૯૯૪ની પરિચય પુસ્તિકાઓ

જે આર. ડી. તાતા : ભારતની આર્થિક, સામાજિક અને ઔદ્યોગિક પ્રગતિના અજોડ સિદ્ધ સ્વપ્નદૃષ્ટા જેહાંગીર રતનજી દાદાભાઈ તાતાનું હોરમઝદિયાર દલાલે લખેલું ટૂંકું વિગતસભર ચરિત્ર.

ભારતની ફિલ્મ સોસાયટીઓ : કલાના માધ્યમ તરીકે અને દિગ્દર્શકના સંવેદનશીલ સર્જન તરીકે ફિલ્મનું યોગ્ય સમજપૂર્વક આસ્વાદન કરવા-કરાવવાના ઉદ્દેશથી તથા સારા વાતાવરણમાં સરખા શૉખીન સંગાથીઓ સાથે દેશપરદેશની ઉત્તમ ફિલ્મો માણવા - સમજવાના હેતુથી સ્થપાયેલી ભારતની ફિલ્મ સોસાયટીઓનો ઇતિહાસ, તેનું કાર્ય અને તેનું મહત્ત્વ સમજાવતી માહિતીપ્રદ પુસ્તિકા. લેખિકા : તરલા મહેતા.

ગીતાપરિચય : મહાભારતના એક અંશ અને નિત્યપાઠને યોગ્ય એવા તથા ભારતીય સંસ્કૃતિના સારરૂપ ગ્રંથ ભાગવદ્-ગીતા વિશે અનેકવિધ દૃષ્ટિકોણથી માહિતીપ્રદ પુસ્તિકા. લેખક: યોગેશ પટેલ.

પ્રત્યેક પુસ્તિકાનાં પૃ. ૩૨, કિંમત દરેકના રૂ. ૪. પ્રકાશક : પરિચય ટ્રસ્ટ, મહાત્મા ગાંધી મેમૉરિયલ બિલ્ડિંગ, નેતાજી સુભાષ રોડ, ચર્ની રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૨

સાંપ્રત સહચિંતન - ભાગ-૪ : શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્ર 'પ્રબુદ્ધ જીવન'ના તંત્રી તરીકેનાં વર્ષો દરમિયાન શ્રી રમણલાલ ચી. શાહે સાંપ્રત વિષયો પર લખેલા લેખોમાંના સાઠેક જેટલા લેખોના સંપાદનો બાદ નવો સંગ્રહ વિધવિધ વિષયો પરત્વેના લેખકના આગવા વિચારણીય અને મનનીય એવા લેખો દ્વારા વિચારશીલ વાચકોને સારો ખોરાક પૂરો પાડી રહેશે.

ક્રાઉન ૧૮૨ પૃ., પાકું પૂઠું, ૨૪ રૂ., પ્રકાશક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪

અનુસંધાન] કલાવાર્તા [પૃ. ૧૯૨ પરથી

ઑલ ઇન્ડિયા ફાઈન આર્ટ્સ ઍન્ડ ક્રાફ્ટ સોસાયટીનાં ઇનામો પણ તેમને મળ્યાં છે.

ભારત ઉપરાંત, સિંગાપોર, બોસ્ટન, લંડન, એડિનબર્ગ વગેરેમાં પણ એમનાં વન મૅન શો થયા છે. મુંબઈ, દિલ્હી અને નેપાળમાં ગ્રૂપ શોમાં પણ એમની કૃતિઓ રજૂ થઈ છે.

પાર્લામેન્ટ હાઉસ (દિલ્હી)માં ભીંતચિત્ર બનાવવામાં પણ એમણે ભાગ લીધેલો છે. વડોદરામાં પણ એમણે મ્યુરલ્સ કરેલાં છે. પૅરિસમાં બાએનલ તથા ટ્રાએનલમાં પણ એમણે ભાગ લીધેલો છે. લંડનના ત્રીજા વિશ્વ કલાપ્રદર્શનમાં યે એમણે ભાગ લીધો છે અને કલાશિબિરોમાં પણ ભાગ લેતા રહ્યા છે.

હવે તો તેઓ ફરજમાંથી નિવૃત્ત થશે ત્યારે પણ તેમનું કલાસર્જન આવું જ રંગભર્યું સૌંદર્યદર્શન કરવાતું રહે તેવી શ્રદ્ધા રહે જ છે.



પવન ગૂંચળું ખાઈ પડ્યો,
ને સુક્કાં કેર ઊડે !
કાંટા કાંટા બની સૂરજ
આ ખૂંપ્યો ઊંડે ઊંડે,
આંખ ઊંટનાં કદમ બનીને
ઝરડાતી... વિસ્તરતી...
ભાનુપ્રસાદ ત્રિવેદી



ટ્યુનિશિયાના રણમાં પાણીની ખેંચ હશે પણ ત્યાં પુષ્કળ તેલ છે અને તેથી ત્યાં પાણી કરતાં પેટ્રોલ વધુ આસાનાથી મળી રહે છે. સાથોસાથ આવા રણદ્વીપ સમા પેટ્રોલપંપ પાસે ક્યારેક એવું પણ વાંચવા મળે કે આગળના ૧૦૦૦ માઈલ સુધીમાં પેટ્રોલ ભરી લેવા માટે આ છેલ્લો પેટ્રોલ પંપ છે. રણના આકરા તાપતડકામાં છાંયા માટે એ આવી માટીની મઢૂલી દ્વારા રક્ષણ અપાય છે. વેરાન વગડા વચ્ચે ઊભી કરેલી કોઈ દેરી કે કોઈ સમાધિ જેવા આ પેટ્રોલપંપ લાગે. ચિત્રમાં દૂર કોઈ બીજા હરીફ વેપરીનો પેટ્રોલપંપ કે ફિલિંગ સ્ટેશન હોઈ શકે.

નૃત્યસમ્રાટ ગોપીકૃષ્ણની વિદાય

૧૭ ફેબ્રુઆરી, ૧૯૯૪ની રાત્રે સાડા અગિયાર વાગે ભારતીય ચલચિત્ર જગતના વિખ્યાત નૃત્યનિર્દેશક-નૃત્યકાર, જાણીતી નૃત્યસંસ્થા 'નૃત્ય કલામંદિર'ના પ્રણેતા અને નિયામક ગોપીકૃષ્ણનું નિધન થતાં કથક નૃત્યની પરંપરાના એક નોખા સિતારાની વિદાય થઈ છે. ભારતીય સંસ્કૃતિમાં નૃત્યનું સ્થાન આગવું છે અને વિવિધ શૈલીના અનેક નૃત્યકારો એમની કળાને અવારનવાર અભિવ્યક્ત કરતાં રહે છે. આ બધામાં ગોપીકૃષ્ણને વિશિષ્ટ રીતે યાદ કરવા પડે છે તે એમની અપૂર્વ સિદ્ધિનાં સંદર્ભે. સતત નવ કલાક અને વીસ મિનિટ નૃત્ય કરીને ગોપીકૃષ્ણે નૃત્ય જગતમાં વિશ્વવિક્રમ સ્થાપ્યો હતો અને એમ પોતાની અપૂર્વતાને સિદ્ધ કરી હતી. એ સાથે જ વિશ્વમાં એક અચ્છા નૃત્યકારની નામના મેળવી હતી. આ અપૂર્વતા પછી પણ એમની નૃત્યસાધના તો ગતિશીલ જ રહી હતી.

વી. શાંતારામના 'ઝનક ઝનક પાયલ બાજે'માં મહત્ત્વની ભૂમિકા ભજવીને ચલચિત્ર જગતમાં નામના મેળવનાર ગોપીકૃષ્ણનો જન્મ ૨૨, ઑગસ્ટ ૧૯૩૩માં ગોકુળ-અષ્ટમીના દિવસે બંગાળની સંસ્કારનગરી કલકત્તામાં થયો હતો. માત્ર ત્રણ વર્ષની નાજુક વયે તો એમનું મન નૃત્ય પ્રતિ ગતિ કરતું થઈ ગયું હતું, તે જીવનના અંત લગી નૃત્ય જ એમની આંતરરુચિ રહ્યું.



બનારસ ઘરાનાના ઉસ્તાદ સુખદેવ મહારાજ એમના ગુરુ હતા. એ જ એમના દાદા. માતા તારાદેવી તો ઠુમરીના ગાયિકા, તો માશી સિતારાદેવી કથક નૃત્યના સામ્રાજ્ઞી. આમ, નૃત્ય-સંગીત એમને સંસ્કારમાં મળ્યાં હતાં અને તે ય શિષ્ટ. આથી બાળપણમાં જ એમનામાં પાંગરતા કળાકારને-નૃત્યકારને પોષણ મળ્યું.

ગોપીકૃષ્ણમાં રહેલો નૃત્યકાર સતત પલ્લવિત થતો ગયો. માત્ર ૧૪ વર્ષની મુગ્ધાવસ્થામાં ગોપીકૃષ્ણે મધુમાલા સાથે 'સાકી' નામક ચલચિત્રમાં નૃત્યનાટિકાના સંયોજકનું કાર્ય કર્યું. 'નીચાગર'માં એમણે થાપી નૃત્ય કરેલું. 'કામદેવ-રતિ'માંની એમની ભૂમિકા દીર્ઘકાળ લગી યાદગાર રહેશે. નૃત્યકાર ગોપીકૃષ્ણ ધીમે ધીમે નૃત્ય નિર્દેશક થતા ગયા. નાની વયથી જ ચલચિત્રોમાં એમણે નિર્દેશનનું કામ શરૂ કર્યું હતું.

મુગલ-એ-આઝમ, આમ્રપાલી, સંઘર્ષ, કિનારા, મહેબૂબા, ઉમરાવજાન ઇત્યાદિ ચલચિત્રોની લોકપ્રિયતામાં ગોપીકૃષ્ણના

નૃત્ય નિદર્શનનો મોટો ફાળો હતો. એ દ્વારા ગોપીકૃષ્ણે પોતાની નૃત્યસાધનાનું પ્રમાણ આપ્યું. પ્રજામાં નૃત્યની શિષ્ટ પરંપરાને પ્રચલિત કરી. એમાં એમનો શ્રમ અને નૃત્યનિષ્ઠા જ સુપેરે છતાં થાય છે. ચલચિત્ર જગતની સુપ્રસિદ્ધ અભિનેત્રીઓ - મધુબાલા, વહીદા રહેમાન, વૈજયંતીમાલા, આશા પારેખ, હેમામાલિની, રેખા, ડિમ્પલ કાપડીઆ ઇત્યાદિ- ને નૃત્યની તાલીમ આપનાર ગોપીકૃષ્ણને મન નૃત્ય જ સર્વસ્વ હતું. એ જ એમનું જીવન, એ જ એમની સાધના, એ જ એમનું સાધ્ય. 'હીના'ની નાયિકા ઝેબા બખ્તિયારે પણ ગોપીકૃષ્ણ પાસે નૃત્યની તાલીમ લીધી હતી. અંતિમ વર્ષોમાં ટી.વી. સિરીયલ 'ધ ગ્રેટ મરાઠા'માં એમનું યોગદાન હતું.

ગોપીકૃષ્ણે માત્ર ચલચિત્રોમાં જ નૃત્યનું નિદર્શન નહોતું કર્યું. અલગ અલગ વિષયોની નૃત્યનાટિકાઓમાં એમની કળાનો યોગ લાધ્યો હતો. આમ, એમણે નૃત્યને કળા રૂપે જનસામાન્ય સુધી પહોંચાડ્યું હતું. નૃત્યની આવી અપાર સાધનાનું ગૌરવ કરવા ભારત સરકાર દ્વારા એમને પદ્મશ્રીનો ઍવોર્ડ એનાયત થયો હતો. અલ્હાબાદની 'પ્રયાગ સંગીત સમિતિ'એ 'નૃત્ય સમ્રાટ'નો ઍવોર્ડ આપીને એમની કળાનું બહુમાન કર્યું હતું. બંગાળની સંગીત પરિષદે 'નટરાજ'નું બિરુદ આપીને ગોપીકૃષ્ણની નૃત્યસાધનાને વખાણી હતી.

ગોપીકૃષ્ણના નામસ્મરણ સાથે જ એમની નૃત્યભંગિનું દર્શન થયા વગર રહેતું નથી. ભારતીય નૃત્ય પરંપરાના એ પુરસ્કર્તા હતા. એમણે સ્થાપેલી 'નૃત્ય કલામંદિર' સંસ્થા દ્વારા અનેક વ્યક્તિઓને એમણે પોતાનો વારસો આપ્યો છે. ગોપીકૃષ્ણના નિધનથી નૃત્યની તાલીમ આપનાર એક નૃત્યજ્ઞ દેશે ગુમાવ્યો છે. - પ્રફુલ્લ રાવલ

સમાચાર-કસોટી

લોકોને દેશ અને દુનિયાના ચાલુ બનાવોની પૂરતી જાણકારી મળતી રહે અને તે રીતે લોકોની કેળવણી પણ થતી રહે એવી ભાવનાથી ભાવનગરના લોકમિલાપ ટ્રસ્ટે છેલ્લાં થોડાં અઠવાડિયાંના કેટલાક સમાચારો પરથી સવાલજવાબ રૂપે એક સુંદર સંકલન કર્યું છે. તેમાંથી ઉદાહરણ રૂપે અહીં કેટલા સવાલ - જવાબ ઉતાર્યા છે. એ જોતાં એનું મહત્ત્વ અને ઉપયોગિતા સમજવા સાથે કંઈક નવું જાણવા પણ મળશે. -સંપાદક

૧. દુનિયાની ૧૬ ટકા જેટલી વસ્તી ધરાવતા ભારતને ભાગે પૃથ્વીની જમીનનો કેટલો હિસ્સો આવે છે ?

૨. ભારતનાં બધાં રાજ્યોમાં સહુથી વધારે ગરીબી ક્યાં છે ?

૩. દુનિયાભરમાં ૬ થી ૧૭ વરસ સુધીનાં સવા અબજ જેટલાં બાળકો નિશાળે જાય છે. ફ્રાંસ, કૅનેડા, ફિનલૅંડ, નોરવે અને બેલ્જીઅમ જેવા દેશોમાં નિશાળે જતી છોકરીઓનું પ્રમાણ લગભગ છોકરાઓ જેટલું છે. તો ચાડ ને ગિની જેવા આફ્રિકન દેશોમાં ને અફઘાનિસ્તાનમાં છોકરાઓના પ્રમાણમાં ચોથા-પાંચમા ભાગ જેટલી છોકરીઓ ભણવા જઈ શકે છે. ભારતમાં એ પ્રમાણ કેટલું છે ?

૪. આ દેશનાં હવાપાણી અને જમીનમાં વધુમાં વધુ પ્રદૂષણો ફેલાવનારાં ખાનગી ને સરકારી માલિકીનાં ૧૫૦૦ જેટલાં કારખાનાં છે, તે મુખ્યત્વે કયા ઉદ્યોગોનાં છે ?

૫. મહારાષ્ટ્રના પેણ તાલુકામાં આવેલાં વિનોબા ભાવેના જન્મસ્થાનમાં, એ રાજ્યના આવાસ વિકાસ મંડળના ગાંધીવિચારવાળા પ્રમુખે હમણાં કયો નવો પ્રયોગ શરૂ કરેલો છે, જે આખા ભારતની ગ્રામજનતાને, ખાસ કરીને બહેનોને, મોટા આશીર્વાદરૂપ બની શકે તેવો છે ?

૬. દિલ્હીમાં ભરાયેલા ૧૯૯૪ના અગિયારમા વિશ્વ પુસ્તક મેળામાં દેશવિદેશના ૯૫૦ જેટલા પ્રકાશકોએ ભાગ લીધેલો. ત્યાં તેમણે પ્રદર્શિત કરેલાં લાખો પુસ્તકોમાંથી વધુમાં વધુ કઈ ભાષાનાં હતાં ?

૭. વિદેશોમાં ભારતીય પુસ્તકોનો ફેલાવો કરવા માટેનું પહેલવહેલું પારિતોષિક હમણાં કોને આપવામાં આવ્યું ?

૮. હમણાં ૮૧ વરસની વયે જેનું અવસાન થયું, તે સાહસકથાઓના ફ્રેંચ લેખક પિયેર બુયેએ ત્રીસેક પુસ્તકો લખેલાં, તેમાંથી એકની મશહૂર અંગ્રેજી ફિલ્મ ભારત સહિત અનેક દેશોમાં સારો આવકાર પામેલી તે કઈ ?

૯. ત્રણ કરોડ રૂપિયાને ખર્ચે પાંચ ભાષામાં તૈયાર થનારી એક ભારતીય ફિલ્મ આવતા જુલાઈ સુધીમાં રજૂ થવાની છે. સંસ્કૃત ચલચિત્ર 'આદિ શંકરાચાર્ય'માંના પોતાના અભિનય માટે ૧૯૯૧નું રાષ્ટ્રિય સન્માન મેળવનાર સર્વદમન બૅનરજી ઉપરાંત નસીરુદ્દીન શાહ, હેમા માલિની તથા તનુજા તેમાં કામ કરશે. રામકૃષ્ણ મઠમાં રહેતાં સુચિત્રા સેન પણ, મઠની રજા મળશે તો, તેમાં ભૂમિકા ભજવશે. લતા મંગેશકર, આશા ભોંસલે, યેસુદાસ, કવિતા કૃષ્ણમૂર્તિ અને અલકા યાજ્ઞિકનાં આઠ ગીતો અને સલિલ ચૌધરીનું સંગીત તેમાં હશે; જુહી ચાવલા તથા ભાનુપ્રિયાનાં ચાર નૃત્યો હશે. ૧૨મી જાન્યુઆરીના મંગલ દિને જેનું શૂટિંગ શરૂ થઈ ગયું તેવી એ ફિલ્મ કોના જીવન વિશેની હશે ?

૧૦. એક કાળે રૂપેરી પરદાનાં જગમશહૂર અભિનેત્રી બ્રિગીન બારદોત ફ્રાંસમાં રહે છે ત્યાં તાજેતરમાં તેમને ખૂનની ડઝનબંધ ધમકીઓ મળી છે તે શા કારણે ?

૧૧. એકવીસમી સદીમાં અથવા તેથી પણ પહેલાં, યુદ્ધના પ્રકારમાં ક્રાંતિકારી ફેરફારો કરી શકે એવાં કયાં નવાં શસ્ત્રો માટેનું સંશોધન અમેરિકન સરકારે હમણાં હાથ ધર્યું છે ?

૧૨. ગુનેગારોને જાહેરમાં ફાંસી આપવાની રસમ કયા દેશની સરકારે હમણાં બંધ કરી છે ?

૧૩. અમેરિકન સમાજમાં જ નહિ, કુટુંબોમાં પણ વ્યાપક પ્રમાણમાં થઈ રહેલી હિંસા માટે મધર ટેરેસા શેને કારણભૂત માને છે ?

૧૪. ઓરિસ્સાના લોકોની ઉડિયા ભાષા એ તો માત્ર બંગાળીની એક બોલી જ છે, એવો દાવો કરીને દોઢેક સૈકા પહેલાં બંગાળીને જ ઓરિસ્સાની રાજભાષા તરીકે ઠોકી બેસાડવા માગતા બંગાળી જમીનદારો અને અમલદારોનો મક્કમ સામનો કરીને ઉડિયા ભાષાને બચાવી લેનાર કયા મહાન સાહિત્યકારની ૧૫૦મી જન્મજયંતી હમણાં ભારતની સાહિત્ય અકાદમી તરફથી ઊજવવામાં આવી હતી ?

૧૫. ઘરભંગ થયેલો એક આદમી, પાંચમા ધોરણમાં ભણતી પોતાની દીકરીને નિશાળમાંથી ઉઠાડી લે છે. પોતે ખેતરમાં મજૂરી કરતો હોય ત્યાં રોટલા ઘડીને પહોંચાડનારું કોઈક એને જોઈએ છે. ઘેર ઘરડી આંધળી મા છે તે દીકરાને ઠપકો આપતાં કહે છે, "એ કામ હું કરીશ." ખિજાઈને દીકરો બોલે છે : "તમે ક્યાંથી કરી શકવાનાં હતાં ? - તમે તો આંધળાં છો !" માતા એટલું જ કહે છે : 'બેટા, હું આંધળી છતાં જે ભાળું છું તે તું છતી આંખે પણ કેમ નથી જોતો ?" આટલું શબ્દચિત્ર કયા દેશના ટેલિવિઝન પરથી નિયમિત પ્રસારિત થાય છે ?

૧૬. વિદેશી કારખાનેદારો માટે ભારતના દરવાજા ખુલ્લા ફટાક કરી દેતી સરકારની નવી નીતિને પરિણામે કોકા-કોલા, 'પોટેટો ચિપ્સ' 'ફ્રાઈટ ચિકન' જેવી ધૂળરાખ પરદેશી બનાવટો આ દેશમાં ફેલાવા લાગી છે; હવે અહીં છાણની નિકાસ કરવાની યોજના કયો દેશ વિચારી રહ્યો છે ?

સમાચાર–કસોટીના જવાબો

૧. પૂરા અઢી ટકા જેટલો પણ નહિ.

૨. ઓરિસા, જ્યાં લગભગ ૫૬ ટકા વસ્તી ગરીબીની રેખા હેઠળ જીવે છે. પછી આવે બિહાર, જ્યાં ૫૩ ટકા જેટલા લોકો ગરીબીની રેખા હેઠળ પડેલા છે. આખા દેશ માટે એ પ્રમાણ ૪૦ ટકા જેટલું હશે.

૩. છોકરાઓ કરતા અરધી જ છોકરીઓ.

૪. ખાંડ, કાગળ, રંગો, સીમેન્ટ, રાસાયણિક ખાતરો, જંતુનાશકો, લોખંડ-પોલાદ, એલ્યુમિનિયમ, ઔષધો અને પેટ્રોકેમિકલ્સના ઉદ્યોગો.

૫. બોક્સાઈટમાંથી બનેલાં સસ્તાં શૌચાલયો દાખલ કરવાનો.

૬. અંગ્રેજી ભાષાનાં.

૭. ભારતીય પુસ્તકોની નિકાસ માટે સાઉથ એશિયા બુક્સ નામની મોટી પેઢી ચલાવતા અધ્યાપક બેરિયરને.

૮. 'બ્રિજ ઑન ધ રિવર ક્વાઇ' (ક્વાઇ નદીનો પુલ).

૯. સ્વામી વિવેકાનંદના જીવન વિષેની.

૧૦. ગોમાંસ મોંઘું થતું જતું હોવાથી ફ્રાંસના લોકો થોડાં વરસોથી ઘોડાનું માંસ વધારે ખાવા લાગ્યા છે. પણ એ ખાવામાં જોખમ છે અને ઘોડાની અનૈતિક કતલ થઈ રહી છે, એમ જાહેર કરીને બ્રિગીતબેને લોકોને ઘોડાના માંસનો બહિષ્કાર કરવાની અને સરકારને તેની પર પ્રતિબંધ મૂકવાની અપીલ ટેલિવિઝન પરથી કરેલી; તેથી રોષે ભરાયેલા ખાટકીઓ તરફથી તેમને ધમકીઓ મળી છે.

૧૧. દુશ્મનને જાનથી ન મારી નાખે, છતાં તેને પરવશ બનાવીને મહાત કરે એવાં શસ્ત્રોની શોધ હવે કરવાની અમેરિકન સરકારની ધારણા છે. જેમ કે એવી બંદૂક કે જેની ગોળી માણસનો જીવ લેવાને બદલે બેહોશ બનાવે; એવા યંત્રો જે રાક્ષસી કોલાહલ મચાવે. અને કમ્પ્યૂટરનાં એવાં જંતુઓ જે દુશ્મન દેશના સમસ્ત વીજળિક અને ઇલેક્ટ્રોનિક તંત્રને સમૂળગું ઠપ કરી દઈને તેને શરણે આવવાની ફરજ પાડે.

૧૨. લશ્કરી સરમુખ્યાર ઝિયા-ઉલ-હક્‌ની અગિયાર વરસની હકૂમત દરમ્યાન અનેક લોકોને જાહેરમાં હજારો પ્રેક્ષકોની સન્મુખ ફાંસીએ લટકાવવામાં આવેલા. બેનઝીર ભુટ્ટોની ચૂંટાયેલી સરકારે તાજેતરમાં તેના પર પ્રતિબંધ મૂક્યો છે.

૧૩. પાટનગર વૉશિંગ્ટનની એક પ્રાર્થનાસભામાં હમણાં ગર્ભપાત વિષે બોલતાં ૮૩ વરસનાં એ નોબેલ પારિતોષિક વિજેતાએ કહ્યું કે, 'માતા પોતાના જ ઉદરમાંના બાળકની હત્યા કરી શકે તે જો આપણે માન્ય રાખતા હોઈએ, તો પછી એકબીજાનાં ખૂન ન કરવાની શિખામણ બીજા લોકોને આપણે કેવી રીતે આપી શકીએ ? ગર્ભપાતને જે દેશ માન્ય રાખે છે તે પોતાની પ્રજાને પરસ્પર ચાહતાં નથી શીખવતો, પણ પોતાને ફાવતું મેળવવા માટે હરકોઈ હિંસા કરવાનો રસ્તો દેખાડે છે.' (અમેરિકામાં વરસે લગભગ ૧૬ લાખ ગર્ભપાતો થાય છે; ગર્ભપાત કરાવવાના સ્ત્રીઓના અધિકારના હિમાયતી રાષ્ટ્રપતિ ક્લીંટન આ સભામાં હાજર હતા.)

૧૪. ફકીર મોહન સેનાપતિ.

૧૫. બાંગ્લાદેશના ટેલિવિઝન પરથી.

૧૬. પશ્ચિમ યુરોપને કાંઠે આવેલા દેશ નેધરલેન્ડની એક વેપારી પેઢી ભારતમાં દર વરસે પોણા એક કરોડ ટન જેટલું ગાયનું છાણ ને ભૂંડની લાદ નિકાસ કરવા માગે છે. એક ભારતીય પેઢીના સહકારથી લગભગ રૂ. ૧૩ અબજના રોકાણવાળી 'છાણ-શક્તિ અને ખાતર કંપની' શરૂ કરવાની તેની યોજના છે. ❑

કબીર થોડા જીવના, માંડે બહુત મંડાન;
સબ હી ઊભા મેલ્હિ ગયા, રાવ રંક સુલતાન.

'કુલી' ચલચિત્રનું શૂટિંગ ચાલતું હતું તે દરમિયાન ઝપાઝપીના દૃશ્યમાં તે ચિત્રના નાયક અમિતાભ બચ્ચનને ગંભીર ઈજા થયેલી તે વાત જાણીતી છે. આ ઈજાને કારણે ઘણો સમય અમિતાભને તબીબી સારવાર લેવી પડેલી. ચલચિત્રનું શૂટિંગ અટકી ગયેલું. એ સારવારમાં અમિતાભને સારો એવો ખર્ચ થયો. પણ એ ખર્ચની પાઈએ પાઈ મનજીભાઈએ ચૂકવી આપેલી અને કહેલું કે મારા ચિત્રનિર્માણ દરમિયાન આ ઈજા થઈ છે તેથી તે બધી જવાબદારી મારી છે. નૈતિકતાનો કેવો ઊંચો ખ્યાલ ! આ મનજીભાઈ એટલે તાજેતરમાં જ જેમનું નિધન થયું તે ફિલ્મનિર્માતા મનમોહન દેસાઈ !

છોલેપૂરી બનાવતી વખતે કાબૂલી ચણાને વધુ ઘેરા રંગના બનાવવા માટે તેને બાફતી વેળાએ એક કપડામાં ચાની પત્તી બાંધીને પાણીમાં મૂકી દેવાથી ઘેરા રંગના અને સ્વાદિષ્ટ બનશે.

શાંગહાઈના એક ચીનાએ ૨૭ વર્ષ સુધી પોતાનો નખ વધાર્યો હતો જે અંતે ઈ.સ. ૧૯૧૦માં પોણા ત્રેવીસ ઈંચ લંબાઈનો થયાનું નોંધાયું છે.

જગતભરમાં પોપટની ૩૨૮ જાતો છે. સામાન્ય રીતે કોઈ પોપટ માંસાહારી નથી. કેવળ ન્યૂઝીલૅન્ડના 'કી' જાતના પોપટ જ માંસાહારી છે, અને તેની ચાંચ લોખંડના હૂકના આકારની છે. આ પોપટ ઘેટાંને મારીને ખાય છે.

ટામેટાં સહેજ કચાશ પડતાં હોય તો તેની સાથે બે-ત્રણ કાંદા મૂકવાથી ટામેટાં બીજા દિવસે પાકી જાય છે.

તળેલી વસ્તુને વધારે દિવસ રાખવી હોય તો તાવડીમાં તેલ ગરમ થાય ત્યારે એકાદ ચમચી ચોખ્ખું ઘી નાખી વસ્તુ તળવી. આમ તળેલી વસ્તુ જલદી ચીકણી થઈ જતી નથી.

લૉન્ગ આઈલૅન્ડના કિનારેથી એક માછીમારે પકડેલી શાર્ક માછલીનું વજન ૧૧,૫૭૦ કિલો હતું.

જાણો છો કે મૂળ સાત રંગ છે અને તેના વિવિધ મિશ્રણથી કુલ ત્રણ લાખ જાતના રંગો તૈયાર કરી શકાય છે ?

મલેશિયાના પિનાંગ નગરમાં રસ્તા પર ગમે ત્યાં કચરો ફેંકનારનો રૂપિયા ૨૪૦ દંડ થાય છે !

કપડાં પર તેલ-ઘી જેવા ચીકણા પદાર્થના ડાઘ પડ્યા હોય તો તે કપડાંને સોડાવાળા ગરમ પાણીમાં અર્ધો કલાક બોળી રાખવાં અને પછી ધોવાથી ડાઘ જતા રહેશે.

કોયલ પક્ષીમાં માદા કરતાં નરની સંખ્યા છ ગણી હોય છે.


ફ્રાન્સમાં ગયા નવેમ્બર માસથી ધૂમ્રપાનના નિષેધના કાયદાનો અમલ શરૂ થયો છે. આ માટે લેવાયેલા મતદાનમાં ૮૫ ટકા લોકોએ આ કાયદાને ટેકો જાહેર કર્યો હતો. ૬૫ ટકા લોકો તો ગમે તે ભોગે ઉક્ત કાયદાને અમલી બનાવવાની તરફેણમાં હતાં. આ કાયદા અન્વયે જાહેર વાહનોમાં, ઑફિસોમાં અને રેસ્ટોરાંઓમાં ધૂમ્રપાન નિષેધ ફરમાવવામાં આવ્યો છે. આ કાયદાનો ભંગ કરનાર હોટેલોને ૧૨૦૦ ડૉલર દંડ તથા કેદની સજા ફરમાવવામાં આવે છે. વ્યક્તિગત દંડ ૧૨૦ થી ૨૬૦ ડૉલર સુધીનો થાય છે. ઍર ફ્રાન્સે પણ તેનાં વિમાનોમાં ધૂમ્રપાન પર પ્રતિબંધ મૂક્યો છે.

જાણો છો કે અમેરિકાને યૂનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકા નામ અપાયું છે તે ૩૦ રાજ્યો મળીને અપાયું છે ?

આપણે જ્યારે ડાબી કે જમણી બાજુ જોઈએ છીએ ત્યારે આપણી બન્ને આંખના ડોળા એક જ દિશામાં ફરે છે. કાચંડાની બન્ને આંખના ડોળા એક જ વખતે ડાબી અને જમણી બન્ને અલગ અલગ દિશામાં જોઈ શકે છે.

કલાકણિકા : રક્ષક દેવતા. ન્યૂયૉર્કમાં તાજેતરમાં વેચાયેલી હાથીદાંતની ચારેક ઈંચ ઊંચી ચીનની એક પ્રાચીન પ્રતિમા.





આંગણ (એચિંગ)